કારતક ૧૯૮૭નું

1930 - Nov.

કુમાર

તંત્રી : રવિશંકર રાવળ

અંક ૮૩



સેવા કરે દેશની સૂત્ર તાણી
બોલે વિવેકે ભરી વીર વાણી
સંતુષ્ટ ને પુષ્ટ સમાજ આવો
લેજો નવે વર્ષ સ્વરાજ-લ્હાવો

આવતી કાલનાં નાગરિકોનું માસિક

આવતા મહીને

માગશરનો અંક એ આ વર્ષનો તમારો છેલ્લો અંક. એ ન ખોવો હોય તો આ અંક સાથે ચોડેલી પત્રિકા અવશ્ય ભરી મોકલો.

'સર્વનાશ' એ અજંતાની એક જગવિખ્યાત કલાકૃતિ છે. 'કુમાર'ના માગશર અંકના પૂઠા પર એનું મોટું રેખાંકન આવશે.

ગુજરાતનાં સૌંદર્યધામોનો વિશિષ્ટ-સુંદર શૈલિમાં પરિચય કરાવનાર 'સૈનિક' આવતા અંકમાં તમને 'માથેરાન' લઈ જશે.

'અવાજની અસર' આપણું આયુષ્ય ઓછું કરે છે તે જાણો છો? એ આશ્ચર્યકારક વાત માગશરના અંકમાં વિસ્તારથી સમજાવી છે.

કનુ દેસાઇનું એક નવું જ એરંગી છાયાચિત્ર આવતા અંકનું ખાસ આકર્ષણ છે

કુમાર

કારતક ૧૯૯૭


અંક ૮૩

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

લેખકો: જેઓને ઊગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પૂરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



અજંતાના કલામંડપ

જગતની સર્વોચ્ચ કલાસમૃદ્ધિ સાચવી બેઠેલી એ વિહાર-ગુફાઓમાં આજથી સૈકાઓ પહેલાં બૌદ્ધ સાધુઓ ધ્યાન, પૂજન અને ચિંતન કરતા વસતા હશે ત્યારે એ સૃષ્ટિ કેવી સજીવ હશે તેની કલ્પના આજનાં ખંડિયેરોમાં પૂરીને મુંબાઇ સ્કૂલ ઑફ આર્ટના પ્રિન્સિપાલ મિ. ગ્રિફિથે ઉપજાવેલા મૂળ ચિત્ર પરથી રવિશંકર રાવળે આલેખેલી અનુકૃતિ

[સર ચીનુભાઇના કલાસંગ્રહમાં]

આવતી કાલનાં નાગરિકોનું **કુમાર** માસિક

કારતક

ઓગણીસ સો સત્યાશી

સાફલ્યટાણું

[સ્રગ્ધરા]

વીણાનાં ગાન થંભે, નિજનિજ વ્યવહારો તજી વિશ્વ દેખે,
આંખો આશ્ચર્યઘેરી સમયગતિતણે ચિન્તને જૈ વિરામે:
સૂતેલા આજ જાગે, નયનથી નિરખી જાગતા લોક દોડે,
દોડેલા ત્યાં ઝઝૂમે, અડગ કદમ ત્યાં ઝૂઝતા સિદ્ધિ પામે.

વિદ્યુત્વેગે મુમુક્ષા, અણુઅણુ પ્રસરે લોક આબાલવૃદ્ધે;
વ્હાલાંનાં વ્હાલ, તાજાં તનુજ કુસુમ શાં, ચિત્તની કૈં મહેચ્છા,
સિદ્ધિઓ ઝિન્દગીની, રજરજ કરીને સંચિયા દ્રવ્યઓઘો,
પ્રાણોઉત્કર્ષશોખી ઘસીઘસી જનનીઅંચળે આવી પૂગે.

આવે આવે ફરી સૌ દિવસ રજની એ સૂર્ય, એ ચંદ્ર ઊગે,
આવે સંપત્તિ પાછી, સુખમય સમયો આવતા, ઝિન્દગીઓ
આવે એકેક પાછી, મરણ પણ મળે કેટલાં કીર્તિમીઠાં,
રે આ સાફલ્યટાણું યુગયુગ પલટે તોય પાછું ન આવે.

વ્હાલાં! આ લ્હાવ મોંઘો, ધન, બલ, ગુણની સિદ્ધિથી યે મહાન,
મોંઘેરો જીવનોથી વિરલ યશભર્યાં મૃત્યુથી યે મહાન.

'સુન્દરમ્'



દેશની તાકાત તવાઇ રહી છે. જગત-માં સુધરેલી કહેવાતી પ્રજાનું શાસન હિંદની સ્વતંત્રતાનાં મૂળ ઉપર પ્રહારો કરી રહ્યું છે. પેઢીઓની પેઢીઓ સુધી હિંદનાં બાળકો સ્વાતંત્ર્યનું સ્વપ્ન પણ ન પામે એ માટે દેશના હજારો નિર્દોષ દેશ-ભક્તો પર દંડ, કારાવાસ, ત્રાસ, માર ને મોં બંધીનાં ફરમાનો વરસાવી રહ્યું છે.

ઇંગ્લંડનો વિચાર હિંદુસ્તાનને સદા-ની ગુલામીમાં રાખી ઇંગ્લંડના વતનીઓ માટે એક ચરી ખાવાની જમીન તરીકે જકડી રાખવાનો છે, અને તેથી જ તેના રાજતંત્ર મારફતે જ હિંદુસ્તાનના પ્રશ્ન-નો નીવેડો ઉતારવાનો તાગડો રચ્યો છે. અલબત્ત, કમિશનનું ફારસ ઉઘાડું પડી ગયું છતાં ઇંગ્લંડમાં રાઉન્ડ ટેબલ-માં પોતાના લાગતાવળગતાઓને ગોઠવી સર્વપક્ષી ન્યાયનો દંભ તેણે હજુ પણ ધારણ કરી રાખ્યો છે. હિંદુસ્તાન તરફથી સાચા પ્રતિનિધિઓ ન મળ્યા એટલે તેમનાં મીઠાં વચનોથી ભરમા-એલા હિંદના કહેવાતા રાજદ્વારીઓને નોતર્યા. તેમને પણ ઇંગ્લંડની નીતિમાં શંકા પડવા લાગી અને ચોખ્ખી વાત બોલવા લાગ્યા. ઇંગ્લંડવાસીઓને તે અણગમતું થયું એટલે નોતરેલા પરો-ણાનાં અપમાન તથા ઉપેક્ષાઓ થવા લાગી છે એવી વાતો ચાલી આવે છે. એક તરફ તેમને ચૂમાવી દેવાનો અને લાચાર બનાવવાનો પ્રયત્ન છે; બીજી તરફ હિંદુસ્તાનમાં હજુ પણ દમદાટી અને દબાણ કરી ઇંગ્લંડના મુત્સદ્દીઓ તથા હિંદના અંગ્રેજ અમલદારોએ તૈ-યાર કરેલી બેડીઓ ખુશી કે નાખુશીથી પણ હિંદના ગળામાં જોતરવાની પેરવી છે. હિંદ જો ખરે જ સજીવન રહેવા માગતું હોય તો એ બેડીઓનો ધસીને ઇનકાર કરે અને તેમ કરવામાં કુરબાની માને. ગામડાની એક ડોશી પણ સમજે

માનપાનના થાળ ભરેલા
લાત દઇ ફંગોળી દે;
ખાલી ઝોળી ખંભે નાખી
એકલ જીવન શોધી લે:
ઓ ભડવીર જુવાન!

પરના ઘા માથા પર ઝીલી
પરનાં દુઃખો ઝીલી દેહ;
કાંટાની પાવડીઓ પહેરી
નિંદે તેની કરજે સેવ:
ઓ બલવીર જુવાન!

(રમણલાલ સોની)

છે કે ન્યાય ને નીતિ વિના કોઈનાં રાજ્ય ટક્યાં નથી. જે ઘડીએ રાજસત્તા એ બે તત્ત્વોનો ત્યાગ કરે છે તે જ ઘડીથી કુદરત તેનાં મૂળ ખોદવા માંડે છે. જે પ્રજાનું સત ચડે તે જ જીવે ને ટકે એમ ઇતિહાસ હમેશાં શાખ પૂરે છે.

કડીબંધ તોપખાનાં, આરમારો, બૉમ્બ ફેંકતાં વિમાનો કે ગોળીઓ વર-સાવતી ટાંકીઓના એમના સરંજામથી ડરી પ્રજાએ દબાઈ ચંપાઇ રહેવું જોઇએ એવી રાજકર્તાઓની સમજણ છે. પણ પ્રજાતત્ત્વ એના પડકારમાં આત્મ બલિ-દાન અને ઉગ્ર સહનશક્તિ ધરી રહી છે. જીવવું તો આત્મસન્માન અને સ્વ-હક્કથી. કોઈની દયા પર જીવી રહેલી પ્રજા સત્ય, શૌર્ય કે શીલ સાચવી શકતી નથી. તે દરેક પળે જુલમથી ડરીને પોતાના જાતીય અભિમાનને ધૂળમાં રોળે છે; પોતાનાં સ્ત્રી-બાળકોને તે લજ્જાથી પ્રકાશમાં લાવી શકતી નથી; તેની પ્રતિષ્ઠા ને શીલ હમેશાં ભયમાં જ રહે છે; તે પ્રજાનાં ધર્મ, વિદ્યા ને જ્ઞાન પણ વંધ્ય ને દંભપૂર્ણ જ હોય છે.

દરેક દેશમાં જ્યારેજ્યારે યુદ્ધ થાય ત્યારે દેશના બત્રીસલક્ષણા નરવીરો જ ઝડપાય છે. કયો દેશ ઉત્તમોત્તમ મા-નવીઓનો ભોગ આપ્યા વિના આઝાદી મેળવી કે ટકાવી શક્યો છે? મરનારા જ હમેશાં બીજાને જીવવાનો મંત્ર બતાવી શક્યા છે. મરનારાનાં જ નામ અમર છે. જીવ્યા એટલા જીત્યા નથી જ.


પણ યુદ્ધ એટલે સ્વાર્થ માટે ચલા-વેલી ખૂનરેજી નહિ; યુદ્ધ એટલે મા-ણસોનો સંહાર કરવાનો પરવાનો નહિ. આફત કે અન્યાય નિવારવાને જાતનો ભય છોડી વીરો આગળ આવે છે ત્યારે જ ખરા યુદ્ધનો શબ્દ સંભળાય છે. નિર્દોષ પર પ્રહારો કરનારા સ્ત્રીબાળકો પર અત્યાચાર કરનારા, વીર કે સૈનિક નથી. ભલે તેમના હાથમાં કાયદાનો પરવાનો હોય પણ માનવ ને કુદરતની દૃષ્ટિમાં તો તેઓ કરપીણ ગુનેહગારો છે. તેઓ પોતાની માનવજાતને વફાદાર નથી; તેઓ પોતાના કુટુંબની મહોબ્બ-તમાં જૂઠા છે; તેઓ વતનના દ્રોહીઓ છે. 'ઈશ્વર કે ખુદા' તેમને મન કંઇ જ નથી, કારણકે તેઓ તેના નામે સત્યને ઓળખવા કે સમજવા ઇંતેજાર નથી.

જ્યારે સત્ય સહન ન થયું ત્યારે સત્યને અંધારી ઓરડીમાં પૂર્યું. પોતાનાં પાપો પ્રકટ ન થાય માટે સત્યનું મોં બંધ કર્યું છતાં સત્ય બધે ઠેકાણે આપો-આપ પ્રકટી રહ્યું છે. સત્યમાં જીવવાનો આદેશ પ્રજાને મળી રહ્યો છે. જેલ કે પરલોકમાંથી પણ તેના તણખા નીકળ્યા જ કરે છે. ઇતિહાસની પેઢીઓ વટાવીને પણ સત્ય બહાર આવ્યા વિના રહ્યુ નથી, તો જીવંત કરોડોની મનોવ્યથા ને આત્મમંથનને દાબી રાખવા કોણ સમર્થ બનશે? અંગ્રેજોને આ દેશમાં રહેવું હશે તો પ્રજાની દિલ્લગી મેળવ્યા વિના ચાલશે જ નહિ. એ પળ આવશે ત્યારે આજની બધી ભૂલોનાં પ્રાયશ્ચિત્ત કરાવ્યા વિના હિંદની પ્રજા તેની સાથે શી રીતે હાથ મિલાવવાની હતી?

'કુમાર' વર્ષો ખેંચતું આવે છે અને હજુ પણ તેને વ્યાપક કરવાને જોઇતાં યંત્રો અને માણસોની ખામી ખમી લેવી પડે છે. છતાં અમારા વાચકોએ ધીરજ અને પ્રેમથી જે સાથ જાળવી રાખ્યો છે, તેનો અમે અંતઃકરણપૂર્વક ઋણ સ્વીકાર કરીએ છીએ. 'કુમાર'ને સમૃદ્ધ કરવા અમે કોઇ પણ પ્રયત્ન બાકી રાખતા નથી; અને કેટલાક લેખો, હકીકત કે ચિત્રો જે મહેનત ને ઉપાસનાથી મેળવેલાં હોય છે તેનો આંક જો ખર્ચથી જ મૂકવામાં આવે તો 'કુમાર' જરા વાર પણ પોસાઇ શકે નહિ. અમારા મિત્રો, ઊગતા ચિત્રકારો અને ગુજરાતના જુવાન ફોટોગ્રાફરો તથા ઉત્સાહી ગૃહસ્થોનો આ બાબતમાં અમારા પર હમેશાં આભાર રહે છે, અને એ સહકારને લીધે જ અમે 'કુમાર'ની વિશિષ્ટતાઓ જાળવી રહ્યા છીએ. હવે પછીના અંકો માટે પણ તેમના તરફથી ઘણી સામગ્રી ને સહાય અમને મળ્યાં જ કરશે એવી ખાત્રી અમારા વાચકોને આપી શકીએ છીએ. અને વાચકો પાસેથી તો અમારી બીજી શી આશા હોય? જે પક્ષપાતથી ને પ્રેમપૂર્વક 'કુમાર'નું લવાજમ તેમણે આજ સુધી ભર્યાં કર્યું છે તે ચાલુ રાખીને, આવતા વર્ષને માટે ભરવાને આ અંક સાથે જે વિજ્ઞાપન છે તેનો આદર કરી અમારૂં કાર્ય સરળ કરવા તેઓ સાથ આપશે જ.

આજના કુમારનું પૃથક્કરણ

નૅશનલ યંગ મૅન્સ ક્રિશ્ચિયન ઍસોસીએશનની સભાના મંત્રી સર આર્થર કે. યેપ આજના કુમારનું પૃથક્કરણ નીચે મુજબ કરે છે: આજનો કુમાર એટલે ૫ ટકા તોફાન–ધીંગામસ્તી; ૫ ટકા મગરૂબી; ૧૦ ટકા શૌર્ય; ૧૦ ટકા મક્કમતા; ૧૦ ટકા સત્યને વળગી રહેવાનો મનોરથ; ૧૦ ટકા કાયરતા —(શારીરિક નહિ, પણ બીજા લોકો મારે માટે શું ધારશે એવી બીક); ૨૫ ટકા સ્વાર્થ, મોજીલાપણું, વિલાસ ઇત્યાદિ; (જે સર્વને સદ્ગુણરૂપે ફેરવી શકાય); ૨૫ ટકા કામ કરવાની તત્પરતા, ચાલાકી, આગળ પડવાની હોંશ ઇત્યાદિ. (રે. ઓ.)


Students

Students are the fresh young fruits of the Nation.
Shall they allow themselves to be looted by alien robbers?
Let them rather drop quickly into the outspread hands of their needy brethren.

May it not be said, when the history of India's Struggle for Independence is written, that the Students lagged behind.
Their place is in the forefront of the Battle

Mira
July 6th 1930.

વિદ્યાર્થીઓને મીરાંબ્હેનનો સંદેશ

ફ્રાન્સ અને ઇંગ્લંડના ઉચ્ચ સમાજમાં શ્રીમંતનાં પુત્રી તરીકે એક વખત ઘણું આગળપડતું અને વૈભવી જીવન ગાળનાર મિસ મેડેલિન સ્લેડ આજે હિંદુસ્તાનના ગરીબોની જોડે અનુસંધાન કરી ગાંધીજીના સિદ્ધાંતોને અનુરૂપ અત્યંત સાદું ને તાપસી જીવન ગાળનારાં મીરાંબ્હેન બની ગયાં છે. બ્રિટિશ નૌકાખાતાના એક અગ્રેસર અમલદાર સર ઍડમંડ સ્લેડનાં એ પુત્રીનું આવું અદ્ભુત જીવનપરિવર્તન મહાત્માજીના સિદ્ધાંતોએ કર્યું. તેમનાં લખાણો તથા જીવન-આદર્શોથી આકર્ષાઇને તેમણે પત્ર લખી આશ્રમજીવન ગાળવાની ઇચ્છા દર્શાવી, ને ગાંધીજીની આકરી શરતો કબૂલીને વરસના અખતરા માટે તે અહીં આવ્યાં. મહાત્માજીના સહવાસમાં પોતાને અપૂર્વ શાંતિ ને આનંદ મળ્યાં તેથી વરસને અંતે તેમણે સ્વેચ્છાથી અહીંનું જીવન ધારણ કરી કાયમનો આશ્રમવાસ સ્વીકાર્યો ને ગાંધીજીએ તેમને મીરાંબ્હેન નામ આપ્યું. આ ઉપરનો પ્રેરક સંદેશ અમદાવાદના એક હસ્તલિખિત 'અરવિંદ'ના વિદ્યાર્થીબંધુઓને પોતાના હસ્તાક્ષરમાં તેમણે લખી આપેલો. એમાં તેઓ કહે છે કે: 'વિદ્યાર્થીઓ તો રાષ્ટ્રનો ઊગતો તાજો ફાલ છે. તેઓ શું પોતાને વિદેશી લુટારાઓને હાથે લુટાઇ જવા દેશે? ઉલટા, તેઓ તો તત્કાલ પોતાને હાકલ દઇ રહેલા પોતાના બાંધવોને પડખે જઇને ઊભા રહે. હિંદના સ્વાતંત્ર્ય યુદ્ધનો ઇતિહાસ લખાય તે કાળે રખે એવું કહેવાપણું રાખતા કે મુક્તિસંગ્રામ વખતે વિદ્યાર્થીઓ પાછળ રહી ગયા હતા. એમનું સ્થાન તો યુદ્ધને મોખરે જ હોય.'

'જ્યારે ગુર્જરીનું માત્ર નામ જ હતું, જ્યારે તેના તનુજો એકતા વિના તરફડતા, જ્યારે તેની સેવા એ મૂર્ખાઇ મનાતી, તેનું ગૌરવ એ સ્વપ્નું લેખાતું, તેનો પ્રતાપ કદી જોયો ન જણાતો, એવા ભયંકર નિરાશામય સમયમાં' એ અદૃષ્ટ જનનીની ગૌરવમૂર્તિ ઘડવા આજીવન અથાગ શ્રમ ખેડનાર

સાધારણ લોકમાન્યતા એવી છે કે કોઇ માણસ મહાવીર યોદ્ધો રાજદ્વારી અગ્રેસર કે મોટો સંત બને અથવા હજારો લોકોનો શિરમુકુટ થઇને રહે તેની જ ગણના મહાન નર તરીકે થાય. સ્વ. રણજીતરામ એમાંના કોઇ નહોતા અને થવા ઇચ્છતા પણ નહોતા. એટલા જ માટે કદાચ તેમને મહાન કહેતાં લોકો અચકાતા હશે.

જગતમાં ઘણા મોટા ફેરફારો ને પ્રબલ સિદ્ધાંતો જન્મે છે ત્યારે આપણે તેના વિધાતા તરીકે કોઇ એક પુરુષને ગણીને તેને મહાનનું પદ આપીએ છીએ પરંતુ તેની પૂર્વે અનેક માણસોએ એનું એ કાર્ય કરવામાં અખંડ જીવનની ઉપાસના હોમી હોય તે વાતને આપણે ક્વચિત જ ધ્યાનમાં લઇએ છીએ. સ્વ. રણજીતરામે ગુજરાતની જનતામાં તેની સાંસ્કારિક અસ્મિતા અને રાષ્ટ્ર-ગૌરવ જગાડવાનું જાણે નાનપણથી જ વ્રત લીધું હોય તેમ, અખંડ જીવન એક નિમિત્તે એ આદર્શ અને કાર્ય પાછળ વિતાવ્યું હતું. આજે ગુજરાતનાં આટલાં કાર્યક્ષેત્રોનાં એક પણ કાર્યકર્તા એવો નહિ હોય કે જેને રણજીતરામે એ ભાવનાની દીક્ષા આપી ન હોય. ગુજરાતના અગ્રગણ્ય સાક્ષરોથી માંડી દેશસેવાની સંસ્થાનો દરેક સંચાલક રણજીતરામની સાધનાનો સંસ્પર્શ અનુભવ્યા વિનાનો ભાગ્યે જ જડશે. તે દરેકને રણજીતરામની અનુપમ દેશભક્તિ, ગુપ્ત સેવાપરાયણતા અને સદાના હાર્દિક સહકારની થોડી અથવા વધારે મધુર સ્મૃતિ રહી હશે જ; એ બધી યે જો કદી એકીસાથે પ્રકાશ પામે તો રણજીતરામને મહાનનું બિરુદ આપતાં કોઇને ય સંકોચ ન લાગે. અહીં આજે તો 'કુમાર'ના તંત્રી તરીકે 'રણજીતરામ સુવર્ણચંદ્રક' મળવાના પ્રસંગના સ્મરણમાં, એ સહાયક અને પ્રેરક સ્નેહીની માત્ર મારી જે કંઇ જૂજ અંગત સ્મૃતિઓ છે તે વાચક આગળ મૂકી એ મહાન ગુર્જરરત્નને મારી અંજલિ સમર્પું છું.

ભાવનગરના યશોનાથ મહાદેવના વિશાળ ચોગાનની પાછળ દત્ત બુવાનું ચાતુર્માસ કીર્તન થતું હતું. તેનું આકર્ષણ વિદ્વાન અને સાધારણ તેમજ વિદ્યાર્થી અને ગૃહસ્થ સર્વને એકસરખું લાગ્યું હતું. બુવાજીની પ્રાસાદિક વાણી ને શાસ્ત્રીય જ્ઞાન, પુરાણ મહાભારત તથા રામાયણના અનેક પ્રસંગોમાં અવનવો રસ રેલાવતાં અને રોજના બે કલાક અખંડ આનંદ ને ભાવમયતામાં તરબોળ રાખતાં. રાજ્યના અગ્રણી અધિકારી શ્રી પ્રભાશંકર પટણીથી માંડીને નિશાળનો સામાન્ય મહેતાજી ત્યાં દેખાય; શ્રદ્ધાળુ ગૃહસ્થ અને નવીન રંગનો કૉલેજીઅન પણ ત્યાં જડે. એ કીર્તનમાં હું રોજ એક જુવાન ગૃહસ્થને શાંતિથી એક બાજુ એક થાંભલી આગળ આવી બેસી જતા જોતો. તે જાણે આ માનવમેદનીમાં કોઇ અગમ્ય ઉદ્દેશની કડીઓ શોધી રહ્યા હોય છતાં મનની વાત ઝટપટ ઉઘાડી ન પડે તેની સાવચેતીમાં હોય એવી શાંતિ ને ગંભીરતા તેમના મોં પર દેખાતાં. એમની જ ઉમરના મારા એક સ્નેહી ગૃહસ્થ એક વાર મારી સાથે એ કથામાં આવ્યા તેમણે એમને એ થાંભલી પાસે બેસી જતા જોયા કે તુરત મને પૂછ્યું, 'આ તો રણજીતરામ; અહીં ક્યાંથી? અમે બંને કૉલેજમાં સાથે હતા. બહુ ઉમદા માણસ છે. ચાલો, આપણે તેમને મળીએ.' 'ઓહો, 'મિ. ત્રિવેદી, તમે અહીં ક્યાંથી?' મારા મિત્રને તેમણે તુરત ઓળખ્યા ને બહુ જ મધુર હાસ્ય કર્યું, એ મને તેમનો પહેલો પરિચય.

એ વખતે તેઓ શ્રીમાન સર પ્રભાશંકર પટણીના પ્રાઇવેટ સેક્રેટરી તથા લાયબ્રેરિયન હતા અને દેશી રજવાડાની અનેક વ્યક્તિઓનો પરિચય મેળવી રહ્યા હતા. શામળદાસ કૉલેજના ઇતિહાસના પ્રોફેસર શ્રી નૃસિંહપ્રસાદ ભટ્ટ (નાનાભાઇ) જોડે તેમણે વધુ સખ્ય સાધ્યું હતું અને ઘણો વખત એ બંને મળી પોતાની ભાવનામય સૃષ્ટિને સિદ્ધ કરવાની મંત્રણાઓ કરતા.

રણજીતરામ

તે વખતે બંનેને હાલની કેળવણી તથા ગૃહ-સંસ્કારના દોષોથી ઊગતી પ્રજાને બચાવી જુદા જ વાતાવરણમાં વિકાસ આપવાની જરુરત સૂઝી હતી. ચરોતરમાં પેટલાદ પાટીદાર બોર્ડિંગનું નામ તે માટે આગળ પડતું હતું અને તેની પ્રશંસા ચારે કોર થતી હતી. રણજીતરામ અને નાનાભાઈ તે વખતે બેચાર વિદ્યાર્થીઓને હમેશાં સોબતમાં રાખી તેમનામાં નવીન ભાવનાઓ જગાડવા મથતા. મારા મિત્રોમાંના એક-બેને એ સમયની સુંદર યાદગીરીઓ છે.

નાનાભાઇને સમય વધારે મળતો એટલે વિદ્યાર્થી-ઓને ઘેર બોલાવી અભ્યાસમાં મદદ કરતા, અને કોઇ-કોઇ વખતે તેમના અંગત પ્રશ્નો પણ હાથમાં લઇને તથા તેઓ લગ્નસંબંધ જેવી અગત્યની પણ આપણા દેશમાં ઘોર અજ્ઞાનપણમાં રાખેલી બાબતો પર છૂટથી વાર્તાલાપ કરતા. આમ બહુ વખત ચાલ્યા પછી તેમને એક સંસ્થાની અનિવાર્ય જરુરત જણાઇ અને રણજીત-રામ તથા નાનાભાઇની પ્રેરણાથી સરજાએલું આજનું દક્ષિણામૂર્તિ ભવન અસ્તિત્વમાં આવ્યું. આજે તો એ સંસ્થાની વ્યાપક સેવાઓ ગુજરાતભરને લાભકારક નીવડી છે. એ સમય દરમિયાન હું તેમનો બહુ નજીકનો પરિચય મેળવી શક્યો નહોતો, છતાં તેઓ મારી પ્રવૃત્તિ બહુ ધ્યાનમાં રાખતા એ મને પાછળથી જણાયું હતું.

મુંબાઇની 'સ્કુલ ઑફ આર્ટ'માં હું ભણતો ત્યારે તે પટણી સાહેબની ભલામણથી શેઠ નરોત્તમ મોરારજી ગોકુલદાસના સેક્રેટરી થયા હતા, અને મુંબાઇનાં મંડળોમાં પોતાની ભાવનાઓ ઉતારવા મથી રહ્યા હતા. ગુર્જર સભામાં તેમણે પોતાનો સુપ્રસિદ્ધ નિબંધ 'ગુજરાતનું ગૌરવ' વાંચ્યો ત્યારે હું હાજર હતો. અને એ નિબંધે મારા પર ઘણી અસર કરેલી. તે વખતે આજના ઘણા કાર્યકર્તાઓની કારકીર્દિ શરૂ થતી હતી અને રણજીતરામે તેમાંના દરેકની સાથે સારો નાતો જમાવ્યો હતો. તેની પાછળ કોઈ જાતનો અંગત સ્વાર્થ કે હેતુ નહોતો. એ બધાની એક કડી કરી નવ ગુજરાત સરજવું એ જ ધગશ તેમને લાગી હતી અને પોતાનો બધો ખાનગી સમય દરેક પ્રકારના કાર્યકર્તા અને ભાવનાશાળી જુવાનોને મદદ કરવામાં, સલાહ અને પ્રોત્સાહન આપવામાં અને તેમનાં કાર્યોમાં બની શકે તેટલી સરળતા કરી આપવામાં યોજતા. આને લીધે તેઓ પોતે પોતાને હાથે ધાર્યું સાહિત્ય ઉપજાવી ન શક્યા, યશસ્વી કારકીર્દિ જમાવી ન શક્યા, તેમજ દ્રવ્ય સંચય પણ ન કરી શક્યા, પણ એથી યે અધિક સાહિત્ય યશકાર્ય અને ધન તેમણે સરજાવ્યું: આજનું નૂતન ગુજરાત.

હું આર્ટ સ્કુલમાંથી સાંજે પાછો વળતાં રોજ ભુલેશ્વરમાં મારા મુરબ્બી અને મિત્ર શ્રી બચુભાઇ રૂગનાથજી ચિત્રકારના સ્ટુડિયોમાં રોકાતો અને તેમનાં ચિત્રોમાં કામ કરી અનુભવ વધારતો. એ મિત્રનો પરિચય મને મુંબાઈના જીવનમાં બહુ આશ્વાસન પૂરતો. તેઓ સાહિત્યના પણ ભક્ત હતા અને બહુ સંસ્કારી મિત્રમંડળના માનીતા હતા, એટલે તેમને ત્યાં ઘણી વાર રસિક મિત્રોની મુલાકાત થતી. એક વાર સાંજે હું ગયો ત્યારે ત્યાં રણજીતરામ સુરતમાં ભરા-નારી પાંચમી સાહિત્ય પરિષદની તૈયારીનો કાર્યક્રમ

ગુજરાતના રાષ્ટ્રીય અસ્મિતાના એ અવતાર હતા. તેને જ માટે તે જીવતા; તેને જ માટે તેમણે ત્યાગવૃત્તિ ધારી; તેને જ માટે તે નવાનવા માણસોના સંસર્ગમાં આવવા ઝંખતા; તેને જ માટે તે ગમે તે વેઠી બધાને એ ભાવનાએ પ્રેરવાને મથતા. તેમના હૃદયમાં એક જ વિચાર હતો:આપણું સાહિત્ય ક્યારે સમૃદ્ધિવાન થાય, આપણી કલા ક્યારે વ્યક્તિત્વ પામે, આપણો ઇતિહાસ ક્યારે સજીવન થાય, આપણી સામાજિક ને રાષ્ટ્રીય સાનુકૂળતા ક્યારે સધાય, આપણી સંસ્કૃતિ ક્યારે વિજય પામે, —અને આ બધાને પરિણામે નવીન ગુજરાત ક્યારે અવતરે. એમની નજર આગળ નવીન ગુજરાત સ્વપ્નું નહોતું, જીવન્ત વ્યક્તિ હતી. બધાને એ પ્રેરતા તે એક જ લક્ષ્ય તરફ : ગુજરાતનાં ગૌરવ, એકતાનતા, અસ્મિતા.

(કનૈયાલાલ મુનશી)

વાવાભાઈ મહેતા

ચર્ચી રહ્યા હતા. પરિષદની સાથોસાથ ગુજરાતની કલાસંપત્તિનું પ્રદર્શન પણ ભરવું એ તેમની નવી (અને એ પ્રકારની કદાચ પહેલી) યોજના હતી. એવામાં મને આવેલો જોતાં જાણે ઘણા જૂના વખતથી મને પિછાનતા હોય તેમ મને ઉદ્દેશીને તેમણે વાતો કરવા માંડી. તે વખતે જ તેમણે મને 'હાજીમહમ્મદ અલારખિયા શિવજીને તમે ઓળખો છો?' એમ પૂછ્યું. આ નામની પાછળ કેવી જાતના માણસ હશે તેનો યે મને લેશ પણ ખ્યાલ નહોતો. તેમણે મને કહ્યું, 'ત્યારે તમારે એમને તો ખાસ ઓળખવા જોઇએ. લો હું તમને ચિઠ્ઠી લખી આપું. તમે તેમને જરૂર મળો; અને જ્યારે ફુરસદ મળે ત્યારે મને પણ મળતા રહેજો. શનિવારે બપોરે હું ઘેર જ હોઉ છું.' એમની ચિઠ્ઠીએ મને સ્વ. શેઠ હાજીમહમ્મદનો જે પરિચય કરાવ્યો અને તેને લીધે મારી જિંદગીનું એક મહત્ત્વભર્યું પ્રકરણ ઘડાયું. તે પછી શેઠ હાજીમહમ્મદે 'વીસમી સદી' કાઢ્યું. એ માસિક સાથેના મારા સંબંધનાં સ્મરણોમાં અનેકવાર રણજીતરામનો હિસ્સો આવે છે.

સ્વમાન

[કેદાર]

માન તમારે હાથ ન સોંપ્યું,
કેમ કરી અપમાનશો ?
વજ્ર સમું અણભેદ હૃદય આ,
શર સૌ પાછાં પામશો.—માન૦
ઘન ગરજે, વાયુ ફૂંકાયે,
વીજળી કકડી ત્રાટકે;
બાર મેઘ વરસીવરસીને
પર્વત ચીરે ઝાટકે.—માન૦
હિમાદ્રિ અમલિન સુહાસે,
ઊભો આભ અઢેલતો;
આત્મા મમ તવ અપમાનોને,
હાસ્ય કરી અવહેલતો.—માન૦
રેતી કેરા રણ ઉપર ના
બાંધ્યા મ્હેલ સ્વમાનના;
શ્રદ્ધાના અણડગ ખડકો પર,
પાયા રોપ્યા પ્રાણના.—માન૦

કૃષ્ણલાલ શ્રીધરાણી

શ્રી કનૈયાલાલ મુનશીના મુંજાલના પાત્ર ઉપર તેઓ આફરીન હતા, અને મને વારંવાર તેનું ચિત્ર કરવાનું કહેતા. 'વીસમી સદી'માં ગુજરાતનો નાથ શરૂ થઇ તે પહેલાંના દિવસોમાં તેમનો ઉત્સાહ જોવા જેવો હતો. સ્વ. શેઠ હાજીમહમ્મદ સ્વ. રણજીતરામ અને હું શ્રી મુનશીની ઑફિસમાં મળતા અને એ કથામાં આવતાં ભૂતકાળના ગુજરાતનાં પાત્રોના પોષાક વગેરે વિષે વિચારો કરતા. તેને માટે એક દિવસે તેમણે મને રૉયલ એશિયાટિક સોસાએટી લાયબ્રેરીમાં લઇ જઇને ગુજરાતની જૂની તવારીખને લગતાં કેટલાં યે પુસ્તકો ઉથલાવ્યાં તથા રાજેન્દ્રલાલ મિત્રનું એક પુસ્તક મને વાંચવા માટે ઘેર આપ્યું. ભાવિ 'ગુજરાત'ની મૂર્તિ ઘડવાની તૈયારીઓમાં તેમનો હાથ ચારે તરફ સદા લંબાએલો જ રહેતો.

'ગુજરાતના નાથ'નાં ચિત્રો વિષે વધુ વાતચિત કરવાને તેમણે મને મલબાર હિલ પર પોતાના મકાને બોલાવેલો. અમે બંને બેઠા હતા એટલામાં શ્રી હિંમતલાલ અંજારિયા આવ્યા. રણજીતરામે તેમને પૂછ્યું, 'આમને ઓળખો છો?' મારૂં નામ સાંભળતાં જ શ્રી અંજારિયા મારીસામે આશ્ચર્યથી જોઇ બોલ્યા, 'મેં તો રવિશંકરને બહુ મોટી ઉમરના ધારેલા!' અમારા ત્રણની તે દિવસની મંડળીમાં બહુ રસ જામ્યો. શ્રી અંજારિયા એ વેળા બાળકો માટે એક કાવ્યસંગ્રહ જે ('મધુબિંદુ' નામથી પ્રકટ થયો) કરતા હતા. મને જોઇને તેમને તેમાં ચિત્રો મૂકવાની ઇચ્છા થઈ ને મેં પાછળથી તે થોડે અંશે પાર પાડેલી પણ ખરી. એ વખતે પ્રૌઢ વયના ઘણા સાક્ષરો અને કાર્યકર્તાઓ જુવાનો ને વિદ્યાર્થીઓ સાથે ભળવામાં નાનમ સમજતા. રણજીતરામને મન એ ભેદ જરા પણ હતો નહિ એ તો રજાના દિવસોમાં, જ્યાં જ્યાં કોઇ શાળા, બોર્ડિંગ કે મંડળ હોવાનું જાણે ત્યાં ત્યાં તેના કાર્યકર્તા કે આગેવાન મારફત બધાને મળ્યા વિના રહેતા જ નહિ. અને બધાને કહેતા

અનુસંધાન આગળ પૃ. ૪૨૪ મે.

સ્મરણયાત્રા

૧૫][ટાચકા ફોડ્યા!

નાનપણમાં ટાચકા ફોડવાનો આનંદ કોણે નથી અનુભવ્યો? પણ મને મારા નાનપણમાં ટાચકા ફોડતાં આવડતું નહિ. દરેક આગળી પકડી જોરથી ખેંચું તોયે અવાજ ન થાય. ગોદુને આ વાતની ખબર પડી. એટલે જ્યારેજ્યારે મને ચીડવવાનું મન થાય ત્યારે ગોદુ કહે, 'તને ક્યાં ટાચકા ફોડતાં આવડે છે?' નિશાળના બેચાર દોસ્તો બેઠા હોય અને ગોદુ આમ કહે ત્યારે મને તો આબરૂ ગયાનું દુઃખ થતું. હું એને કહેતો, 'આ જો મને આવડે છે.' આંગળી પકડીને ખેંચું, અને ચામડીના ઘર્ષણથી 'સુ . . ક' એવો અવાજ થાય. પણ ગોદુ કહે, 'આ ટાચકો ન હોય. ટાચકાનો અવાજ હાડકાંમાંથી આવે છે.' ઘણી વાર આમ ફજેતી થતી હોવાથી મેં મન સાથે નક્કી કર્યું કે આ કળામાં અસાધારણ પ્રવીણતા મેળવ્યે જ છૂટકો. રોજ ઊઠીને અપમાન કોણ સહન કરે?

શાહપુરમાં એક હજામ હતો. એ ધંધો કરતો ન હતો, કેમકે ગાંડો થએલો હતો. એને સામા માણસના શરીરના ગમે તે ભાગ પકડી ત્યાં ટાચકો ફોડવાની કળા અવગત હતી. એ રસ્તા પર દેખાય એટલે અમે એને ખાવાની લાલચ આપીને ઘરમાં બોલાવતા, અને કહેતા કે અમારા ટાચકા ફોડ. એ ચોટલી પકડીને ખેંચે એટલે ચોટલીના મૂળમાં અવાજ થાય. કાન ખેંચે એટલે કાનમાં અવાજ થાય. તે જ રીતે નાક, દાઢી, ડોક દરેક ઠેકાણે ટાચકા ફૂટે. રમત પૂરી થાય એટલે આઇ પાસેથી માગીને એને કંઇ ખાવાનું આપીએ. આઇએ કહ્યું કે 'એ હજામ મોટો જાદુગર હતો. એણે એક ભૂત વશ કરેલું. એ વખતનો એનો રોફ જોવાલાયક હતો. કહે છે કે એના ઘરમાં સોનાની દીવી હતી. તેલને બદલે એમાં એ પાણી જ રેડતો. છતાં દીવી બળતી! એણે જે સાધના કરી હતી એ એને બાર વર્ષ સુધી ફળી. પછી એકાએક એ ગાંડો થયો, એનો બધો વૈભવ ગયો અને હવે એ ભીખ માગતો ફરે છે. એની સાધના મેલી હતી. બાર વરસ સુધી પેલું ભૂત એનું કહ્યું કરતું. બાર વરસ પછી એ જ ભૂતે એનું સત્યાનાશ વાળ્યું. જેવું કરે તેવું ભરે.'

મેં નક્કી કર્યું કે ટાચકા તો પેલા હજામના જેટલા જ ફોડતાં આવડવા જોઇએ. દિવસરાત એનું જ ધ્યાન. પંદરેક દિવસની મહેનત પછી ટચલી આંગળીમાંથી એક ટાચકો ફૂટ્યો. તે દિવસે મારા આનંદનો પાર ન હતો. મેં બમણી મહેનત શરૂ કરી. આમ કરતાંકરતાં દરેક આંગળીમાં ત્રણત્રણ ઠેકાણે ટાચકો ફૂટવા લાગ્યો. મેં થોડા જ દિવસમાં શોધ કરી કે અંગૂઠામાં પણ ત્રણ સાંધા હોય છે. ત્રીજો સાંધો છેક કાંડા પાસે હોય છે. એટલે એ સાંધામાં પણ ટાચકો ફોડવાનો પ્રયત્ન કર્યો. એટલે હવે દરેક હાથે પંદર ટાચકા સુધી હું પહોંચ્યો.

પણ આટલેથી મને સંતોષ ન થયો. દરેક આંગળાના છેડાના બે સાંધા ત્રણત્રણ વાર ફોડવાની મેં પેરવી કરી. એમાં પણ હું ફાવ્યો. પછી આવ્યો કાંડાનો વારો. એ પણ વશ થયું. મારો વિજય વધવા લાગ્યો. બંને ખભા પણ હાથ આવ્યા. ત્યાં પણ હું ટાચકા ફોડી શક્યો. પછી વારો ડોકનો. એ પણ ત્રણ રીતે ફૂટવા લાગી: પાછળની બાજુ, ને જમણી ડાબી. પછી કાન પકડ્યા. એનાં મૂળિયાં પણ વાગવા લાગ્યાં. પછી ઊતર્યો કેડે. પાસાં મરડવાથી કેડ બે બાજુથી અવાજ કરવા લગી. ગોઠણ તાબે થતાં ઘણી મુશ્કેલી પડી. એ અવાજ તો આપે, પણ લહેરમાં આવે ત્યારે જ. કોકવાર મોટા પ્રદર્શનમાં એ દગો દે. પછી ઘૂંટીની કસરત શરૂ થઇ. એણે પણ અવાજ આપ્યો. પગનાં આંગળાં તો એના પહેલાં જ વાગવા માંડ્યાં હતાં.

હવે જીતવાનો પ્રદેશ રહ્યો ન હતો. કોણી તો વાગે જ નહિ, એટલે મેં એનું નામ છોડી દીધું હતું. એક દિવસ ઊંઘમાંથી ઊઠી બગાસું ખાતો હતો ત્યાં સૂઝયું કે નીચલું જડબું પણ વાગી શકે છે. પણ એ ચાળા મને પોતાને જ ગમ્યા નહિ, એટલે એકબે વાર કરી જોઇ પછી જડબું વગાડવું છોડી દીધું.

આવી રીતે મેં ગોદુ પર વિજય મેળવ્યો. મારાં પરાક્રમ જોઇ બધા જ ચકિત થયા. પણ હું ધરાયો નહોતો. મેં તો આગળ ને આગળ ધપ્યે જ રાખ્યું. હાથનાં આંગળાં તો પછી એવાં વશ થઇ ગયાં કે કહો ત્યારે અને કહો તેટલી વાર એ ટાચકા આપે. કોઇ મારા અંગૂઠાનો નખ પકડે તો ત્યાં જ હું એક

બે ટાચકા સંભળાવી દેતો !

આટલા વિજયમાં પણ મને એક વસ્તુ સાલતી, કે ટાચકા ફૂટે છે એમાં એક હાથને બીજા હાથની મદદ લેવી પડે છે. આ દ્વૈત કેમ નભાવાય? પછી તો એ જ હાથના અંગૂઠા વતી બીજી આંગળીઓ હું ફોડવા લાગ્યો. મને થયું કે આ કળાને શિખરે હવે આપણે પહોંચ્યા. પણ ના; હજી એક પગલું બાકી હતું. બે આંગળાંના સ્પર્શ વગર, કશા દબાણ વગર, એની મેળે ટાચકો ફૂટવો જોઇએ. આપણું શરીર એ તો કલ્પવૃક્ષ છે. કલ્પના કરીએ તો તે સફળ થવી જ જોઇએ. થોડા જ દિવસમાં દરેક અંગૂઠો સ્હેજ ફેલાવીને એમાંથી હું અવાજ કાઢતો થયો. જ્યારે એ સ્વયંભૂ અવાજ મેં સાંભળ્યો ત્યારે મારી વિજિગીષા તૃપ્ત થઇ.

પણ હાય! એ નકામી કળા કેળવતાં મારે ભારે ભોગ આપવો પડ્યો. શરીરના બધા સાંધા ઢીલા થઈ ગયા. હાથમાં તો મુદ્દલ જોર ન રહ્યું. કંઇક વસ્તુ હું જોરથી પકડું તો નાનું બાળક પણ એ વસ્તુ ઝૂંટવી શકે.

નિશાળમાં મને ફૂટબૉલ રમવાનો શોખ બહુ જ હતો. મારા દુર્બળ શરીરના પ્રમાણમાં હું ફૂટબૉલ બહુ જ સારી રીતે રમતો એમ કહી શકાય. રમતની કુશળતા કરતાં મારી પાસે ઝનૂન વધારે હતું. હાથ પગ ભાંગી જાય તો વાંધો નહિ, પણ સામા માણસને હંફાવ્યે જ છૂટકો. એટલે જ્યાં ધમચકડી જાગી હોય ત્યાં પણ ભાઇસાહેબ તો ઘૂસવાના જ. મારા વર્ગમાં મારૂં કદ સૌથી ઊંચું; એટલે ઘણીવાર મારૂં કદ અને મારૂં ઝનૂન બંનેની કદર કરી રમતમાં મને 'ગોલ-કીપર' નીમતા. ફૂટબૉલમાં ગોલ-કીપર એ તો સર્વ-તંત્રસ્વતંત્ર. એ તો પગ પણ વાપરે, હાથ પણ વાપરે, અને માથું પણ વાપરે. હું ગોલ-કીપર હોઉં એટલે મારો પક્ષ નિશ્ચિંત રહેતો. પણ એ લોકોને ક્યાં ખબર હતી કે હું ટાચકા ફોડવાની કળા કેળવવા મથતો હતો!

એક દિવસ હું ગોલ-કીપર હતો. ઊંચેથી પવન-દડો (ફૂટબૉલ) આવ્યો. લક્ષ્યવેધ (ગોલ) થવાની સૌની ખાતરી હતી. પણ ત્યાં તો હું એકાએક જોરથી ઊછળ્યો ને બે હથેલી વતી પવનદડાને રોક્યો. બધે મારો જયજય-કાર શરૂ થયો. પણ એટલામાં મેં જોયું કે પવનદડાનો વેગ રોકવાની શક્તિ મારી હથેળીમાં રહી ન હતી. નબળા હાથમાંથી પવનદડો છટક્યો ને એણે લક્ષ્યવેધ કર્યો. એક ક્ષણમાં જયજયકારને બદલે મારા પર ધિક્કાર વરસ્યો. આ કેમ થયું એની કોઇને ખબર ન પડી. ધ્યાન-માં કે ઝનૂનમાં હું કોઇ કાળે ઓછો નીવડ્યો ન હતો. આજે શું થયું? મિત્રો આવીને મારા હાથ તપાસવા લાગ્યા. હું કશું બોલ્યો નહિ, પણ મનમાં સમજી ગયો કે ટાચકા ફોડવાની કળા બહુ મોંઘી પડી છે!

એ જ ક્ષણે એ કળાનો ત્યાગ કરવાનો મેં નિશ્ચય કર્યો. પણ હવે 'કંબલ બાબા કો ક્યોં છોડે?' એ ઘાતકી ટેવ હજી યે મને વળગી રહી છે. જોકે એના ચાળા આજે તો હાથના બે પંજા પૂરતા જ રહ્યા છે. કેટલી યે વાર મેં પ્રયત્ન કર્યો કે એ ચાળામાંથી હું છૂટી જાઉં; પણ જેમ આંખની પાંપણો એની મેળે હાલે છે, તેમ બંને હાથ પોતાના ચાળા ચાલુ જ રાખે છે, ટાચકા ફૂટ્યા જ કરે છે, અને મને એની ખબરે નથી પડતી. હાથને કંઈ ગંભીર રોગ થાત તો યે મને લાગે છે કે મને આટલું નુકસાન ન થાત.

વિજિગીષા એ સારી વસ્તુ છે, ઝનૂન અને ટેક એ માનવ જીવનનું મીઠું છે, પણ વિચાર વગર એનો ઉપયોગ થાય તો સદા પસ્તાવાનું રહે છે;—અને પસ્તાવો કર્યે પણ કંઇ વળતું નથી. છંદે ચડીને કેટલી યે વાર મેં પોતાને નુકસાન કર્યું છે. સૌની પહેલો થવાનો મોહ મને હમેશ વળગતો નથી. પણ જ્યારેજ્યારે એ વળગ્યો છે ત્યારેત્યારે એણે મને આંધળો બનાવ્યો છે.

[ચાલુ] **દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર**

બહુરૂપી

ભેદભરી વાર્તાઓ, અઈયારી તથા બહુરૂપીની કથાઓ તેમજ ડિટેક્ટિવોનાં પરાક્રમોના અદ્‌ભુત કિસ્સાઓ અને લાંબી વાર્તાઓ વાંચવાનો રસ દરેકના જીવનમાં એક વાર તો બહુ પ્રગટે છે, અને તે વખતે તે જાતનું સારૂં વાચન મળે તો બુદ્ધિ તીવ્ર અને વિચારશક્તિ ચપળ બને છે. આવી દૃષ્ટિ રાખીને શ્રી ચંદુલાલ જેઠાલાલ વ્યાસે રાણપુરથી 'બહુરૂપી' નામનું અઠવાડિક શરૂ કર્યું છે. તેના થોડા અંક જોઇને અમને તેને માટે સારી આશા બંધાઇ છે. કથાને ઉચિત ભાષા ને વસ્તુસંકલનામાં શ્રી ચંદુલાલ ઘણા લાંબા વખતના કસાએલા લેખક છે. આ પત્ર એક વાર જાતે જ જોઇને ખાતરી કરી લેવા ઉપરાંત વધુ ભલામણ બીજી શી હોઇ શકે? વ્યવસ્થાપક 'બહુરૂપી', રાણપુર એ સરનામે લખવાથી દોઢ આનામાં નમૂનાનો અંક મળશે.



‘ગુજરાત પ્રબલ અને પ્રગતિમાન. એક અને અતુલ બને એવાં સ્વપ્નો જે નિરંતર સેવતા, તેનો ઇતિહાસ જેનું પરમ ધ્યેય હતું, તેની સાહિત્યસેવા જેનો જીવનમંત્ર હતો તે મિત્ર અને મહાત્મા’

રણજીતરામ વાવાભાઇ મહેતા



બોધિસત્ત્વ · ગૃહત્યાગ સમયે કુમાર સિદ્ધાર્થના મનોમંથનનું આલેખન · [અજંતા કલા]

જરા ત્રિભંગ કરી, જમણા હાથમાં ઇન્દીવર (ભૂરું કમળ) ધરી રાખી, જીવનમંથન કરી રહેલું ચિંતન અને કરૂણા ભરેલું સુકોમળ મોં ઢાળી ઊભેલી એ રાજેશ્વરની આ મૂર્તિ જગતભરની કલામાં આલેખનનો અપ્રતિમ નમૂનો ગણાય છે.

· વિગત માટે જુઓ પૃ. ૪૧૪નો અંતભાગ ·



[બીજા નંબરની ગુફાના એક ભાગની છતનું ચિત્રકામ

ગયા અંકને અનુસંધાને ચાલુ]

આટલું બધું કામ એક જ ખડકના પેટાળમાં ઉતાર્યું છે છતાં એ સ્તંભો, એ છત કે એ મૂર્તિમાં કોઇ ઠેકાણે પથ્થરનું એક પણ ગચ્ચું વધારે-પડતું ઊડી ગયું ન લાગે. બધે જ ઠેકાણે વિલસી રહેલી કોતરણીની એકસરખી સુરેખતા, સાદાઇ અને સુડોળપણું, તથા સંસ્કારભરી આકૃતિઓ હાલના કારીગરોને વિસ્મયમુગ્ધ કરે એવાં છે.

જ્યાં ચિત્રો કરવાનાં હોય છે ત્યાં ચિત્રની ભૂમિ ચોટે એટલા માટે ટાંકણાથી ભીંત ખાસ રીતે ટાંકેલી જણાય છે અને તેની ઉપર પહેલાં એક જાતની ગારનું અને તે પર પાતળું ચૂનાનું સપાટ અસ્તર કરી તેના ઉપર લાલ રેખાથી ચિત્રો દોરીને અનેક રંગોથી તેમાં સાદૃશ્ય ઉત્પન્ન કરવા-માં આવ્યું છે.

નં. ૧૬ની ગુફાની બહારની ઓસરીની ત્રણે બાજુની છત ચિત્રોથી ભરચક છે. આકાશમાં ગતિ કરી રહેલા ઇંદ્ર અને તેનો પરિવાર એ આ ઓસરીનું આગળ-પડતું ચિત્ર છે. બહુ જ વખણાએલું 'પ્રણયોત્સવ' નામનું ચિત્ર (જે એક વખત 'નવચેતન'માં પ્રગટ થઇ ગયું) પણ આ જ ઓસરીમાં છે. અંદરના ભાગમાં ભગવાન બુદ્ધના જન્માંતરોની કથાઓનાં ચિત્રો વડે ભીંતો જમીનથી તે છત સુધી ભરચક ભરી છે. જોકે તેમાંનો ઘણો ભાગ ખરી પડ્યો છે, નાશ પામ્યો છે કે કોઇએ ખોદી નાખ્યો છે, છતાં જે બાકી રહ્યું છે તેમાં પણ આખી કથા ઉકલે નહિ તો યે હજારો વર્ષ પહેલાંનાં જીવનનાં દર્દ, આનંદ, કરુણા વગેરે માનવ હૃદયને સહજમાં સ્પર્શ કરે એટલાં સચોટ રીતે આલેખાયાં લાગે છે. જોનાર જેમજેમ એ ચિત્રો પર આંખ ફેરવતો જાય છે તેમતેમ તે પોતાની આસ-પાસની સૃષ્ટિ ભૂલતો જાય છે અને પ્રાચીન યુગના રાજદરબારો, સુંદરીઓ, સાધુઓ અને નાગરિકોની સ્વપ્નસૃષ્ટિમાં તરવા માંડે છે. કોઇ ઠેકાણે રાજ-કુમાર દાન આપે છે ને ભિક્ષુઓ આગળ દોડે છે. અટારીઓમાંથી સું-દરીઓ છટાભર્યાં મુગ્ધ નયને લળી રહેલી દેખાય છે ને તેમના હાથમાંથી પુષ્પો ખરે છે. 'કુમાર'માં અગાઉ પૂર્ણ રંગમાં આવી ગએલું, 'બુદ્ધ યશોધરા અને રાહુલ'નું મોટું ચિત્ર પણ આ ૧૬



૧૬મા નંબરની ગુફાની ઓસરીની ભીંત પરનું ચિત્ર
ઇંદ્ર અને તેનો પરિવાર




ગુફા નં. ૧૬ની ઓસરીની ભીંત ઉપરનું એક બીજું સુંદર ચિત્ર: 'રાજકન્યા અને ભિક્ષુ'



૧૬મા નંબરની ગુફાની ઓસરીનો દેખાવ


નંબરની ગુફામાં જ છે.

અજંતાના આ મંડપોમાં કઇક ચિતારાઓની પીંછી ફરી છે, પણ તે બધાનું મન એક અનિવર્ચનીય ભાવમાં તરબોળ લાગે છે. બધા, હૃદયે ભીના, જગતના પરમ દયામય બુદ્ધના આદર્શો દૃશ્ય કરવા મથતા, વિશ્વકર્માની પેઠે પીંછીમાંથી ભાવ અને સ્વરૂપ પ્રકટાવતા એ ભીંતો ઉપર દિવસરાત મસ્ત થઇ કામ કરતા હશે ત્યારે જ આ વિશાળ મંડપ આટલી સુસંપન્ન કલાસિદ્ધિનો નમૂનો બન્યો હશે. ભીંત પરનો એકએક ચહેરો ખાસ ધ્યાનનો વિષય બને છે. એકએક હાથની અંગુલિલીલા, તે પર સરતાં સુંદર વલયો, કટિભંગ કરી ચામર લઈ ઊભેલી પરિચારિકાઓ, શરમથી નેત્ર ઢાળી રહેલી સુકુમાર રાજબાળાઓ, અનેક શસ્ત્રો સાથે



૧૬ નંબરની ગુફાની ઓસરી   સ્કેચ : ર. મ. રાવળ

અશ્વો પર ગતિ કરતા યોદ્ધાઓ,—એ બધી એના ચિતારાની સજીવ સૃષ્ટિ છે અને તે આપણને બધું સ્પષ્ટ બતાવવા એક પણ રેખા, એક પણ અલંકાર કે ભાવ અપ્રકટ રાખતો નથી. ચિત્રો જોતાંજોતાં આપણે એ જ ચિત્રકારનું જીવન ઉકેલીએ છીએ ને



ગુફા નંબર ૧૯ એ ચૈત્ય છે. પીપળપાનના આકારની કમાનવાળો તેનો દ્વારપ્રદેશ ઘણો રમણીય છે.




એ જ ગુફાના આંગણાની જમણી બાજુની ભીંતમાં 'નાગરાજના કુટુંબ'નું આ મનોરમ શિલ્પ છે.

તેની સાથે જીવીએ છીએ. તે માત્ર ચિત્ર બતાવનારો સાથી નથી રહેતો; તેના હૃદયમાં આપણે પેસીએ છીએ ને આપણને લાગે છે કે કાળજૂના એ દિવસોમાં યે માનવ હૃદય પ્રેમભક્તિ, વિયોગ ને અંતના એકસરખા જ અનુભવો અનુભવતું આવ્યું છે.

ગુફાના પ્રકારો

અજંતાની ગુફાઓમાં બે પ્રકારો છે: એકને ચૈત્ય અને બીજાને વિહાર કહે છે. નં. ૧૬ની ગુફા વિહારમંડપ છે. તેમાં સાધુઓ વસે તથા અધ્યયન કરે.







ગુફા નં. ૨૦ વિહાર


નંબર બેની ગુફા એ વિહાર છે, નં. ૧૯ની ચૈત્ય છે. ઉપરના નકશા પરથી એ ફેર સમજાશે

ચૈત્યમાં માત્ર પ્રાર્થના કે ઉપાસના કરવાની હોય, તેથી તે વધુ લાંબો હોય છે અને તેને સામે છેડે એક સ્તૂપ હોય છે. આ સ્તૂપ એટલે ભગવાન બુદ્ધના અવશેષ મૂકી ગોળાકારે બાંધી લીધેલી સમાધિ. તેની આસપાસ પ્રદક્ષિણા ફરવા જેટલી જગ્યા હોય છે ને ત્યાંથી તે દ્વાર સુધી બે બાજુ થાંભલાની હાર હોય છે. ચૈત્યની ઊંચાઇ વિશેષ હોય છે અને તેનું પ્રવેશદ્વાર ખૂબ કોતરણીથી ભરેલું ને દમામદાર હોય છે. અજંતામાં ૧૯મા નંબરની ગુફા તેનો મોટામાં મોટો ચૈત્ય છે અને તેના દ્વારદેશનું દૃશ્ય બહુ જ રમણીય અને અલૌકિક લાગે છે. તેના આંગણામાં જમણી બાજુની ભીંતમા નાગરાજનું આખું કુટુંબ કોતરેલું છે. એ શિલ્પમાં છવાએલા આનંદ, સ્વાસ્થ્ય અને સુખરૂપતા માટે એ દૃશ્ય વિરલ ગણાય છે. ચૈત્યની કમાનો પીપળપાન જેવા આકારની હોવાથી તે એકદમ ઓળખાય છે.

અજંતામાં ચૈત્યો અને વિહારો મળી કુલ ૨૯ નાનીમોટી ગુફાઓ છે. તેમાંની ૧, ૨, ૧૬ અને ૧૭ ગુફાઓમાંનાં ચિત્રો કંઇક અંશે સચવાયાં છે. બાકીની બધી ગુફાઓમાં તો ફક્ત કોઇકોઇ ભીંત ઉપર રમણીય ચહેરા, ખંડિત હાથપગ અથવા હાથી કે અશ્વ પર આરૂઢ








ઉપલું ચિત્ર: ૨૯મા નંબરની ગુફા (ચૈત્ય)નો સ્તૂપ અને થાંભલાઓની હાર બતાવતો અંદરનો ભાગ. વચલું ચિત્ર : ૧૯મા નંબરના ચૈત્યના થાંભલાઓ ઉપરના બારીક ભાસ્કર્ય (કોતરકામ)નો એક નમૂનો. નીચલું ચિત્ર : એ જ ચૈત્યમાં થાંભલાઓની હારની પાછળ પણ ભીંતો ઉપર કોતરકામ કરેલું છે. ચિત્રમાં બતાવેલું ભાસ્કર્ય બુદ્ધના નિર્વાણ પ્રસંગનું છે.

શરીર તૂટકતૂટક રહ્યાં છે. આ બધાંને સાચવવાને નિઝામ સરકાર તરફથી મોટા ખર્ચે વ્યવસ્થા થઇ છે. યૂરોપથી આ કામના કુશળ માણસે આવીને દરેક ઠેકાણે જંતુનાશક દવાઓ નાખી સીમેંટથી તે પોપડાઓને જેમના તેમ ટકાવી રાખ્યા છે, અને વીસ પચીસ વર્ષ સુધી તો વધુ નુકસાન નહિ થાય એમ માનવામાં આવે છે. ૪, ૬ અને ૨૪ નંબરની ગુફાઓમાં કોરતાંકોરતાં અરધું કામ બાકી રહ્યું છે તેથી ગુફા કોરવાની તે કાળની રીત સ્પષ્ટ સમજાય છે. કૉશ કે ચાંચવા (એક ચાંચવાળા ત્રીકમ) વતી સીધી ભીંતોની જેમ ગલીઓ કોરતા જાય અને પછી વચલા ગાળા પાછળથી ધકેલી પાડે. પછી બીજી મંડળી તેની પાછળ સફાઈ કે સપાટી કરતી ચાલે.

કોતરકામ તો બધી જ ગુફાઓનું જોસદાર ને સુંદર છે. પણ તેમાં યે નં. ૧ની ગુફા કોરનારાઓનું પરાક્રમ તો અજબ લાગે છે. શી રીતે તેમણે અનેક અડચણો અને મુશ્કેલીઓ છતાં એ ૧૨૦ ફીટનું સીધું ઊંડાણ ખેંચ્યું હશે તે કોયડો જ લાગે. તે ગુફાનું મોં ૬૫ ફૂટ પહોળું છે. આગલો મંડપ ૧૪ ફૂટ પહોળો, ૧૯ ફૂટ ઊંચો અને ખૂબ નકશીદાર વેલો, સુંદર સ્તંભો વગેરેથી ભરચક છે. અંદરનો ખંડ ૬૪ ફૂટ ચોરસચોરસ છે. તેને ફરતા વીસ થાંભલા છે અને થાંભલાઓની આસપાસ ઓસરી છે. એ મંડપની અંદર સામી બાજુએ ઓગણીસ ફૂટ લાંબી અને બાર ફૂટ ઊંડી એક બીજી ઓસરી છે. ત્યાંનું નકસીકામ બેહદ સુંદર છે. એ ઓસરીની વચ્ચે જ ગર્ભમંદિરમાં દ્વારપાળો સહિત ભગવાન બુદ્ધની સુંદર મૂર્તિ છે. બહારથી આ મૂર્તિ સુધીનું અંતર ૧૨૦ ફૂટ થાય છે.


એ ગર્ભમંદિરની ઓસરીમાં જ 'ભગવાન બુદ્ધની તપશ્ચર્યા અને મારનું આક્રમણ' આખી ભીંત ભરીને ચીતરેલું છે. અસંખ્ય પ્રકારનાં પ્રલોભનો તથા ભયનાં સાધનો સાથે માર બુદ્ધ ભગવાનને ચળાવવા આવ્યો છે. તેમાં ચિત્રકારની પીંછીની લીલા અજબ છે. સ્વચ્છ પાણીદાર રેખાઓમાં એકેએક આકૃતિ એટલા વિવિધ અભિનય, ભાવો ને અલંકારો સમેત ચીતરી છે કે આજના ચિતારાને ફરી તેની આગળ શીખવા બેસવું પડે. એ ચિત્રમંડળમાં બુદ્ધ ભગવાનની મૂર્તિ અલૌકિક શાંતિ વાળી છે. આખું યે ચિત્ર લગભગ ૧૨ ફૂટ ઊંચું

ને ૮ ફૂટ પહોળું છે. જ્યાં પ્રકાશ ફક્ત સાંજને જ વખતે અને તે પણ સહજ વાર જ પહોંચે છે એવી આ ભીંત પર આટલી બધી નકશી ને કલાભરી આકૃતિઓ શી રીતે ચીતરાઈ હશે? આજે પણ જ્યારે સાંજને વખતે સૂર્યનું આ ગુફામાં છેલ્લું કિરણ પડે છે ત્યારે થોડી વાર બધાં ચિત્રો ઝગઝગી ઊઠે છે ને જોનારને ઊંડા મૌનમાં નાખી દે છે. 'અદ્‌ભુત!' 'અદ્‌ભુત!' બોલતું તેનું હૃદયપ્રણામ જ કરી રહે છે.




૧૯મા નંબરની ગુફા (ચૈત્ય)ના મનોહર દ્વારપ્રદેશનું નજીકનું દૃશ્ય
ડાબી બાજુના પડખાની ભીંત પર નાગરાજના કુટુંબનું શિલ્પ દેખાય છે.

ગુફા નં. ૧ તથા ૨માં સૌથી વધુ ચિત્રો સચવાયાં છે. વળી તેનો સમય જાણવાને પણ તેમાંથી પુરાવા મળે છે. નં. ૧ના મંડપની ઓસરીમાંના, હિંદુ રાજા પુલકેશી બીજાના દરબારમાં ઈરાનના રાજા ખુશરૂ પરવીઝના એલચીઓ ભેટ ધરી રહ્યા છે એ દૃશ્યથી ઈરાન અને હિંદનો વ્યવહાર સમજાય છે. ઘણે ભાગે ઈ.સ. ૬૨૬ થી ૬૨૮નો એ પ્રસંગ છે. એ પહેલા નંબરની ગુફામાંનું ચિત્રકામ અજંતાની કળાની સમૃદ્ધિની સીમા બતાવે છે. દુનિયાના ઘણા મુલકોની પ્રાચીન કળાનું સાધન રેખા છે, છતાં અજંતાના ચિત્રકારની રેખામાં જે અનેક તત્ત્વો પ્રકટ્યાં છે તે દુનિયાની બીજી કળાઓમાં જણાયાં નથી. અહીં પીંછી ઉપર કલાકારનું એટલું બધું પ્રભુત્વ દેખાય છે કે તેમાંથી ફૂટતી રેખા ભાવ પ્રમાણે જ સ્વરૂપ લેતી





અનેક પ્રલોભનો અને ભયનાં સાધનો સાથે બુદ્ધ ભગવાનને ચળાવવા આવેલા મારનું શિલ્પ
બાજુએ : એ જ વિષયનું ભીંતચિત્ર




ચામર ઢાળતી સુંદરીનો લાવણ્યભર્યો હાથ
અજંતાના રેખાંકનનો એક નમૂનો



યક્ષદંપતીનું 'સ્નેહયુગલ'

ચાલે છે. ગોળ કે ઘન આકૃતિઓને રેખામાં ઉતારવાની ક્રિયા તેમને સુસાધ્ય થઇ ગઇ હતી એમ અજંતાની આકૃતિઓ પરથી સ્પષ્ટ લાગે છે. ક્યાંક ઉપસતી આકૃતિઓ, ક્યાંક ઝૂલતા મોતીહારો અને મુલાયમ વસ્ત્રો, ક્યાંક ફૂલતી નાસિકા અને મૃદુ ઉદરો તો ક્યાંક ધાતુના મણિભૂષિત ઝગઝગિત મુકુટો જુઓ ત્યારે જ તમને અજંતાના ચિત્રકારનું આલેખન-સામર્થ્ય પ્રત્યક્ષ થાય. માત્ર રેખાઓમાં જ માનવશરીરને આટલા બધા વૈવિધ્યથી આલેખનારા ચિતારા જગતમાં બીજે ભાગ્યે જ મળશે. લેશમાત્ર થથરાટ વગર, નિઃશંકપણે અને છટાપૂર્વક અર્થભાવ લક્ષણથી સંપૂર્ણ ચિત્ર દોરનારો અજંતાનો એ ચિત્રકાર એ યુગ લક્ષમાં લેતાં જગતનો કોઇ પયગમ્બર જ લાગે છે.

એ જ ગુફાના ગર્ભમંદિરની આગળ જમણી બાજુએ મંડપની ભીંત પર 'બોધિસત્ત્વ'નું મોટું આલેખન છે. કુમાર સિદ્ધાર્થ બુદ્ધપદ માટે ગૃહત્યાગ કરે છે એ સમયનું એ રૂપકચિત્ર છે. ખરા માનવ માપ કરતાં પણ મોટા એ ચિત્રમાંની, જરા ત્રિભંગ કરી, જમણા હાથમાં ભૂરૂં કમળ (ઇન્દીવર) ધરી રાખી, જીવનમંથન કરી રહેલું સુકોમળ મોં ઢાળી ઉભેલી એ રાજેશ્વરની મૂર્તિ જગતભરની કળામાં અપ્રતિમ નમૂનો ગણાય છે. ભીંત ઉપર, સ્વાભાવિકતા અને લાઘવથી કેવળ નિમિષમાં દોરેલી સરળ રેખાઓમાં, વિશાળ સ્કંધ અને સુંદર દીર્ઘ બાહુની વચ્ચે જરાજરા છાયા પૂરીને કોઈ ખૂબીથી મૃદુતા અને સુગોળપણું આણ્યાં છે. ધૂળિયા રંગોના અજબ મિશ્રણથી દર્શાવેલું માંસલ મનોહર મુખારવિંદ ચિંતન કરુણા અને મનોમંથનની સચોટ છાપ બતાવે છે. પીંછીના એક જ લસરકાથી દોરેલી ભ્રમરો કોઇ કલાપારંગત ઉસ્તાદી હાથની અચૂક નિશાનીઓ છે. નાસિકા અને હોઠ આગળ ભાવ ઉપજાવવા પૂરતી છાયા પૂરી છે તે પરથી ચિત્રકાર તેનાં સાધનોનો કેવો સરસ ઉપયોગ કરી જાણે છે




બીજા નંબરની ગુફાની ભીંત પરનું સુંદરીના વધનું કરુણાભર્યું ચિત્ર

તે સમજી શકાય છે. આ બોધિસત્ત્વનો મુકુટ કારીગરીનો એક અનેરો નમૂનો છે. (જુઓ ચિત્ર પ્લેટ)

એ ભાગના આખા યે ચિત્રમંડળમાં આ સ્વરૂપ મોટું કદાવર હોવા છતાં અતિ મનોરમ છે. તેની આસપાસની દેવસૃષ્ટિ, માનવસૃષ્ટિ અને વિચારનિમગ્ન યશોધરાનાં ચિત્રો જુઓ ત્યારે લાગે કે ચિત્રકાર આવેગ અને સ્વાસ્થ્ય, ધીરતા અને ત્વરા દર્શાવવામાં એકસરખી જ કુશળતા ધરાવે છે. અને તેની સાથેસાથે સમગ્ર ચિત્રમંડળનું સંવિધાન પણ આશ્ચર્યકારક છે. આ ચિત્ર ઉપરાંત તેની નજીકમાં જ એક બારણા પર યક્ષદંપતીનું નિર્દોષ સ્નેહયુગલ ચીતરેલું છે. એ જ મંડપની ડાબી બાજુની ભીંત પર બુદ્ધના પૂર્વજન્મની કથાઓમાંની ચંપેય જાતકની વાર્તાનું 'કાશીરાજ અને નાગરાજના મિલન'નું ભવ્ય ચિત્ર છે. આ બધાં ચિત્રો જોતાં લાગે છે કે અજંતાવાસીઓને સંસારનાં જ્ઞાન અને અનુભવ બહુ વિગતે સુપ્રાપ્ત હતાં.

બીજા નંબરની ગુફામાંનાં ચિત્રો છેવટના કાળનાં ગણાય છે, છતાં યે તેમાંનાં બેચાર ચિત્રો તો અજંતાકળાની ઉત્કૃષ્ટ પંક્તિમાં ગણીએ એવાં છે. એક ભીંત પર, ઉપરથી ખંડિત થએલું છતાં ચિત્રપ્રસંગની વિગત કળી શકાય એવું એક અત્યંત કરુણાભર્યું ચિત્ર છે. અનેક યુવતીઓથી ભરેલા રાજમંડપની વચ્ચે સિંહાસન ઉપર કોઇ પુરુષ બિરાજમાન છે. તેના હાથમાં ખુલ્લું ખડ્ગ છે અને ચરણોમાં નમી રહેલી કોઇ અભાગી રમણી ઉપર તે તોળાઇ રહ્યું છે. આસપાસની સર્વ આકૃતિઓ તેના કમનસીબથી કંપી રહેલી ભયભીત લાગે છે. એકાદ દયા માટે યાચના કરે છે. એ પ્રસંગનો અંત કલ્પી આપણે પણ ભૂતકાળની એ રમણી માટે દયાની યાચના કરવા પ્રેરાઇએ એવું ભાવપૂર્ણ આ ચિત્ર ગમે તે જોનારને ઘડી ચુપકીદીમાં જકડી લે છે.



ઉપલા ચિત્રમાં રાજાનાં ચરણોમાં નમી રહેલી દયા યાચતી અભાગી રમણીના ચિત્રનું લાલિત્યભર્યું રેખાંકન

પાછળના કાળમાં આ મંડપમાં થએલાં ચિત્રો અજંતાની કળાની ઊતરતી દશા બતાવે છે. ખોતાન તુર્કસ્તાનમાં એ કાળમાં પ્રચલિત થએલી ચિત્રકળા જેવાં જ એ છે. તેમાંથી અસલનું હીર ઊડી ગયું લાગે છે.

[આવતા અંકમાં પૂરું]

રવિશંકર રાવળ

ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર

કળાભવન વિકાસ પામી ધંધાઉદ્યોગની એક વિદ્યાપીઠ બને તે એમનો મૂળ ઉદ્દેશ હતો. માતૃભાષા ગુજરાતીમાં વિવિધ વિદ્યાનાં મોટાં પુસ્તકોની જરૂર હતી તેથી તેમણે બીજાં પણ કેટલાં યે પુસ્તકોનાં ભાષાંતર કરાવ્યાં;—માનસશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્રનો ઇતિહાસ, સાંચાકામ ને ચિત્તશાસ્ત્ર, વિજ્ઞાનની નિયત અભ્યાસરેખા, વર્તમાન ભૂમિતિશાસ્ત્ર, વ્યાવહારિક ભૂમિતિ ઇત્યાદિ ઘણાંક પુસ્તકો તૈયાર કરાવી પ્રસિદ્ધ કર્યાં. આ ઉપરાંત ઘણાંક પુસ્તકોને ગુજરાતી ભાષામાં ઉતારવાનો પ્રો. ગજ્જરનો મનોરથ હતો; પણ કેટલાક સંજોગોને લીધે આ ઉચ્ચ આદર્શવાદી મહાપુરુષનો આ પ્રયત્ન સફળ ન થયો. તેમણે ભાષાંતર કરવા ધારેલાં પુસ્તકોની યાદી કળાભવનના ૧૯૨૧-૨૨ના બોધકપત્ર–રિપોર્ટના પરિશિષ્ટ કમાં આપી છે તે પરથી તેમની વિશાળ યોજનાનો કંઇક ખ્યાલ આવે છે. એમની એ યોજના જો અમલમાં મુકાઇ હોત તો ગુજરાતનું વિજ્ઞાન વિષયનું સાહિત્ય ઘણું સમૃદ્ધ હોત. આમ પ્રો. ગજ્જરના અથાગ પ્રયત્નથી કલાભવન ઘણું પ્રસિદ્ધિ પામ્યું. હિંદના વિવિધ પ્રાંતના વિદ્યાર્થીઓ અભ્યાસાર્થે ત્યાં આકર્ષાઇને આવવા માંડ્યા ને તે કળાભવન ઉદ્યોગધંધાની કેળવણીનું સુંદર ધામ ગણાવા લાગ્યું.

પ્રો. ગજ્જરની આવી ઉચ્ચ શક્તિ જોઇ સર સયાજીરાવ મહારાજાએ વડોદરા રાજ્ય માટે ઉત્તમ માનસિક તથા વ્યાવહારિક કેળવણીની યોજના ઘડવાનું કામ તેમને સોંપ્યું. તેમણે જાપાન, અમેરિકા તથા યુરોપના દરેક દેશની કેળવણીના અભ્યાસક્રમ તપાસ્યા અને તેના હેતુનું રહસ્ય સમજી આ દેશ માટે કેવા પ્રકારની કેળવણી અનુકૂળ થશે તેનો નિર્ણય કર્યો તથા યોજના ઘડી. કાઢી એ યોજના એટલી ઉત્તમ હતી કે સર રેમન્ડ વેસ્ટ જેવા તે વાંચી તાજુબ થઇ ગએલા. તેણે તો લખ્યું છે કે 'જો એ મુજબ વડોદરા રાજ્યમાં કેળવણીનો પ્રબંધ થયો હોત તો વડોદરા આખા હિંદમાં વિદ્યાનું મુખ્ય ક્ષેત્ર બનત.'

કળાભવન છોડ્યું

પ્રો. ગજ્જર ૧૮૮૫ લગભગ વડોદરાની નોકરીમાં જોડાયા હતા. ૧૮૯૦માં કળાભવનના મુખ્ય સંચાલક તરીકે તેમણે કામ હાથ ધર્યું તે જ વેળા તેમણે શરત કરી હતી કે કળાભવનને અંગે પોતે જે યોજનાઓ રજુ કરે તેને શ્રીમંત સરકારે આર્થિક અને હાર્દિક ટેકો આપવો, અને ના. મહારાજા સાહેબ સિવાય કોઇએ કળાભવનના કાર્યપ્રદેશમાં કશી દખલગીરી કરવી નહિ. પણ આ સંસ્થા ને કાર્યપ્રદેશ જેમ જેમ વધતો ગયો તેમતેમ તેનું ખર્ચ પણ વધતું ચાલ્યું, જે ધીમેધીમે રાજ્યને ભારે પડવા લાગ્યું. પરિણામે પ્રો. ગજ્જરને કેટલીક યોજનાઓ પડતી મૂકવી પડી ને કેટલાક કાર્ય સંકેલાયાં. આથી તેમનો ઉત્સાહ મંદ થયો અને કામમાં રસ ઓછો થયો. વળી પ્રો. ગજ્જર આ સંસ્થાની સ્વતંત્રપણે વ્યવસ્થા કરતા હતા; કેળવણી ખાતાનો તેમાં હાથ નહોતો. સંસ્થા દેશભરમાં ઘણી જ પ્રસિદ્ધિ પામી હતી તેથી રાજ્યના કેળવણીખાતાના અધિકારીઓને તેનો સ્વતંત્ર કારભાર ખૂંચતો. તેથી તેમણે એ સંસ્થાના કાર્યપ્રદેશની, તેના ખર્ચની, તેના અભ્યાસક્રમની તથા અન્ય કેટલીક બાબતોની યોગ્યાયોગ્યતાની વણમાગી ટીકા કરવા માંડી. પ્રો. ગજ્જર જેવા સ્વમાની, નિડર ને સ્વતંત્ર ખવાસના પુરુષથી એ સહન ન થયું અને સને ૧૮૯૬માં વડોદરા રાજ્યની નોકરીનું રાજીનામું આપી પોતાની એ પ્રિય સંસ્થાનો તેમણે ત્યાગ કર્યો. તેમના ગયા પછી થોડા જ સમયમાં શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ પણ વડોદરા છોડી ભાવનગર રાજ્યની નોકરીમા જોડાયા.

આમ શ્રી ગજ્જરનું યુવાનીનું સ્વપ્ન અધૂરૂં જ રહ્યું. દેશની ઔદ્યોગિક સ્થિતિનો શાસ્ત્રીય અભ્યાસ કરી ભારતને પાશ્ચાત્ય દેશો જેવો બનાવવાની તેમની ધારણા નિષ્ફળ ગઇ. તેમની યોજના અવ્યવહારૂ નહોતી. તેમનામાં પ્રેરણાશક્તિ કે બુદ્ધિબળ ઓછાં નહોતાં. પણ પ્રજાનો જોઇતો સહકાર અને રાજ્યાશ્રય તેમને ન મળ્યાં. છતાં કળાભવન માટે પ્રો. ગજ્જરને ઘણી જ લાગણી હતી. જતાંજતાં પણ તે દીવાન બહાદુર મણિભાઇને ભલામણ કરતા ગએલા કે 'કેટલાંક કારણોથી જોકે હું તો કળાભવન છોડું છું પણ જે બાળકને મેં જન્મ આપ્યો છે ને જેને મેં મારે હાથે મોટું કર્યું છે તે મરી ન જાય તેની સંભાળ

રાખજો. કેમકે તેને સારૂ મેં મારો પ્રાણ અર્પણ કર્યો છે.'

પણ કળાભવનનો આત્મા ગયો એટલે ધીમે ધીમે તેનું તેજ ઘટતું ગયું. આજે એ જ કળાભવનમાં તેના આદ્ય સ્થાપકની માતૃભાષા દ્વારા ઉદ્યોગ ધંધાની કેળવણી આપવાની આંતરિક ઇચ્છાનો સંપૂર્ણ નિરાદર થાય છે. ત્યાં શીખવાતી લગભગ બધા વિદ્યાની કેળવણી અંગ્રેજી ભાષા દ્વારા જ આપવામાં આવે છે.

મુંબાઈમાં પ્રોફેસર અને મુંબાઈ વિદ્યાપીઠમાં સુધારા

વડોદરા રાજ્યની નોકરી છોડીને પ્રો. ગજ્જર મુંબાઇ આવ્યા અને વિલ્સન કૉલેજમાં કેમિસ્ટ્રીના પ્રોફેસર નીમાયા. પોતે મુંબાઇ વિદ્યાપીઠના ફેલો તો હતા જ. વડોદરા કળાભવનમાં હતા તે વખતે તેમણે 'યૂનિવર્સિટી રીફૉર્મ' પર એક પત્રિકા લખી બહાર પાડી હતી. મુંબાઇ આવ્યા બાદ એમ.એ.ના અભ્યાસક્રમ માટે ઇતિહાસ તથા તત્ત્વજ્ઞાનના વિષય જુદા પાડેલા જોયા ત્યારે તેમને વિચાર થયો કે એમ.એ.ના અભ્યાસક્રમમાં ભૌતિકશાસ્ત્ર ને રસાયનશાસ્ત્ર બંને એકઠાં લેવાં પડે છે તે બંને પણ જુદાંજુદાં પાડી દેવામાં આવે તો વિદ્યાર્થીઓ રસાયનશાસ્ત્રમાં સારો રસ લે. એ વખતે વિજ્ઞાન લઇ એમ.એ.ની ઉપાધિ બહુ થોડા લેતા. દેશના આર્થિક ઉદ્ધારને સારૂ વિજ્ઞાનની ને ખાસ કરી રસાયનશાસ્ત્રની જરૂર છે એવું પ્રો. ગજ્જરનું દૃઢ મંતવ્ય હતું.

પોતે સારા વિજ્ઞાનશાસ્ત્રી હતા અને અન્ય પર સારો પ્રભાવ પાડી શકતા. તેથી વિદ્યાર્થીવર્ગમાં તેમ-જ મુંબાઇ યૂનિવર્સિટીના નિયામક મંડળના સભ્યો પર તેમણે સારી છાપ પાડી સર્વના મનમાં વિજ્ઞાનની ઉપયોગિતા સમજાવી, અને રસાયનશાસ્ત્રનો વિષય જુદો પડાવ્યો. તેનો અભ્યાસક્રમ ફાધર કૅમ્પની સાથે બેસી પોતે ઘડી કાઢ્યો અને વિદ્યાર્થીઓની સગવડ માટે પોતે પદરને ખર્ચે રસાયનશાસ્ત્રની ખાનગી પ્રયોગશાળા ઉઘાડી અને તેમાં તેમના અભ્યાસ તથા પ્રયોગોની ગોઠવણ કરી આપી. આ પ્રમાણે તેમણે મુંબાઇ વિદ્યાપીઠમાં રસાયનશાસ્ત્રનો અભ્યાસ વધારવા સારૂ તનમન અને ધનને ભોગે મહેનત લીધી. આજે આ ઇલાકામાં અત્યારના જે રસાયનશાસ્ત્રીઓ આપણી વિદ્યાપીઠે તૈયાર કર્યા છે તે તેમની જ એ મહેનતનું ફળ છે. જો તેમણે રસાયનશાસ્ત્રને સારૂ એટલી પ્રીતિ, ખંત અને પૈસાનો ભોગ આપ્યો ન હોત તો રસાયનશાસ્ત્રનો અભ્યાસ આપણા ઇલાકામાં કયારે વધત તે કહી શકાતું નથી. રસાયનશાસ્ત્રનો પાયો નાખવાનું કામ તેમણે જ આ ઇલાકામાં કર્યું છે તેની કોઈ ના કહી શકે તેમ નથી. વિજ્ઞાનના અભ્યાસમાં મુંબાઇ ઇલાકો કેટલો પછાત હતો તે વિષે ગુજરાત કૉલેજના હાલના પ્રો. ડી. ડી. કાંગા ૧૯૦૭ માં 'રસાયનશાસ્ત્ર તથા હુન્નર ઉદ્યોગ' નામની પત્રિકામાં લખે છે: "વિદ્યાપીઠ ૧૮૬૫માં સ્થપાઇ ત્યારથી ૧૯૦૬ સુધીના ૪૧ વર્ષમાં વિજ્ઞાન લઇ એમ.એ. થએલા માત્ર ૩૬ જણ છે, જે સરાસરી વર્ષમાં એક પણ ન થયો! આ ૩૬માંથી પણ કોઇ ઉદ્યોગ ધંધામાં તો પડ્યો જ નથી; બધા જ શિક્ષણના ધંધામાં ગૂંથાયા છે, તેમાં યે ૧૮૯૧ થી ૧૮૯૯ સુધીમાં તો રસાયનશાસ્ત્ર લઇ એક પણ વિદ્યાર્થી એમ. એ થયો નથી. પણ ૧૯૦૩ પછી પ્રો. ગજ્જરના પ્રભાવશાળી પ્રયત્નથી રસાયનશાસ્ત્ર લઇ વીસ વિદ્યાર્થી એમ.એ થયા છે."

આયોડિન ટરક્લોરાઇડ

પ્રો. ગજ્જર વિલ્સન કૉલેજની નોકરીમાં જોડાયા પછી મુંબાઇમાં સખ્ત મરકી ફાટી નીકળી. ઢગલાબંધ માણસ મરવા માંડ્યું. કોઇ દવા કાર કરતી નહોતી. તેથી પ્રો. ગજ્જર તેને સારૂ કોઇ ઉપાય શોધી કાઢવામાં ગૂંથાયા. મરકી જંતુઓથી ઉત્પન્ન થતો રોગ છે. એટલે કોઇ જંતુઘ્ન તત્ત્વવાળી દવા બનાવી દર્દીને આપવામાં આવે તો તે બચી શકે ને રોગમુક્ત થાય એવો વિચાર પ્રો. ગજ્જરની કલ્પનામાં સ્ફૂર્યો. આયોડિન તથા ક્લોરિન એ બંને તત્ત્વો જંતુઘ્ન છે તેથી તેના સંમિશ્રણવાળી દવા પ્લેગના દર્દ પર આપી હોય તો દર્દ નાબૂદ થાય એવો તેમણે નિર્ણય કર્યો. પણ એ બંને તત્ત્વોનું સંમિશ્રણ સ્થાપક સ્વરૂપમાં બને જ નહિ, અને બને તો થોડા સમયમાં છૂટું પડી જાય એમ વિજ્ઞાનશાસ્ત્રીઓ માનતા. પ્રો. ગજ્જરે આ અસંભવિત મનાતો કોયડો હાથ ધર્યો અને 'આયોડિન ટરક્લોરાઇડ' નામની પ્રસિદ્ધ દવાની શોધ કરી. જ્યારે દાક્તરોની પૂરેપૂરી ખાત્રી થઇ કે તે પ્લેગ પર તે

અકસીર ઇલાજ રૂપ છે ત્યારે જ તે દવા તેમણે બહાર પાડી. પોતે શોધેલી દવાનો લાભ લોકોને મળવો જોઇએ તે ઉદ્દેશથી મુંબાઇમાં સ્થળેસ્થળે મથકો ખોલી પ્લેગના દર્દીઓને તે મફત વહેંચવા માંડી. વિલાયતી દવા બનાવનારી કંપનીઓએ હજારો રૂપિયા આપી આ દવાનો પેટન્ટ ખરીદવા ઇચ્છા બતાવી તથા એ દ્વારા પ્રો. ગજ્જરની રસાયનશાસ્ત્રી તરીકે કીર્તિ દુનિયાભરમાં ફેલાવવા લાલચ આપી, પણ તેમણે તેનો અસ્વીકાર કર્યો અને પેટન્ટ ન લીધો. જેમ જગદીશ બોઝે પોતાની કોઇ શોધના પેટન્ટ નથી લીધા, પણ પોતાની શોધ સાર્વજનિક અ-ગર જગત આખાની માલિકીની ગણાવી છે, તેમ પ્રો. ગજ્જરે પણ આ શોધનો પે-ટન્ટ લીધો નથી. અલબત્ત એથી આ દવાને જોઇતી પ્રસિદ્ધિ ન મળી ને તેથી તેનો ઉપયોગ પણ બહોળા પ્રમાણમાં ન થયો. આ દવાથી જગતના અમૂલ્ય ઔષધોમાં તેમણે એકની વૃદ્ધિ કરી. આ શોધની કેટલાંક રસાયનશાસ્ત્રનાં માસિકોમાં પણ પ્રશંસાપૂર્વક નોંધ લેવામાં આવી હતી. જગતના કોઇ અન્ય દેશમાં આ શોધ થઇ હોત તો તેનો શોધક બહુ માનને પાત્ર ગણાઇ વધુ પ્રસિદ્ધિ પામ્યો હોત. વળી ફ્લુઓરિન નામનું તત્ત્વ ક્લોરિન કરતાં પણ વધુ જંતુઘ્ન છે તેનો ઉપયોગ પણ આ અર્થે કરવાનો પ્રો. ગજ્જરનો મનોરથ હતો. પણ સમય તથા સંજોગોના અભાવે તે વિચાર પોતે અમલમાં લાવી શકયા નહિ.

મહારાણીનું પૂતળું

મુંબાઇના કોટમાં એસ્પ્લેનેડ પર સને ૧૮૯૮માં મહારાણી વિક્ટોરિયાના બાવલાનું મુખ છૂપી રીતે કોઇ સજ્જડ કાળો રંગ લગાડીને કોઇએ કાળું કર્યું હતું. આ કૃત્ય બહુ જ અપમાનજનક હતું. એ કાળો રંગ દૂર કરવા અધિકારીઓએ પ્રયાસ આદર્યા. મોટા સરકારી પૃથક્કરણના રસાયનશાસ્ત્રીઓએ તથા અન્ય યુરોપીય નિષ્ણાતોએ તે કાળા ડાઘ કાઢવા સારૂ ખૂબ મહેનત કરી, પણ તેમના સર્વ પ્રયત્ન નિષ્ફળ ગયા અને એ વિષે મુંબાઇમાં તેમ જ બહાર ખૂબ ચર્ચા ચાલી. પ્રો. ગજ્જર રંગના નિષ્ણાત ગણાતા. આ વિષયમાં તેમની પ્રસિદ્ધિ જર્મની સુધી હતી. તેથી આ કામ હાથમાં લેવા તેમના મિત્રોએ સૂચના કરી. તે પરથી પોતે મુંબાઇ મ્યૂનિસિપાલિટીને કાગળ લખ્યો પણ તેનો ઉત્તર ઉત્તેજનકારક ન મળ્યો. તે છતાં તેમણે ફરીથી કાગળ લખ્યો અને બાવલાના થોડા ભાગ પર કામ કરવાની તેમને પરવાનગી આપવામાં આવી. રંગનાં તત્ત્વોનો તેમનો ઊંડો અભ્યાસ હોવાથી પોતે પ્રયોગ શરૂ કર્યો અને તે ભાગ સાફ કરી આપ્યો. પરિણામે તેમને આખું કામ સોંપવામાં આવ્યું. જે કામ યુરોપીય નિષ્ણાતો ન કરી શકયા તે પ્રો. ગજ્જરે કર્યું અને ત્યારથી તેમની કીર્તિ આખા હિંદુસ્તાનમાં મોટા રસાયનશાસ્ત્રી તરીકે પ્રસિદ્ધ થઇ. કળાભવનમાં રંગરસાયનનો પોતે સારો અભ્યાસ કરેલો, અને મેળવેલા જ્ઞાનનો ક્યાં કેવો ઉપયોગ કરવો તે માટે તેમનામાં ખાસ વિલક્ષણતા હતી તથા વૈજ્ઞાનિક કલ્પનાશક્તિ પણ પુષ્કળ હતી. હિંદના વિજ્ઞાનશાસ્ત્રીઓની બુદ્ધિ તથા હોશિયારી કોઇ પણ વિષયમાં પાશ્ચાત્ય વિદ્વાનો કરતાં કોઇ રીતે ઉતરે તેમ નથી એમ તેમણે આ કાર્યથી સાબિત કરી આપ્યું.

ટેકનો-કેમિકલ લેબોરેટરી

પોતાને રસાયનનું સ્વતંત્ર કામ કરવાનો શોખ હતો તેથી પોતે વિલ્સન કૉલેજમાં પ્રોફેસર હતા ત્યારે જ

ગુલામ

[ગુલબંકી]

હું ગુલામ ?
સૃષ્ટિ–બાગનું અતુલ ફૂલ માનવી ગુલામ ?
સ્વચ્છંદ પંખી ઊડતાં,
સ્વતંત્ર પુષ્પ ખીલતાં,
હલાવતાં સુડાળ ઝાડ, ના કહેતું કોઇ ના:
સરે સરિત નિર્મળા,
નિરંકુશે ઝરે ઝરા;
વહે સુમંદ નર્તનો, ન હાથ કોઇ દેતું ત્યાં:
સિંધુ ઘૂઘવે કરાળ,
ઊછળે તરંગમાળ,
ગાન કોઇ રોકતું ન, નિત્ય ગીત ગાજતાં:
સ્વતંત્ર પ્રકૃતિ તમામ,
એક માનવી જ કાં ગુલામ?!

ઉમિયાશંકર જોશી

પોતાની ખાનગી પ્રયોગશાળા ગોઠવેલી અને ત્યાં પોતે કામ કરતા. પ્રયોગશાળા પર તો તેમની અથાગ પ્રીતિ હતી. એમના કાર્ય તથા પ્રતિભાશાળી વ્યક્તિત્વથી સૌ અંજાતા અને તેમનામાં અજબ પ્રેરણાશક્તિ પણ હતી. એટલે એ પ્રયોગશાળાએ ઘણા વિદ્યાર્થીઓ ઘડ્યા. મુંબાઇ ઇલાકાની કૉલેજોમાં હાલ રસાયનશાસ્ત્રના પ્રોફેસરો તરીકે કામ કરનારમાંના ઘણાખરા તેમના જ શિષ્યો છે.

સને ૧૮૯૯માં તેમણે પોતાની મોટી પ્રયોગશાળા ઊભી કરી. તેને શિક્ષણ વિભાગ તથા ઔદ્યોગિક વિભાગ એમ બે વિભાગમાં વહેંચી પ્રયોગો આદર્યા અને તેનું નામ પોતે 'ટેકનો-કેમિકલ લેબોરેટરી' એવું આપ્યું. પ્રથમ ફક્ત ત્રીસ રૂપિયાથી જ આ પ્રયોગશાળાની સ્થાપના કરી હતી. પણ તે જ પ્રયોગશાળા જતે દહાડે તેમના અથાક પ્રયત્નથી તથા વિરલ આત્મભોગથી મુંબાઇ ઇલાકાની એક અદ્વિતીય, શાસ્ત્રીય અને વિખ્યાત પહેલા વર્ગની પ્રયોગશાળા બની. જગ્યા નાની પડવા માંડી એટલે ગોરધનદાસ ખટાઉની વાડીમાં જગ્યા ભાડે લઇ ત્યાં પ્રયોગશાળા ગોઠવી. તે વખતે તેમની પાસે સાધન બહુ નહોતાં, પણ પોતાના કામમાં અડગ શ્રદ્ધા અને પોતાની શક્તિમાં અપૂર્વ વિશ્વાસ હતાં. અને એવી શ્રદ્ધા અફળ કદી નથી જતી. એક વાર એક રંગની કંપનીના અંગે રસાયનશાસ્ત્રી તરીકે સરકારી કેમિકલ ઍનેલાઇઝરના રિપોર્ટ વિરુદ્ધ પ્રો. ગજ્જરનો રિપોર્ટ રજુ થયો અને હાઇકોર્ટે તેમનો રિપોર્ટ માન્ય રાખ્યો. આ કામમાં જે પૈસા મળ્યા તે બધા તેમણે પ્રયોગશાળા પાછળ ખર્ચ્યા. તે પછી કરણનું કેટલું યે કામ તેમને મળવા લાગ્યું અને ધનોપાર્જન પણ થવા માંડ્યું. રાસાયનિક પદાર્થો બનાવવા સારૂ ઘણાક મીલવાળા તથા વેપારીઓ તેમની સલાહ લેવા પણ આવવા લાગ્યા. આમાંથી મળતું સર્વ દ્રવ્ય પોતે આ પ્રયોગશાળાના વિકાસ અર્થે જ ખર્ચતા. પ્રયોગશાળા ઉઘાડવાનો પણ મૂળ ઉદ્દેશ આ દેશમાં રસાયનશાસ્ત્રનો શોખ ઉત્પન્ન કરવાનો તથા રાસાયનિક ઉદ્યોગો દેશમાં ખીલવવાનો જ હતો. રસાયનશાસ્ત્રના અભ્યાસ તથા એ વિદ્યાની પ્રેરણા માટે આવી એકકે પ્રયોગશાળા એ વેળા મુંબાઇ ઇલાકામાં ક્યાં યે નહોતી તેથી મુંબાઇ વિદ્યાપીઠે એમ. એ. સુધીના રસાયનશાસ્ત્રના અભ્યાસક્રમ માટે એમની જ પ્રયોગશાળા માન્ય રાખી હતી. ગ્રાન્ટ મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓ પણ એ જ પ્રયોગશાળાનો લાભ લેતા. કૉલેજમાં ન જોડાનાર વિદ્યાર્થીને જો રસાયનશાસ્ત્રનો શોખ હોય ને એવા કોઇ ઉદ્યોગમાં પડવા ઇચ્છા હોય તો તેને પણ અહીં શીખવવામાં આવતું. અને શીખવનાર પ્રો. ગજ્જર જેવા પ્રેરણાદાયક નિષ્ણાત પુરુષ હોય એટલે વિદ્યાર્થીઓની સારી સંખ્યા ટોળાબંધ વળવા લાગી. બી.એ.માં ઇતિહાસ કે સાહિત્ય લેનાર વિદ્યાર્થીઓ પણ રસાયનશાસ્ત્રમાં રસ હોય તે અહીં આવી શીખી જતા. એમ.એ.માં રસાયનશાસ્ત્ર લેનાર વિદ્યાર્થીઓ તો અહીં જ રહી કામ કરતા. આમ સદા વિદ્વાન શિષ્યમંડળ તેમના પ્રત્યે આકર્ષાઇ આવવા

સ્મારક

[વસંતતિલકા-સ્રગ્ધરા]

લે થોભ આંહિ પળ સ્મારક માટ આજે,
હૈયું કરી ફુલ સમું કરીએ વિચાર;
જોકે ખરી કુસુમ શા, પણ તું બિરાજે
મીઠી સુગન્ધ વહતી નકી સ્વર્ગદ્વાર.

ત્યારે કંઇ દગ ભરી નિરખાય એવું,
કો શિલ્પ ચિત્ર મહીં મૂર્ત સ્વરૂપ તારૂં,
રૂડું રચું તિમિરલોપક ચન્દ્ર જેવું,
જેથી હું શોક મમ અંતરનો ઉતારૂં.

ના, ના, નથી સરજવાં કંઇ મૂર્ત રૂપ,
એ છે બધી ક્ષણિક મોહક નેત્રલીલા.
હૈયા મહીં અચલ રૂપ રહ્યું અનૂપ,
એને સદા ધરીશ હું સ્મૃતિ માંહિ ઇલા !

ને આ પદો ત્રુટક, તેજવિહીન તો યે
ફૂંળાં બે અંતરોની પરિમલ મધુરી ફોરી રહેશે સદા યે.

ચન્દ્રવદન મહેતા



પ્રો. ગજ્જર પોતાનાં પત્ની સાથે


લાગ્યું. ૧૯૦૪ થી ૧૯૧૨ સુધીમાં આ ઇલાકાનો દરેક વૈજ્ઞાનિક તેમના સંસર્ગમાં આવ્યો હતો. આ પ્રયોગશાળામાં પ્રો. ગજ્જરે પોતાની કમાણી તથા સમયનો ખૂબ ભોગ આપેલો. કોઇ શ્રીમંતની મદદ કે રાજ્યાશ્રય વગર તે ચાલતી જોઇ તથા તેની સુંદર વ્યવસ્થા જોઇ પ્રો. રામ્સે બહુ તાજુબ થયા હતા. યૂનિવર્સિટી કમિશનના એક સભ્ય—બંગાળના ડિરેક્ટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન— મિ. પેડલર રસાયનશાસ્ત્રી હતા. તે એ કમિશનમાં મુંબાઇ આવેલા ત્યારે પ્રો. ગજ્જરની પ્રયોગશાળા જોઇ તેમણે સાનંદાશ્ચર્ય અભિનંદન આપી પૂછ્યું, 'આ સટ્ટાનો ધંધો છે કે પરમાર્થનો?' પ્રો. ગજ્જરે તેમને વિનયથી યોગ્ય ઉત્તર આપ્યો. પ્રો. પેડલરને એ જ અચંબો થએલો કે હિંદુસ્તાનમાં ખાનગી ગૃહસ્થ રસાયનશાસ્ત્રની પ્રયોગશાળા ચલાવે એ અસંભવિત છે.

એક વાર દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઇ ધારાસભાના સભ્ય તરીકેની ઉમેદવારી સારૂ મુંબાઇ આવેલા ને પ્રો. ગજ્જરને ત્યાં ઉતારો રાખેલો. તે વખતે અંબાલાલભાઈએ તેમની પ્રયોગશાળા પહેલવહેલી જ જોઈ અને એટલા બધા ખુશી થયા કે તે બોલી ઊઠ્યા, 'પ્રો. ગજ્જર, ખરેખર તમે સ્વર્ગ વસાવ્યું છે!'

પોતાની પ્રયોગશાળા વૈજ્ઞાનિક શોધખોળ માટે વપરાવા ઉપરાંત હિંદના આર્થિક ઉદ્ધાર અર્થે રસાયનશાસ્ત્ર પર રચાએલા હુન્નરઉદ્યોગના વિકાસ માટે તેનો ઉપયોગ થાય તેવી પણ પ્રો. ગજ્જરની વૃત્તિ હતી, અને સામાન્ય સ્વરૂપમાંથી અંતે શાસ્ત્રીય ઉદ્યોગ-પોષક જંગાવર કારખાનાના રૂપમાં તે મુકાય એ તેમનું સ્વપ્ન હતું, એટલે પ્રયોગશાળામાં રસાયનશાસ્ત્રના ઊંચા અભ્યાસ ઉપરાંત રંગો, ખનીજ દ્રવ્યો, વનસ્પતિનાં સત્ત્વો ને તેલો, સાબુ, મીણબત્તી, લાખ, વારનિશ, દવાઓ, આસવો, રંગ ઉડાડવાના ને રંગ ચડાવવાનાં કામ ઇત્યાદિ અનેક પ્રયોગો ભાવી હિંદના હુન્નરઉદ્યોગના વિકાસ અર્થે તેમણે હાથ ધર્યા હતા. આ સર્વમાં પોતે અનેકવિધ કારણોને લઇ પૂરા ફતેહમંદ નથી થયા, પણ પ્રયોગશાળામાંની તેમની વિવિધ પ્રવૃત્તિની આથી આપણને ઝાંખી થાય છે. તેમના મૃત્યુ પછી આ પ્રયોગશાળા તેમના પુત્ર કૃષ્ણલાલે નૅશનલ મેડિકલ કૉલેજને સોંપી છે અને હાલ તે લોકો તે ચલાવે છે.

મોતી ધોવાની રસાયનિક ક્રિયા

જૂનાં પીળાં પડી ગએલાં સાચાં મોતીને જો કોઇ રાસાયનિક ક્રિયાથી ધોવામાં આવે તો તેનું અસલ પાણી—ઝળકતું નૂર કેમ ન લાવી શકાય એ પ્રશ્ન પ્રો. ગજ્જરના મનમાં એક વાર ઉદ્ભવ્યો. જો મોતી ધોઈ અસલ પાણી લાવી શકાય તો એ ક્રિયાથી પુષ્કળ દ્રવ્ય મળે તેમ હતું; ને આ દ્રવ્ય દેશકલ્યાણ અર્થે વપરાય તો દેશનું ઘણું હિત સાધી શકાય, આમ વિચારી પોતે એ પ્રયાસ આદર્યો. 'ક્લોરિન' વડે કાપડ ઇત્યાદિ ધોવાય છે ને તે સ્વચ્છ બની રહે છે તો એ જ તત્ત્વનો ઉપયોગ મોતી ધોવામાં કોઇ રીતે કરી શકાય નહિ? આ કલ્પના ઉઠાવી. ઊંડી અન્વેષણ બુદ્ધિ તો તેમનામાં હતી જ. લાગલા જ પ્રયોગો કરવા લાગ્યા, અને પાંચ વરસની સતત મહેનત પછી મોતી ધોવાની એક સહેલી અને સરળ રીત શોધી કાઢી. આથી તો દુનિયાના કેટલા યે રસાયનશાસ્ત્રીઓ હેરત પામી ગયા! દુનિયામાં આ પ્રયોગો કોઇએ કર્યા નહોતા અને કોઇ મોતી સુધારી શકતું નહોતું. આ શોધની જ્યારે બંગાળના મહાન પ્રસિદ્ધ રસાયનશાસ્ત્રી ડૉ. સર પ્રફુલ્લચંદ્ર રૉયને ખબર પડી ત્યારે તેમણે પ્રો. ગજ્જરને ઉત્સાહપૂર્વક અભિનંદન પાઠવ્યાં અને તેમને માટે દેશભરમાં ખૂબ માન વધ્યું. આમાં દ્રવ્ય પણ પુષ્કળ મળવા લાગ્યું. કહેવાય છે કે એકસાથે દસદસ લાખ



પ્રો. ગજ્જરની મુંબાઇની વિખ્યાત ટેકનો-કેમિકલ લેબોરેટરી

રૂપિયા તેમને મળેલા. જ્યારે મોતી ધોવાઇને બહાર પડતાં ત્યારે તેનો ઝળકાટ તથા રંગ અતિ ઉત્તમ થઇ જતાં, પણ તે વજનમાં સહેજ ઘટતાં હતાં. છતાં મોતીની જાતમાં આટલો બધો તફાવત પડતો હોવાથી ઝવેરીઓ તે પ્રત્યે લક્ષ ન આપતાં જૂનાં પીળાં પડી ગએલાં મોતી તેમની પાસે ખૂબ ધોવડાવવા લાવતા. સુરતના વતની મુંબાઇના ઝવેરી જીવણચંદ લલ્લુભાઇ તેમની પાસે આ કામ લાવતા. તે સજ્જન, સરળ સ્વભાવના તથા ઉદાર હતા ને પ્રો. ગજ્જરની પ્રકૃતિ ઓળખી ગયા હતા તેથી તે બંનેને ઠીક મેળ ખાતો. આમ પ્રો. ગજ્જર લાખો રૂપિયા પ્રાપ્ત કરવા લાગ્યા.

મહાસભામાં અલ્પકાળ

હિંદી મહાસભા સુરતમાં ભરાવાનું નક્કી થયું તે વેળા લૉર્ડ કર્ઝને બંગાળાના ભાગલા પાડ્યા હતા તેથી હિંદનું વાતાવરણ અતિ ગરમ બન્યું હતું. રાજકીય ક્ષેત્રમાં કામ કરનારનાં બે તડ—ઉદ્દામ પક્ષ અને વિનીત પક્ષ—પડ્યાં હતાં. ઉદ્દામ પક્ષ આ વેળા ખૂબ ઉશ્કેરાઇ ગએલો હતો. બંને પક્ષ વચ્ચે અંતર એટલું બધું વધી ગએલું કે વચલો રસ્તો કાંઇ દેખાતો જ નહોતો. સરકાર મક્કમ હતી. ઉદ્દામ પક્ષની યોજના વિલાયતી માલનો બહિષ્કાર, રાષ્ટ્રીય કેળવણી, સ્વદેશીનો પ્રચાર ઇત્યાદિ ઉપાયો વડે સ્વરાજ્ય મેળવવાની હતી; જ્યારે વિનીત પક્ષ એમ માનતો કે સરકાર માબાપને સમજાવી કટકેકટકે થોડાથોડા રાજકીય સુધારા મેળવવા. વિનીત પક્ષના નેતા સર ફીરોઝશાહ મહેતા, લૉર્ડ સિંહા, સુરેન્દ્રનાથ બૅનરજી ઇત્યાદિ હતા. લો. મા. ટિળક, લાલા લજપતરાય, બિપીનચંદ્ર પાલ, અરવિંદ ઘોષ અને અન્ય યુવકવર્ગ ઉદ્દામ પક્ષને દોરતો. પ્રમુખપદ સર રાશબિહારી ઘોષને આપવાનું હતું. આ દરખાસ્ત મુકાય તે જ વેળા ઉદ્દામપક્ષે વાંધો ઉઠાવવો એમ ઠર્યું હતું. આવા ગરમ વાતાવરણમાં સુરતમાં મહાસભા મળી. પ્રો. ગજ્જર ઇચ્છતા હતા કે મહાસભાના ભાગલા સુરતમાં ન પડે તો ઠીક. તેમના મિત્ર ડૉ. દેશમુખ લો. મા. ટિળકના પરમ



વડોદરા ઍલેમ્બિક કેમિકલ વર્કસના સ્ટાફ સાથે પ્રો. ગજ્જર

મિત્ર હતા અને સર ફીરોઝશાહ મહેતાના તે વખતના રાજકીય શિષ્ય સર ચીમનલાલ સેતલવાડ પણ તેમના મિત્ર હતા. તેથી આ બંને દ્વારા સંદેશા ચલાવી મહાસભા ભાંગી ન પડે તેવો પ્રયત્ન પ્રો. ગજ્જરે શરૂ કર્યો. ડૉ. દેશમુખને પોતાને ઘેર બોલાવ્યા અને કવિશ્રી નાનાલાલ દલપતરામ સર ચીમનલાલને તેડવા ગયા. પણ સર ચીમનલાલે રોકડું પરખાવી દીધું કે 'રાજકીય વિષયમાં પ્રો. ગજ્જર શું સમજે? તે તેમનો વિષય નહિ.' આથી તેમનો પ્રયત્ન ભાંગી પડ્યો. પછી તો તે મહાસભામાં કેવાં રમખાણ થયાં તે વાત સુવિદિત છે. દેશદાઝથી પ્રેરાઇને પ્રો. ગજ્જરે રાજકીય વિષયમાં આ સક્રિય ભાગ પહેલવહેલો જ લીધેલો અને તે છેલ્લો જ બન્યો. તે પછી તેમાં તે કદી પડ્યા જ નથી.

ઍલેમ્બિક વર્ક્સ

એમ.એ.માં કેમિસ્ટ્રીની પરીક્ષા બીજી વારની સને ૧૯૦૨માં લેવાઇ. તેમાં તેમના એક શિષ્ય મિ. કોટિભાસ્કર પસાર થયા. તેમને ઉદ્યોગધંધામાં પડવાનો વિચાર હતો. તેથી પ્રો. ગજ્જરે તેમને સહાય આપી કારખાનું કઢાવ્યું. મિ. કોટિભાસ્કરે પ્રો. ગજ્જરની સહાયથી વડોદરા રાજ્યમાં આલ્કોહૉલ—દારૂ બનાવવાની પરવાનગી મેળવી અને દવાઓ બનાવવાનું મુંબાઇમાં શરૂ કર્યું. જ્યારે આ કારખાનું સારી રીતે ચાલુ થયું ત્યારે તેને લિમિટેડ કંપનીના રૂપમાં ફેરવી નાખી હાલ જે 'ઍલેમ્બિક કેમિકલ વર્ક્સ લિ. વડોદરા' ચાલે છે તેની સ્થાપના કરી. પણ આ દવાખાનાનું કામ શરૂ થતાં અગાઉ શ્રી કોટિભાસ્કરનું અવસાન થયું.

યૂનિવર્સિટી કમિશન

સને ૧૯૦૨ની સાલમાં લૉર્ડ કર્ઝનની હિંદી સરકારે દેશની વર્તમાન કેળવણીમાં યોગ્ય સુધારા કરવા માટે યૂનિવર્સિટી કમિશન નીમ્યું હતું. આ કમિટી આખા હિંદમાં ફરી હતી અને તેણે ઘણા વિદ્યારસિક તથા સંસ્કારી પુરુષોની તથા શિક્ષણમાં રસ લેનાર ગૃહસ્થોની જુબાનીઓ લઇને તેમના મંતવ્યની નોંધ કરી હતી. પ્રો. ગજ્જરે પણ આ કમિટી સમક્ષ જુબાની આપી હતી. આ જુબાની આપવા સારૂ તેમણે કેટલો શ્રમ લીધો હતો તેની કલ્પના તો તેમની જોડે જેણે એ વેળા કામ કર્યું હતું તે જ આપી શકે. ખૂબ મહેનત કરી, યોગ્ય વિચાર કરી કેળવણીના ક્ષેત્રમાં કયા વ્યવહારૂ આદર્શ પર અભ્યાસક્રમ ઘડાવો જોઇએ તે વિષય તેમણે તૈયાર કર્યો હતો ને તે સારૂ તેમણે છ મહિના લગી કામ કર્યું હતું. રાતના બારબાર વાગતાં સુધી પોતે જાગતા અને પાછા સવારના ચાર વાગ્યે તો ઊઠતા. દુનિયાની ઘણી વિદ્યાપીઠોના અભ્યાસક્રમ પોતે તપાસી ગયા હતા. જે જે અગત્યના મુદ્દા તેમને લાગ્યા તે પર મળી આવતાં સર્વ સાહિત્યનો તેમણે અભ્યાસ કર્યો હતો. આ પ્રસિદ્ધ રસાયનશાસ્ત્રીની ઉપયોગી જુબાની પ્રૌઢ ભાષામાં સાંભળી તે કમિશનના સભ્યો ઘણા ખુશી થયા હતા. જસ્ટિસ સર ગુરુદાસ બૅનરજી તો તેમના જ્ઞાનથી અત્યંત ખુશ થયા અને બંગાળાની રાષ્ટ્રીય કેળવણીની યોજનાને સારૂ તેમની સલાહ ને સૂચના માગી. આપણા પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચ કેળવણીના અભ્યાસક્રમમાં વિજ્ઞાનને સ્થાન આપવામાં તેમણે અગ્ર ભાગ લીધો હતો. વિજ્ઞાન ને હુન્નરનો સમન્વય કરી દેશોદ્ધાર કરવાની તેમની નેમ હતી.

મધુર મદ્ય ને અન્ય વસ્તુઓની બનાવટ

મહુડાં તથા દ્રાક્ષમાં રહેલાં તત્ત્વ ને ગુણની પરીક્ષા કરી તેમણે મહુડામાંથી સુંદર મધુર સુવાસી મદ્ય પણ બનાવ્યો હતો ને તેને જોઇતાં મોહક રૂપરંગ પણ આપીને ફ્રાંસના પ્રખ્યાત 'શૅમ્પેન'ની હરીફાઇ કરી શકે તેવો તૈયાર કરેલો. આરંભમાં વિલાયતી દારૂનો ધંધો કરનારી પરદેશી પેઢીઓએ તેમને ઉત્તેજન ન આપ્યું, પણ મહાન જર્મન વિગ્રહ જાગતાં યુરોપનો માલ આ દેશમાં આવતો બંધ થયો. આ ઉપરાંત જર્મન વિગ્રહ વેળા રાસાયનિક પ્રયોગોમાં ને દવામાં વપરાતા 'રેક્ટિફાઇડ સ્પિરિટ્સ' પણ અહીં આવતા બંધ થએલા. એ વેળા તેનો ઉઠાવ ઘણો સારો થતો. પણ એ મહાન વિગ્રહ પૂરો થતાં પરદેશી માલ આ દેશમાં આવવા લાગ્યો અને તેની હરીફાઇમાં ઊભા રહેવું મુશ્કેલ બન્યું. વ્યાવહારિક દૃષ્ટિએ અતિ સસ્તો પડે તેવો માલ તૈયાર કરવા અગાઉ કેટલાક સંજોગોને લઇ તેમનું મન વ્યગ્ર બન્યું અને કામમાં ચિત્ત ચોંટતું નહિ તેથી આ શોધ પણ આટલેથી જ પડી રહી. વળી ડામરમાંથી સસ્તા રંગ કેમ બનાવાય તેના પ્રયોગો પણ પ્રો. ગજ્જરે કર્યા હતા; અને કેટલાક

રંગ પણ તૈયાર કરેલા. જર્મન વિગ્રહ વેળા જર્મનો જે ઝેરી વાયુ છોડી મૂકતા તેવા વાયુ બનાવવા પ્રત્યે પણ તેમનું લક્ષ ગએલું. પણ નરમ પ્રકૃતિ ને મનની અસ્થિરતા એ વેળા બહુ હતી. તથા મૂળથી જ લોકકલ્યાણની વસ્તુઓ બનાવવાની તેમની નેમ હતી તેથી આ વિષયના પ્રયાસ તેમણે કર્યા નહિ.

ઉપર કહેલી મોતી ધોવાની સફળ ક્રિયાની શોધ પછી પ્રો. ગજ્જરને પુષ્કળ દ્રવ્ય મળવા લાગ્યું. કીર્તિ પણ ખૂબ વધી. પોતે શેઠ જીવરાજ બાલુના પ્રખ્યાત દરિયા મહેલમાં નિવાસ કર્યો. ઘેર નોકર–ચાકર ને ગાડીઘોડા રાખ્યા. અનેક વિદ્વાન મિત્રો તેમના મહેમાન થતા અને ઉત્તમ આતિથ્ય પામતા. પોતાની 'ટેકનો–કેમિકલ' પ્રયોગશાળાનું કામ પણ સુંદર થતું હતું રસાયનશાસ્ત્રી તરીકે તેમની પ્રશંસા હિંદભરમાં ફેલાઇ ગઇ હતી. પોતાની શોધથી મળતા દ્રવ્યનો મોટો ભાગ હવે તેમણે પોતાનું પુસ્તકાલય અને પ્રયોગશાળા સમૃદ્ધ કરવામાં, વિદ્યાર્થીઓને મદદ કરવામાં, રાસાયનિક ઉદ્યોગોની સહાયાર્થે તથા આદર્શાતિથ્યમાં ખર્ચવા માંડ્યો. સુરતમાં સારો ડાકતર રોકી લોકકલ્યાણ અર્થે એક ધર્માદા દવાખાનું ઉઘાડ્યું. પણ તેમની આંતરિક ઇચ્છા તો પોતાને મળતી લક્ષ્મીનો ઉપયોગ કોઇ દેશોપકારક મહાન યોજનામાં કરવાનો હતો.

કલ્યાણગ્રામની યોજના

શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી ૧૯૦૨માં એમ.એ.ના પરીક્ષક તરીકે મુંબાઇ આવેલા ત્યારે પ્રો. ગજ્જર જોડે તેમનું વધારે ઓળખાણ થયું, જે ગાઢ મૈત્રી રૂપે પરિણમ્યું. આવા સમર્થ સાક્ષર અને મહાન વૈજ્ઞાનિકનો યોગ થયો એટલે બંનેએ મળી દેશની ઉન્નતિ અર્થે તથા લોકકલ્યાણ માટે, દેશની સંસ્કૃતિ સંસ્કાર જગાડનાર સાક્ષરો ને વિદ્વાનોનો સંઘ, સંસાર-સુધારકોનો સંઘ, દેશની કારીગરી તથા ધંધાઉદ્યોગના નિષ્ણાતોના સંઘ ઇત્યાદિ મંડળો ઉઘાડવાની આવશ્યકતા જોઇ. આ દરેક સંઘના સભ્યો સ્વયંસેવકો જેવા બની દેશકલ્યાણ અર્થે પ્રચારકાર્ય, ધંધાઉદ્યોગનાં કારખાનાંની સ્થાપના, વૈજ્ઞાનિક જ્ઞાનના પરબ રૂપી શાળાઓ ઇત્યાદિ વિવિધ કાર્ય કરે ને તેમના જીવનનિર્વાહ અર્થે અમુક રકમ એક સામાન્ય ભંડોળમાંથી તેમને નિયમિત મળ્યા કરે એવી યોજના ઘડી. આ ભંડોળ કોઇ રાજામહારાજા કે શ્રીમંતો પાસેથી માગીભીખીને એકઠું ન કરતાં પોતાની મોતી ધોવાની લાખ્ખોની કમાણીમાંથી મોટો ફાળો તેમાં અર્પણ કરવો એવો પ્રો. ગજ્જરનો મનોરથ હતો. આ કલ્પનાને તેમણે 'કલ્યાણગ્રામની યોજના' એવું નામ આપ્યું. ખરેખર, કલ્પના ભવ્ય હતી; તેમાં પોતાના સ્વાર્થનો ભોગ પણ એટલો જ ભવ્ય હતો ને તેને કૃતિમાં ઉતારવા પોતે તૈયાર હતા. પોતાના કુટુંબીઓને ગળે પણ એ વાત ઉતારી. આવું એક ઇલાયદું ગ્રામ રચવા સારૂ જોઇતી જગ્યા પણ પોતે અંધેરીમાં એક સ્થળે જોઇ આવ્યા અને મિત્રોને દેખાડી. વળી આ આખી યોજનાને મૂર્ત સ્વરૂપ આપવા માટે સ્વ. સાક્ષરરત્ન શ્રી રણજીતરામ વાવાભાઇ મહેતાને પોતાના ખાનગી મંત્રી તરીકે પણ રોકી લીધા. પ્રો. ગજ્જર શ્રી ગોવર્ધનરામ જોડે દેશોદ્ધારના અનેક પ્રશ્નોની રસભરી ચર્ચા કરતા, અને એ રીતે, આ સર્વગ્રાહ્ય કલ્પનાશીલ સાહિત્યકાર તથા ભવ્ય બુદ્ધિમાન વિજ્ઞાનશાસ્ત્રીનો સુંદર સમન્વય થયો. જેને પરિણામે જ ઉપરની કલ્યાણગ્રામની યોજના ઘડવામાં આવી હતી. શ્રી ગોવર્ધનરામે પણ એ જ કલ્પના પોતાની સર્વોત્કૃષ્ટ નવલકથાના ઉત્તરાર્ધમાં આલેખીને સરસ્વતીચંદ્રને દેશોદ્ધારના કાર્યોમાં યોજ્યો છે અને સૂત્રયંત્ર, વ્યાપાર, રાજ્યશાસ્ત્ર ઇત્યાદિના 'લક્ષ્મી-સરસ્વતી વિલાસ મંદિર'નાં વિવિધ ભવનો કલ્પ્યાં છે. આ બંને મિત્રોને આ વિષયની સ્વતંત્રરીતે સરખી જ કલ્પના ઉદ્‌ભવેલી. પોતાની શોધ દ્વારા મળેલી લક્ષ્મીનો ઉપયોગ ઉપર મુજબ દેશોદ્ધારને સારૂ કરી સ્વદેશને પરદેશી માલનું ક્ષેત્ર બનતો અટકાવી સ્વદેશી હુન્નરઉદ્યોગ વડે જોઇતી સર્વ ચીજો અહીં જ તૈયાર કરવાનો શ્રી ગજ્જરનો મતસૂબો હતો અને એ રીતે દેશના કરોડો દરિદ્રનારાયણોને કામ આપી રોટલો રળાવવાની યોજના તેમણે કરી હતી. પણ આ કલ્પનાને મૂર્ત સ્વરૂપ આપવાનો સમય આવે તે અગાઉ પ્રો. ગજ્જર કેટલીક આર્થિક મુસ્કેલીઓના વાવાઝોડામાં સપડાયા અને તેમની ધારેલી મુરાદ બર ન આવી. પણ તેમના મનમાં દેશહિતના કેવા ઉચ્ચ વિચાર ભર્યા હતા તેનો આ પરથી વાચક ખ્યાલ કરી શકશે.

[ચાલુ]

રેવાશંકર ઓ. સોમપુરા

કે તમે કંઇ ન કરી શકો તો માત્ર એકઠા થાઓ. અભ્યાસ ન થાય તો કંઇ નહિ પણ સાથે મળી આનંદ લેતા અને એકતા ભોગવતા થાઓ.

ભાવનગરમાં એક વાર દીવા વખતે નાનાભાઇ ને રણજીતરામ ફરવા નીકળેલા. પાછળ અમે ત્રણ-ચાર જુવાનિયા ચાલતા હતા. રસાલાની હદ પૂરી થાય છે ત્યાં કોઇ બેભાન માણસ હાલ્યાચાલ્યા વિના પડયો હતો. કોઇકોઈ તેને જરા જોઈ પોતાને માર્ગે પડતું હતું. અમે પણ તેને જોઇ વાતોની લ્હેર મારતા પસાર થાત પણ અમારી આગળ જતા એ બંને જણને પેલા માણસ આગળ રોકાએલા જોઈ અટકયા. એ માણસ કોઇ રીતે ભાનમાં આવતો નહોતો. દૂર ઊભેલો પોલિસ પણ બેદરકાર હતો. રણજીતરામે નજીકની દુકાનમાંથી દીવો મગાવી તેને તપાસ્યો. કોઇ પણ પ્રયોગ સફળ ન થયો એટલે ગાડી કરાવી દવાખાને મોકલવાનો વિચાર કર્યો. એક જતી ગાડી રોકી, પણ આવો કેસ જોયો એટલે ગાડીવાળાએ ચાલતી પકડી. છેવટે દરબારી ઘાસનો ખટારો નીકળ્યો તે તેમણે રોકાવ્યો અને તેમાં પેલા માણસને ઊચકાવી મુકાવ્યો તથા એક વિદ્યાર્થીને સાથે મોકલી દવાખાને ભળાવ્યો. બીજે દિવસે અમને તો એ વાતનો વિચાર પણ રહ્યો નહોતો, પણ તેમણે સૌને પૂછેલું કે પેલા માણસનું શું થયું તે કોઇ જાણો છો? કોણ જવાબ આપે? તે પોતે તો તપાસ કરી આવ્યા હતા. તે માણસ દવાખાનામાં જ ગુજરી ગયો હતો.

સુરતના સાહિત્ય પરિષદ પ્રદર્શનમાં મને રૂપાનો ચાંદ મળ્યો ત્યારે મારાં ચિત્રો માટે તેમણે મિત્રોમાં મગરૂબી બતાવી હતી. 'ગુર્જર સુંદરી' વાળું ચિત્ર તેમણે સર પ્રભાશંકર પટણી માટે રાખી લીધું હતું. મુંબાઇમાં અમે ફરી વાર મળ્યા ત્યારે મને એ ચિત્રો લઇને એક વાર સ્વ. ગર્જ્જરના મુકામ પર બોલાવ્યો હતો. ગર્જ્જર સાહેબ તે વખતે તેમને મન ગુજરાતની આગેવાન ગૌરવમૂર્તિ હતા. પણ તે વખતે તેમનાં રહસ્ય ઉકેલવાની મારી ગુંજાશ નહોતી.

તે પછી અમે ક્વચિતક્વચિત જ મળતા, પણ જ્યારે મળતા ત્યારે તેઓ મારા પર જૂના સ્નેહી જેટલી મિઠાશ વર્ષાવતા. તે અનેક જણ માટે કંઇ ને કંઇ ઉપકારકાર્ય કર્યા જ કરતા, છતાં સામા બદલાની કોઈ દિવસ પણ સ્પૃહા ન રાખતા. પોતાની મહેનતથી બીજાને યશ અને પ્રતિષ્ઠા મળે તેમાં જ તે હમેશાં સંતોષ પામતા અને એ રીતે પોતાની અંતિમ ભાવના ગુજરાતની મૂર્તિ તેજસ્વી બનતી જોઈ હરખાતા.

એવા સ્નેહી અને મિત્ર ગુજરાતમાં ફરી વાર દેખાયા નથી. જે સૌને બાંધી સાથે બંધાએલા રહે, સૌમાં પોતાને અને પોતામાં સૌને જુએ એવું એ બહુવ્યાપી સૌજન્ય ફરી વાર ગુજરાતના ગૃહસ્થમાં અવતાર પામે એટલું ઇચ્છી તેમની આ સ્મરણાંજલિ અદૃષ્ટને અર્પું છું.

રવિશંકર રાવળ

સન્ધ્યાના સાગરે

નમતી સન્ધ્યા તણી સુનેરી છાંયમાં
અગિત સાગરરાજ સૂતા ઝૂલે;
ઝીણી તરંગમાળ તેજે ગૂંથીને
સૂરજની કોર રૂડી જળમાં સરે :
તો યે વળી ન મારા બાળુડાની હોડલી.

હોડલાંની હાર આ થંભી કિનારે
પડઘા હલેસાંના પવને શમ્યા;
રેતીના મ્હેલ ચણી, રેતીના બાગ રચી
ક્રીડંતાં બાળવૃંદ ગૃહે વળ્યાં
તો યે વળી ન મારા બાળુડાની હોડલી.

કેસરભર્યું નભ સમાતું સાગરે
ધવલા ધુમ્મસ તણા ઢગલા ઢળે;
છેલ્લું વિહંગ દૂર ઊડતું એકલું
વાદળીની પાંખમાં કિનારે વળે:
તો યે વળી ન મારા બાળુડાની હોડલી.

હળવી ક્ષિતિજમાં સરતી કો હોડલી
ખુલ્લા તે સઢ એના નજરે ચડે;
સફરે ગએલ મારો સાગરવિહારી એ
તિમિર વેરાતાં ઝુંપડીએ વળે:
આવી—આવી મારા બાળુડાની હોડલી.

ચુ. ડા. પાટડીઆ



ઇતિહાસદર્શન

બાજી પ્રભુ દેશપાંડેનું નામ મરાઠી ઇતિહાસમાં મશહૂર છે. પણ શિવાજી મહારાજના સૈન્યમાં પાંચ 'બાજી' હતા. આ એક બીજા બાજીની વાત છે. કન્હોજી નાયકનો એ પુત્ર. વિજાપુરનું લશ્કર લઇને જ્યારે ફતેહખાન નામે સરદાર પુના ઉપર આવવા માંડ્યો ત્યારે શિવાજી મહારાજ કન્હોજી નાયક સાથે થોડું માવલા સૈન્ય લઇ પુરંદર ગયા, અને ત્યાંથી થોડું પાયદળ ને થોડા ચૂંટી કાઢેલા સવારો ભગવા ઝુંડા સાથે ફતેહખાન સામે લડવા મોકલ્યા. પણ શિવાજીનું આ નાનું લશ્કર હાર્યું, વેરાતું ગયું ને પાછું હઠ્યું. એવી સ્થિતિમાં ભગવા ઝુંડા સાથે તેના રક્ષણ માટે માત્ર ચાળીસ પચાસ માણસો રહ્યા. આ વખતે કન્હોજીનો પુત્ર બાજી, પિતાને જણાવ્યા વિના જ આ ઝુંડાના રક્ષણ માટે દોડ્યો. શત્રુઓને લાગ્યું કે ભગવો ઝુંડો આ લીધો. પણ એટલામાં બાજી નાયકના આવવાથી બાજી બદલી ગઈ. બાજીએ હદ કરી. એકસામટા પાંચ સાતને કાપી નાખ્યા અને દુશ્મનની આગલી હરોળને પીંખી નાખી. રાષ્ટ્રધ્વજને બચાવીને જ તે પુરંદર પાછો ફર્યો. આ પરાક્રમની શિવાજીને ખબર પડતાં તે ઘણો જ પ્રસન્ન થયો ને બાજીને 'સરજારાવ'નો ખિતાબ આપ્યો; પોતાના ચૂંટી કાઢેલા ઘોડામાંથી બે ઘોડા પણ આપ્યા ને તેને પોતાની પાસે રાખી લીધો.

卐

જૂના વખતમાં લડાઇના સમયમાં સાંકેતિક પત્રો કેમ લખાતા તેનો આ નમૂનો છે:

અં ણુ ડા ટ જો ખ ગ્ર થ ટ

આનો ખુલાસો નીચે પ્રમાણેના તેના ઉકેલના અક્ષરો તેને બદલે મૂકી દેવાથી મળી રહે: અ=ઇ, ણ=દ, ડ=વ, ટ=ર, ટ=ર, ખ=ન, ગ=પ, થ=હ, એટલેકે "ઇદુવાર દોન પ્રહર." આવો પત્ર શત્રુના હાથમાં કદાચ જાય તો-પણ તેને એમાંથી બાતમી ન મળે.

卐

જલયાન, ભૂમિયાન, વિમાન, અગ્નિયાન ને વ્યોમયાન, આ પાંચ શબ્દો જે પાંચ રીતે આપણે માર્ગવ્યવહાર ચલાવતા તેના સૂચક છે. વિમાન શબ્દ વિષે એક વિદ્વાન નીચેનો શ્લોક ટાંકે છે:

गरुड्मदहंसैः कंकालैरन्यैः पक्षिगणैरपि
आकाशे वाहयेद्यानं विमानमिति संज्ञितम्

અગસ્ત્ય ઋષિ પોતાની સંહિતામાં પક્ષીઓને શી રીતે કેળવવાં કે જેથી તેઓ આકાશમાં વિમાન ચલાવી શકે તેનું વર્ણન કરે છે. વિષ્ણુનું નામ ગરુડવાહન કહેવાય છે અને અગ્નિ ગૃધ્રવાહન ગણાય છે. કદાચ પોતાપોતાનાં વિમાન આ પક્ષીઓની મદદથી ચલાવવાનું તેમણે સુગમ કર્યું હોય તે સંભવિત છે. છેલ્લી લડાઈમાં કબુતરોએ કેવો ભાગ ભજવ્યો હતો તે સૌને યાદ છે. રાવણે પોતાના વિમાનના જ બળથી કેર વર્તાવ્યો હતો. રામચંદ્ર પુષ્પક વિમાન હિમાલય પર તજી દે છે એમાં એમનો હેતુ આ માર્ગનો અત્યંત દુરુપયોગ થવાથી તેનો નાશ કરવાનો પણ હોય!

卐

બાજી પ્રભુ દેશપાંડે ઉપરાંત એક બીજા બાજી નાયકની વાત હમણાં થઇ. હવે ત્રીજા મુરાર બાજી પ્રભુની એક વાત. પુરંદરનો કિલ્લો મોગલ લશ્કરે ઘેર્યો હતો. રાજા જયસિંહ જેવો અનુભવી સેનાપતિ અને બાદશાહે તાજેતરમાં જ મોકલેલું ભારે તોપખાનું, એટલે કોઇ રીતે પુરંદર ટકે એવી આશા ન હતી. આશાના બધા દોર તૂટી જાય ત્યારે ઘણી વખત માણસ છેલ્લો હિસાબ કરી લેવાની તૈયારી કરે છે. એ ભયંકર પળ આવે ત્યારે નહિ ધારેલાં પરાક્રમ અને

સાહસ માણસ કરી બેસે છે. મુરાર બાજીને જ્યારે ખબર પડી કે દિલેરખાન પાંચ હજારનું સૈન્ય લઇ કિલ્લો સર કરવા ટેકરી ચડે છે ત્યારે માત્ર સાતસો મરાઠા લઇને તે મેદાને પડ્યો. હાથોહાથની ઝપાઝપી જ શરૂ થઇ. મુરારે તે દિવસે હદ કરી નાખી. પાંચસો માણસને કાપીને પોતે સીધો દિલેરખાનના ઉપર જ ધસ્યો. સાથે માત્ર સાઠ જ મરાઠા હતા. આ વિરલ પરાક્રમ જોઇને ખાન તો દંગ થઇ ગયો. તે પણ ખરો મુસલમાન બચ્ચો હતો. તેણે તેને શરણે થવા કહ્યું અને આ વીરત્વની તારીફ કરી જીવિતદાન આપવાનું ને પોતાની જ પાસે સરદાર તરીકે રાખવાનું જણાવ્યું. પણ રણરંગે ચડેલો મનુષ્ય એમ કાંઇ નફોતોટો ગણવા બેસે છે? જ્યાં ફના કરવાની કે ફના થઇ જવાની અથવા સ્વતંત્રતા મેળવવાની જ શરત ચાલતી હોય ત્યાં શું મનુષ્ય કે શું આખી પ્રજા કોઇ દિવસ ગણતરી કરતી જ નથી. મુરાર બાજી ત્યાં જ ત્રણસો મરાઠા સાથે રણમાં પડ્યો. આ સમાચાર ગઢમાં પહોંચ્યા ત્યારે તેથી લેશમાત્ર ન થડકતાં બહાદુર સૈન્યને છાજે તેમ એકેએક સૈનિકે જવાબ વાળ્યો કે 'નાયક પડ્યા તેથી શું થયું? અમે સઘળા એના જેવા જ છીએ અને એવી જ હિંમતથી લડવાના છીએ. નાયક પડવાથી કાંઇ લડાઈ ખતમ નથી થતી.'

ન્યાય, કેળવણી, શહેરસુધારણા અને સહકારી મંડળ, આ ચારને અત્યારના સુધારાના સ્તંભ ગણી શકાય. એ પશ્ચિમની વિદ્યાનાં જ બીજ છે અને આપણે ત્યાં આ વિચારો નવીન છે એમ ઘણા માનતા લાગે છે. પણ વસ્તુસ્થિતિ તેનાથી તદ્દન જુદી હતી. વચ્ચેનો યુગ પડતો મૂકીએ. જેના વિષે આપણને કાંઇક માહિતી મળી શકી છે તે ચંદ્રગુપ્ત મૌર્યના વખતની (આજથી બે હજાર વર્ષ પહેલાંની) આ વાત છે.

વાઇસરૉય સાહેબ અને તેની કાઉન્સિલ એ વિચાર હિંદુસ્તાનમાં નવો નહોતો. ચંદ્રગુપ્ત અને તેની મંત્રી-પરિષદ્નો એ કાળનો ઉલ્લેખ સ્પષ્ટ મળે છે. મંત્રી-પરિષદમાં મંત્રધર, એક પદવીધર મંત્રી, એક પદાધિકારથી વિહીન—રાજ્યનો નોકર નહિ તેવો—મંત્રી અને એક બીજો, એટલા બેસતા. આવશ્યક કાર્યને પ્રસંગે આ મંત્રીઓ અને મંત્રીપરિષદ્ની સલાહ લેવાતી અને બહુ-સંમતિ પ્રમાણે કાર્ય થતું. જોકે રાજાને નિષેધ—એટલેકે વીટો—નો અધિકાર હતો.

પરંતુ આટલા ઉપરથી પ્રાચીન વખતમાં શાસન-તંત્ર ઉપર પ્રજાનો મત હતો તે સિદ્ધ થઇ શકે નહિ. એના ટેકામાં બે શબ્દો મળી આવે છે. પુર એટલે નગર કે રાજધાની. તેના ઉપરથી પૌર એટલે પુરના રહેવાસી એ શબ્દ થયો. જનપદ એટલે રાષ્ટ્ર—દેશ. એ ઉપરથી જાનપદ એટલે જનપદના–દેશના નિવાસી. રાજધાનીના નિવાસી તે 'પૌર' અને રાજધાની સિવાયના પ્રદેશના–દેશના રહેવાસી તે 'જાનપદ.' જાડી ભાષામાં બોલીએ તો શહેરી અને ગામડીઆ.

પણ જાનપદ શબ્દનો અર્થ શ્રેણી, જાતિ, ગણ, સંઘ એવો પણ થઇ શકે છે. 'પૌર–જાનપદ' એનો અર્થ રાજધાનીની 'મ્યૂનિસિપાલિટી' તથા દેશસંઘ કે રાષ્ટ્ર-સંઘ એવો થાય. એવી સંસ્થાઓ હોવાના ઘણા ઉલ્લેખ ઇતિહાસમાંથી મળે છે.

દશરથરાજાએ યુવરાજને નિયત કરવા પૌર–જાન-પદ સભા બોલાવી હતી. સમ્રાટ્ બિંદુસારે તક્ષશિલાના 'પૌર' ને આજ્ઞા કરી હતી કે તક્ષશિલાના ઉપરાજાને તે પદચ્યુત કરે. વધારે કર નાખવા હોય ત્યારે રાજા પૌર–જાનપદ પાસે માગણી કરે એવો ચાણક્યે ઉલ્લેખ કર્યો છે. કર વધારવો, ઘટાડવો કે કાઢી નાખવો એ પૌર–જાનપદને અધીન હતું. આવાં બીજાં પણ છૂટાં-છવાયાં ઉદાહરણો પરથી નક્કી થયું છે કે હિંદુસ્તાનમાં પ્રજાશાસન ઘણા પ્રાચીન વખતથી ચાલતું આવ્યું છે.

ચંદ્રગુપ્ત મૌર્યના વખતમાં 'પ્રશાસ્તા' નામનો એક હોદ્દો હતો. એને આપણે દફતરદાર કહી શકીએ. એને જે જે વાતની નોંધ રાખવાની હતી તેમાં દેશસંઘ જાતિસંઘ–એ સર્વ સંસ્થાઓના નિયમ રીતરિવાજ વગેરેની નોંધ પણ કરવાની હતી.

નાના ફડનવિસના જીવનનો એક પ્રસંગ છે. સવાઈ માધવરાવ ઉપર એને પ્રીતિ હતી. એની ઇચ્છા હતી કે એ જુવાન પેશ્વાની ગાદીને શોભાવે એવો બહાદુર થાય. એટલા માટે એણે એને બાજીરાવ બીજાની મૈત્રીથી દૂર કરવાનો પણ પ્રયત્ન કર્યો હતો. ત્યાર પછી સવાઇ માધવરાવ મરણ પામ્યો. આ મરણ આપઘાતને લીધે થયું છે એમ સાધારણ માન્યતા છે, તેમજ એ આપઘાત માટે નાના ફડનીસની સખ્ત દેખરેખ કારણરૂપ માનવામાં આવે છે.

પણ નાનાના જીવનનું આ કલંક કલ્પિત છે તેમ જણાય છે. પેશ્વાના કુટુંબમાં ક્ષય તરફનું વલણ જોવામાં આવ્યું છે. બાલાજી બાજીરાવ, માધવરાવ અને ચીમનાજી આપ્પા એ રોગથી જ મરણ પામ્યા હતા. સવાઇ માધવરાવનું શરીર પણ ક્ષયના વલણવાળું હતું તેમજ તેને ચક્કર પણ આવતા. આવી સ્થિતિમાં મહેલ ઉપરથી તે પડી ગયો અને તેનું મરણ થયું. તે સમયે જુદાજુદા ત્રણ માણસોએ 'જુદેજુદે સ્થળે લખેલા ત્રણ પત્રો મળી આવ્યા છે. તુકોજી હોલ્કરે અહલ્યાબાઇ ઉપર લખ્યું છે કે 'સવાઇ માધવરાવ અકસ્માતથી પડી ગયો.' સવાઇ માધવરાવના મરણ પછી માત્ર પંદર દિવસે પુનામાંથી જ લખેલો બીજો પત્ર જણાવે છે કે 'વાયુના ઉપદ્રવથી સવાઈ માધવરાવ પડી ગયો.' આપઘાત કર્યાનું માત્ર અંગ્રેજ લેખકે લખ્યું છે. નાનાને જ્યારે આ અકસ્માતની ખબર પડી ત્યારે તે ઉતાવળે મદદ કરવા દોડ્યો, અને તેમ કરવા જતાં તે પોતે પણ બહુ ખરાબ રીતે પડી ગયો. ત્રણ દિવસ પછી સવાઇ માધવરાવ મરણ પામ્યો.

卐

કુર્ગનું રાજ્ય અંગ્રેજોએ જીત્યું ત્યારે લોકોને અચાનક ઉત્સાહ આવ્યો હતો એટલે એમણે એકમતે સોંગે બ્રિટિશરાજની માગણી કરી એમ કહેવાય છે! હિંદુસ્તાનમા કુર્ગનો પ્રદેશ કૉફીના ઉત્પન્નમાં સૌથી મોટો હિસ્સો ધરાવે છે. ઘણા અંગ્રેજો ત્યાં એ ખેતી ઉપર જ મોટી મિલ્કત ધરાવતા થઈ રહ્યા છે. ત્યાંની ૪૮૧૪૨ એકર જમીન આ ખેતીમાં છે. કુર્ગનો પ્રદેશ આ જાતની ખેતી માટે ઉત્તમ હતો અને અંગ્રેજોની વસાહત માટે પણ ઉત્તમ હતો, એટલે લોકોએ 'એકમતે' માગણી કરી હતી તેમ લાગે છે! વળી કુર્ગનું રાજ્ય ખાલસા થયું ત્યારે દરેક કર્નલને રૂપિયા પચાસ હજાર, દરેક લેફ્ટેનન્ટને રૂ. પંદર હજાર અને દરેક મેજરને રૂ. દસ હજાર તથા દરેક કૅપ્ટનને રૂ. પાંચ હજાર એમ કાંઇક વહેંચણી પણ થએલી!

કુર્ગના રાજાને એવી સદ્બુદ્ધિ થઈ કે તે પોતાનો અન્યાય રજુ કરવા ઠેઠ ઇંગ્લંડ ગયો: ઇ. સ. ૧૯૫૨. માં. એની એકની એક પુત્રી પણ સાથે હતી. રાજાને બીજો તો કાંઈ ફાયદો ન થયો, પણ દીકરી વટલીને ક્રિશ્ચિયન થઈ ને કોઇ અંગ્રેજને પરણી, અને પોતે થોડાઘણા અતિ માનવાચક શબ્દો લૉર્ડ ડેલહાઉસી પાસેથી મૂંગે મોંએ સાંભળી રહ્યા!—અલબત્ત, એણે પોતાનો કેસ રજુ કર્યો હતો અને એક પેપર પણ અંગ્રેજીમાં છપાવ્યું હતું.

卐 卐

શિવાજી મહારાજની સાથે બિજાપુરના શાહને સંધિ કરવાની જરૂર પડી હતી તે વખતે બિજાપુર તરફથી શાહજીને સંધિદૂત તરીકે નક્કી કરવામાં આવ્યા. પિતાને આવતા સાંભળીને શિવાજી તેમને મળવા ગયો. સાથે માતા જીજાબાઈ તથા રાણી સાઇબાઇ અને સોયરાબાઇ પણ હતાં. શાહજી નજીક આવ્યા ત્યારે શિવાજીએ દંડવત્ પ્રણામ કર્યા. ઘણા દિવસે આખું કુટુંબ મળ્યું. પછી શાહજી પાલખીમાં બેઠા ને આખો રસાલો આગળ ચાલ્યો. પણ શિવાજી તો પિતાની પાલખી સાથે પગે પાળા જ ચાલ્યા આવતા હતા. શાહજી માટે ખડા કરેલા મંડપમાં જ્યારે તેઓ પહોંચ્યા ત્યારે શિવાજીનું હૃદય તો ક્યારનું પિતાની પાસે બેચાર વાતો કરવા ઉત્સુક બની રહ્યું હતું. પોતે જુવાનીમાં શાહજીની આજ્ઞાનું ઉલ્લંઘન કરી બિજાપુર સાથે લડાઇ કરી, શાહજી કેદ થયા ને તેને દુઃખ પડ્યું એ પ્રસંગની તેણે માફી માગી લીધી. ઉંમરમાં ઉગ્ર સંયમ ને વીરત્વ સાથે મળેલી આ નમ્રતા જોઇને શાહજી ઊભા થઇ ગયા અને શિવાજીને ભેટી પડીને બોલ્યા, 'માફી કોણ માગે? હું કે તું? તેં સ્વાતંત્ર્યની મૂર્તિ પહેલવહેલી કલ્પી ને તેને માટે સર્વસ્વ અર્પણ કર્યું.' પછી પુના મુકામે બાપદીકરા વચ્ચે સંધિ થઇ. બિજાપુર સરકાર તરફથી શાહજી ને શિવાજી તરફથી શિવાજી પોતે. શાહજી જીવે ત્યાં સુધી બિજાપુર સાથે સંધિ રાખવાનું શિવાજીએ વચન આપ્યું ને બિજાપુર સરકારે તેને સ્વતંત્ર રાજા તરીકે કબૂલ્યો. બાપ સરકારી પેન્શનર, પણ દીકરો સ્વતંત્ર રાજા.

卐

બાપદીકરો ત્યાંથી કેટલાક કિલ્લા જોવા નીકળ્યા. રાયરી પહોંચ્યા ત્યારે બાપે જોયું કે આ સ્થળ દુર્ભેદ્ય છે. તેણે શિવાજીને કહ્યું કે ચારે તરફ ડુંગરાથી વીંટાએલા આ સ્થળને કિલ્લાથી રક્ષિત કરી દે તો નમૂનેદાર કિલ્લો થાય. રાજગઢને બદલે આ જગ્યાને મુખ્ય સ્થળ બનાવવા જેવું છે. શિવાજીને બાપની અનુભવી સલાહ ગમી અને તેણે રાયરીનો રાયગઢ બનાવ્યો. એ સ્થળને કિલ્લેબંધી કરી મજબૂત બનાવવા માટે

તેણે આબાજી સોનદેવને નીમ્યો. તળેટીથી સો ફૂટ ઊંચે માતા જીજાબાઇનો મહેલ બન્યો. જ્યારે કિલ્લાનું કામ પૂરૂં થયું ત્યારે શિવાજીએ ઢંઢેરો પીટાવ્યો કે દરવાજા સિવાયના બીજા કોઇ પણ રસ્તેથી જો કોઇ ગઢમાં પ્રવેશ કરે તો તેને સોનામહોરની કોથળી અને સોનાનું કડું ભેટ મળશે. ડુંગરાની રજેરજ વાત જાણનાર એક મહારે આ બીડું ઉપાડી લીધું. તેણે તો આ ડુંગરાના છાના રસ્તા, ભોંયરાં, પગદંડી ને એક ડુંગરામાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજામાં ચાલ્યા જતા સંતાકુકડીના અનેક માર્ગો નાનપણના તોફાની જીવનમાં જોઈ કાઢ્યા હતા. શિવાજી મહારાજ અને મંડળ ઊભું હતું ત્યાંથી એક ઘડીમાં તે અદૃશ્ય થઇ ગયો. જોતજોતામાં કોણજાણે ક્યાંથી તેણે કિલ્લામાં પ્રવેશ કર્યો ને ઘડીના છઠ્ઠા ભાગમાં તો સૌ જુએ તેમ કિલ્લાની ટોચ પર મહારે ચડાવેલો વાવટો દેખાયો.

શિવાજી પાસે આવીને તેણે પ્રણામ કર્યા. મહારાજે તેને ઇનામ આપ્યું ને તે રસ્તાનું નામ 'ચોર દરવાજા' પાડી તેને સુરક્ષિત દરવાજાથી રોકાવી લીધો.

卐

આ પછી એક વખત એક રબારણ રાયગઢમાં આવેલી. દૂધ વેચતી જાય ને ઠેકઠેકાણે ખોટી થતી જાય. રાત પડી ગઇ, દરવાજા બંધ થઇ ગયા ને તે કિલ્લામાં રોકાઇ પડી. નાનું છોકરૂં ઘેર ટળવળતું હશે, સાસુ રાહ જોતાં હશે, સસરાજી ઊંચાનીચા થતા હશે એવા વિચારમાં રબારણ તો મુંઝાઈ પડી; પણ દરવાજો કોઇ ખોલી આપે નહિ. પરંતુ ડુંગરાનાં ફૂલમલ બચ્ચાં એમ કેદમાં રહે? તો તો રબારણની જુવાની લાજે ના? એનું નામ હતું હીરાકણી. હીરાકણીએ ખરેખર પોતાનું તેજ બતાવ્યું. અંધારૂં જામતાં, જિંદગીને જોખમે કિલ્લો ચડીને નીચે ઊતરી ગઈ, ઘરમાં પહોંચી ને રાત ઘેર ગાળી ત્યારે જ એને નિરાંત થઇ.

શિવાજી મહારાજને ખબર પડી. હીરાકણીને બોલાવી. 'રાત્રે તેં કિલ્લામાંથી રસ્તો કેવી રીતે કર્યો? ક્યાંથી ઊતરી ગઇ હતી?'

'મહારાજ! અમે તો ડુંગરાનાં બચ્ચાં, અમને કાંઇ ડુંગરા રોકે કે? જુઓને, આ રસ્તેથી નીચે ઊતરી જવાય.' કહેતાં હીરાકણીએ શિવાજીને કિલ્લા ઉપરથી જ્યાંથી પોતે ઊતરી હતી તે રસ્તો બતાવ્યો. મહારાજે ત્યાં બુર્જ બંધાવી લીધો ને બુર્જનું નામ પાડ્યુંઃ 'હીરાકણી'

(ચાલુ)

'ધૂમકેતુ'

સોનાની ખાટે સૂતો ભિખારી!

હજી થોડા જ વખત પર બનેલી આ સાચી વાત છે. ઇટાલીના મિલાન શહેરમાં આંદ્રી નામે એક બુઢ્ઢો મિસ્કીન રહેતો હતો. એ ઘણો જ બેકાર. ખાવાના પણ સાંસાં. પણ સૂતો સોનાની ખાટે! સોનાની ખાટે સૂનારને તે વળી ભિખારી કોણ કહે? કોઈ લોભી હોવો જોઇએ, લોભી. પણ ના; ખરી વાત છે. એ બીચારાને ખબર નહિ કે પોતે સૂએ છે એ ખાટ કેવી છે.

પંડે ઘરડો એટલે મહેનતમજૂરી બને નહિ. અને રોજેરોજ કોઇ હરિનો લાલ પણ મળે નહિ. એટલે ધીમેધીમે પાસે જે કંઈ હતું તે બધું વેચી નાખી ગુજરો કરતો. પણ હવે તો જેના પર સૂતો તે ભાંગ્યો તૂટ્યો ખાટલો જ રહ્યો હતો. પણ એવો સડેલો ખાટલો તે કોણ લે? જૂનો સામાન લેનાર ફેરિયાને તે ૧૦ લીરા (ઇટાલીનો સિક્કો) એ વેચવા માંડી પણ પેલાએ એનો એક લીરો પણ આપવાની ચસીને ના પાડી.

અંતે હતાશ થઇ બુઢ્ઢાએ તેનો બળતણ તરીકે ઉપયોગ કરવા તેને તોડી નાખી. પણ આ શું! બુઢ્ઢો તો સ્તબ્ધ જ થઇ ગયો! એ ખાટના એક પોલા પાયામાંથી લોઢાની એક ભૂંગળી નીકળી, તેમાં શુમારે ૧૦૦ જેટલા જૂના વખતના સોનાના સિક્કા! આ તે સ્વપ્નું કે સાચું? ખાતરી કરવા બુઢ્ઢો પાસેની દુકાને ગયો ને ગભરાતાંગભરાતાં દુકાનદારને સિક્કાની કિંમત પૂછી. પેલો વેપારી કાંતો એકદમ ભોળો હશે કે પછી બડો બદમાશ હોવો જોઇએ. કેમકે એણે સિક્કા દીઠ બે લીરા તેની કિંમત આંકી. ભૂખે પીડાતા ડોસાએ તરત તો તે કબૂલી અને તેમાંથી દસ તેને વેચ્યા. પેટનો અગ્નિ બૂઝાવ્યો. પછી બાકીના સિક્કા લઇ ઉપડ્યો ઝવેરીને ત્યાં. ઝવેરી પ્રમાણિક હતો. તેણે સિક્કા દીઠ ૨૪૦ લીરા ગણી આપી બધા સિક્કા ખરીદી લીધા.

એટલે હવે તો આખી જિંદગી વૈતરૂં કૂટીને માગી ભીખી ખાનાર એ નસીબદાર ડોસો છેલ્લી અવસ્થામાં પૈસાદાર બની બેઠો છે!

પણ એ પ્રતાપ કોના? દસ લીરામાં ખાટ વેચવા આવેલા ડોસાને ધુતકારી કાઢનાર ફેરિયાના જ ને? એ ફેરિયાને આ વાત સાંભળી કેવી લાગણી થઈ હશે!

(અંગ્રેજી ઉપરથી)

સ્વર્ગારોહણ સમયે યુધિષ્ઠિરને હિમાલયમાં મળ્યો હતો તેમ સંગ્રામકૂચમાં સત્યાગ્રહી કુમાર-સૈનિકને મળેલો કુક્કુરમિત્ર

લાલિયો

[ચિત્રકાર: રવિશંકર પંડિત]

પાંચ છ વખત વરસાદ પડે ન પડે ત્યાં જ મોગરાના લીલાછમ છોડ ઉપર શુભ્ર વર્ણનાં અનેક પુષ્પો જેમ ઊભરાઈ જતાં દેખાય છે તેમ વીજલપુરના રસ્તાઓ ધોળી ટોપી અને ધોળાં કપડાંના ફાલથી આજે ખીલી ઊઠેલા દેખાય છે. પાવિત્ર્ય સિવાય બીજો કોઈ પણ ભાવ ઉત્પન્ન ન કરનાર ખાદીનો શ્વેત રંગ બધાની આંખોમાં ભરાઈ જાય છે. વીજલપુરની કપાસિયાના તેલની મિલ આજે બીજી વાર પાવન થઇ છે. વૃદ્ધ મહાત્મા દીર્ઘ કૂચને અંતે જરા પણ થાક ન લેતાં કામની આગળની દિશા ઠરાવવા આંબાવાડિયા નીચે ઊતર્યા છે. સુરત જિલ્લાના સ્વયંસેવકોએ મહાત્માજીનાં ચરણ આગળ મેળો ભરાવ્યો છે. આંબાવાડિયામાં માણસ માતું નથી. સૌના મોં ઉપર ઉત્સાહ અને આનંદનું સામ્રાજ્ય દેખાય છે. એ જ ભાવ મોઢા ઉપર ધારણ કરતો, ધર્મરાજના વફાદાર શ્વાનની જેમ એક ટુકડીની પાછળ ચાલ્યો આવનાર કુક્કુરશ્રેષ્ઠ તે અમારો 'લાલિયો'.

ॐ

ટુકડીના નાયકે બધા સ્વયંસેવકોને કંપાઉંડની બહાર કાઢ્યા છે. ઝાંપા ઉપર ગંભીર મુદ્રાએ નાયક ઊભા છે. પ્રસંગનું ગાંભીર્ય પૂર્ણ જળવાય તે માટે સ્વયંસેવકો પણ પોતાનો ઉચ્છૃંખલ સ્વભાવ છોડી દઇ ઘડીભર ગંભીર બન્યા છે અને મૌન સેવી શાંત ઊભા છે. લાલિયો પણ કાંઇક ભારે બનાવ બનવાનો હોય અને તેનું તેને ભાન હોય એમ બતાવતો, પોતાના ઊભા તીક્ષ્ણ કાન ચોદશ ફેરવતો ગંભીર મુદ્રાએ ઊભો છે. પૂંછડી હલાવી ખુશામત કરવાની તેની ચાટુલતા અત્યારે નથી દેખાતી, કે નથી દેખાતી દુબળાં કુતરાંઓને ડરાવવાની કાયરતા. એક જાતનો ગંભીર ભાવ જ તેના મોઢા ઉપર—અથવા આંખમાં—દેખાય છે.

કોઇ પણ જાતના ભાવોનું પૂર્ણ નિદર્શન કરવા માટે કુતરા આગળ આંખ સિવાય બીજું સાધન નથી. એનું મોં બે હાથે પકડી તમે એની આંખોમાં તાકીને જોશો તો કંઇકંઈ ભાવો તમને તેમાં જણાઇ આવશે. કુતરો આંખથી જ વાતો કરતો દેખાશે. આંખ ઉપરના એક આછા ભૂરા પડદાનો રંગ બહુ જ સૂક્ષ્મ રીતે બદલી કુતરો પોતાના હૃદયના અંતર્ગત ભાવો દેખાડવાનો પ્રયત્ન કરે છે. રોવું હોય કે હસવું હોય, ગંભીર બનવું હોય કે મશ્કરી કરવી હોય, મુખ્ય કામ તો એ આછા પડદાનું જ. લાલિયો પણ આજે એ પડદાનો છૂટથી ઉપયોગ કરી રહ્યો હતો, અને બધા ભાવો આંખમાં રેડી રહ્યો હતો.

નાયકે કંપાઉંડનો ઝાંપો ઉઘાડ્યો અને ગંભીર સ્વરે ઘોષણા કરી: 'આ લડતનું પૂર્ણ રહસ્ય સમજીને છેવટ સુધી લડતમાં રહેવા માગતા હોય તેઓ જ અંદર આવે.' વાક્ય પૂરું થયું ન થયું ત્યાં તો અત્યાર સુધી શાંત રહેલા લાલિયાએ તરાપ મારી, અને એક જ કુદકે ઝાંપામાં પ્રવેશ કર્યો. અંદર જતાં લાલિયાએ મોઢું સ્વયંસેવકો તરફ ફેરવ્યું, અને આનંદપૂર્ણ ઘુરઘુરાટ કરી પૂંછડી હલાવતો સ્વયંસેવકો તરફ તાકી રહ્યો. એની આંખમાં અત્યારે વિજયનો ઉન્માદ અને સ્વયંસેવકોની મશ્કરી બંને તરી આવતાં હતાં. એની અને મારી પહેલી ઓળખાણ આ વખતે થઇ. હું લાલિયાને ભેટ્યો, અને એને માટે હવામાં એક બચ્ચી તરતી મૂકી દીધી. (કારણ કે લાલિયાને સ્વચ્છતાનો પાઠ હજી સુધી કોઇએ શીખવ્યો ન હતો.)

અમે કરાડી જવા ઉપડ્યા. રસ્તામાં નાનામોટા યુદ્ધોના કર્ણભેદી અવાજથી ચમકીને મેં જોયું તો લાલિયો હજી હમણાં જ એક જબરા કુતરાને, અમારા આશરાની હૂંફ ઉપર જીતીને અમારી તરફ આવતો હતો.

પાછળ પડી જતાં તેને બોલાવવામાં સુગમતા પડે એ વિચારથી આ પ્રસંગે મેં એનો નામકરણ વિધિ કર્યો અને એના રંગ ઉપરથી એનું નામ લાલિયો પાડ્યું. બસ, તે દિવસથી મેં નક્કી કર્યું કે લાલિયો એ આપણો કુતરો છે. અને લાલિયાએ પણ નક્કી કર્યું કે 'ભાઉ' એ આપણો ભાઈ છે. એનું નામ ટકાવી રાખતાં મને ઘણી મુશ્કેલી નડેલી. બીજું એક નામ સૂચવવામાં આવેલું, પણ મેં મહા પ્રયત્ને મારું જ પાડેલું નામ પ્રચલિત કર્યું. અને ખુદ લાલિયાને પણ એની ટેવ પડે એટલા માટે એની પાસે રોજ


અરધી અરધી કલાક બેસી એના માથા ઉપર પ્રેમથી



ટાપલીઓ મારતો હું 'લા . . લિયા' 'લા. . લિયા' એમ બોલતો. અંતે મારા સંસ્કાર વધારે પડવાને લીધે કહો કે બીજાઓએ પોતાના નામ માટેનો આગ્રહ મૂકી દીધો તેથી કહો, લાલિયો પણ પોતાને 'લાલિયો' કહેવડાવવામાં જ અભિમાન માનતો જણાયો.

હવે તો લાલિયાનો પ્રેમ વધતો ચાલ્યો. છાવણી-માં અમે આંગણામાં સૂતા ત્યારે કેટલીક વાર પોતાના પ્રેમની સાબિતી લાલિયો અમારી પથારીમાં સૂઈને આપતો. મારા જેવા ઊંઘણશી તો એ વાત ઠેઠ સવારે જ જાણે એટલે લાલિયો એના 'ભાઉ'ને જ હમેશાં પસંદ કરે એમાં નવાઈ નહિ. કોઈ બીજાની પથારીમાં સૂતો ત્યારે પણ ગમે તેટલું મારે તોપણ તે ખસતો નહિ. ટાંટિયા પકડીને દૂર મૂકી આવે તો જ ખસવાની વાત. અને તે પણ જે દશામાં મૂકો એ જ દશામાં ભાઈસાહેબ સૂવાના. કારણ એક વાર ઊંઘવાનો નિશ્ચય કર્યો પછી તેમાંથી ડગે તો તો લાલિયો શાનો ? આ રીતે કેટલાક જણાએ આપેલું 'સત્યાગ્રહી કુતરો' એ નામ લાલિયો સાર્થ કરતો.

રસોડાનું કામ જ્યારે મારા હાથમાં આવ્યું ત્યારે લાલિયો મારો જીવશ્ચ કંઠશ્ચ સ્નેહી બનવાનો પ્રયત્ન કરવા લાગ્યો. એક દિવસ તો ભાઈસાહેબ એક બહેનપણીને મારી પાસે 'પાસ' કરાવવા લઈ આવ્યા ! એ બહેનપણીએ મારા હાથમાંના રોટલાના ટુકડા માટે અનેક જાતનાં નૃત્યો કરી બતાવ્યાં. અંતે એકંદરે મને લાગ્યું કે લાલિયા જેવા કુલિન શ્વાનને એની મૈત્રી શોભે નહિ. એટલે મેં એને કાઢી મૂકી ને લાલિયાએ



પણ મારા દેખતાં તેના ઉપર ક્રુદ્ધ થવાનો ડોળ કર્યો.


એક વાર ખજુરા કાપીને પાછા આવતાં લાલિયો અચાનક થોભી ગયો. આમ દોડ્યો ને તેમ દોડ્યો; નાક ઊંચું કર્યું, વળી નીચું કર્યું, અને છેવટે સાખી દોટ મૂકી અને ભેંસના પગનું એક તદ્દન તાજું જ હાડકું ક્યાંકથી ઉપાડી લાવ્યો. પોતાની શોધની બહાદુરી બતાવવા ભાઈસાહેબ તે લઈને મારી સામે આવ્યા. મને ખૂબ ચીડ ચડી અને મેં એ હાડકું લાકડી વતી ઉપાડી લઈ એક ઝાડના થડની બખોલમાં સહેજ ઊંચે



ભરાવી દીધું. પછી તો ભાઈ ખસે જ શાના ? એણે તો ઊંચા પગ કરી થડને આશરે હાડકું લેવાનો પ્રયત્ન માંડ્યો, પણ બીચારો નિષ્ફળ ગયો. એનું દયામણું મોઢું જોઈ રસિક કહે, 'ભાઉ, આની સ્ત્રી ને આ પગું શું જાય છે ?' મને પણ થયું, સાચી વાત છે. હું શાકાહારી હોઉં એટલે બીજાને પણ જબરદસ્તીએ બનાવું એ ન્યાય ક્યાંનો ? અને જરા પણ વૈભાવના વગર કેવળ ક્ષુધાશાંતિ માટે કુતરો મરેલા ઢોરનું હાડકું ખાતો હોય તો તેમાં મને શા માટે સૂગ ચડે ? મેં હાડકું નીચે પાડ્યું. પણ હવે તો માનભાવી લાલિયાએ નિશ્ચય કરેલો કે હવે હાડકું હરામ છે. એણે તો એ સૂંઘ્યું પણ નહિ અને અમારી જોડે ચાલવા માંડ્યું. માની સ્વભાવ બતાવી આ રીતે

એણે પોતાનું માન વધાર્યું.

મહાત્માજીને ભેટ મળેલા ઘોડા ઉપર બેસતાં શીખનાર વિદ્યાર્થીઓમાં હિંમત લાવવાનું માન લાલિયાને ઘટે છે. ઘોડા ઉપર કોઇ પણ બેઠું હોય ત્યારે તેણે ઘોડાની પાછળ દોડી તેને ભડકાવ્યો ન હોય એવું કદી બન્યું નથી. એની જમણી બાજુ દોડે, ડાબી બાજુ દોડે, સામે આવીને મોઢા આગળ દોડતો જાય ને પોતાનું ભસભસાસ્ત્ર ચલાવ્યે જાય. ઘોડાને બાંધ્યા પછી પણ એને પજવવાની ઇચ્છા કોઇકોઇ વાર ભાઇને થઇ આવતી. કુતરાને ઘોડાનો પગ પ્રિય હોય છે તેથી હશે, અથવા ગમે તે કારણથી, પણ લાલિયો ઘોડાની



લાતને જોખમે પણ એનો પગ પકડવા પ્રયત્ન કરતો.

લાલિયો મારો એટલો મિત્ર બન્યો કે મારા એક સ્વાવલંબી મિત્ર, જેઓ કાશી તરફ 'ભસ્માનંદ'ને નામે પ્રવાસ કરી આવવાનું પરાક્રમ કરી આવ્યા છે તે, તથા બીજા એક સાક્ષર મિત્ર, જેઓ એક સારા નાટકકાર ને કવિ છે તે બંનેએ મને એનો ભાઇ જ ગણવા માંડ્યો.

પ્રાર્થનાના શાંત સમયનો લાગ સાધી લાલિયો કેમ કોઠારમાં પેસતો, ત્યાં ઘી વગેરે કેમ આરોગતો અને બીજાં કેવાં તોફાનો કરતો તે બધું કહું તો ટીપુડાના ભાઇને માટે 'ટીપુડા' જેવું જ એક પુસ્તક લખવું પડે. હવે તો છેલ્લો જ પ્રસંગ વર્ણવીશ.


૧૨મી મેની સવારે અમે ધરાસણાના અગર પર જવા ઉપડ્યા. લાલિયાને કુતૂહલ થયું કે આખી છાવણી કેમ તૈયાર થઇ ગઇ? બબ્બેની હારમાં ઊભેલી અમારી સેનાને તેણે બેત્રણ પ્રદક્ષિણાઓ કરી. પ્રદક્ષિણાઓ જ કરી એમ ન કહી શકાય; કારણ એમાં કેટલીક ઊંધી પણ થતી હતી. એટલેકે પ્રદક્ષિણા—જમણી બાજુ હમેશ અંદરની બાજુ જ રહેતી ન હતી. સિવાય કેટલીક શંકરની પ્રદક્ષિણાઓની જેમ અરધેથી પાછા વળવાની પણ થતી. એના પ્રિય શંકરનું નામ સાદૃશ્ય જોઇને એને અરધી પ્રદક્ષિણાઓ કરવાનું મન થયું હશે કે કેમ એ તો હું કેમ કહી શકું? થોડી જ વારમાં એણે મને શોધી કાઢ્યો અને તરત જ પ્રશ્નની પરંપરા શરૂ કરી. પોતાની આંખોથી એણે મને હજારો પ્રશ્ન પૂછવા માંડ્યા. મેં પણ એને મૂક ભાવમાં આપણો વિરહકાળ પાસે આવ્યો છે એમ કહી દીધું. બોલવું અશક્ય હતું. હું એને ભેટ્યો. એણે પગ ઊંચા કરી મારી બગલથેલી ઉપર મૂક્યા. મારી ચોકખી ધોએલી બગલથેલી ઉપર શુકનનાં સ્વસ્તિ ચિહ્ન જેવાં લાલિયાનાં પગલાંની છાપ પડી. પણ હું ચીડાયો નહિ. ચીડાવું કે રોવું એ પ્રશ્નમાં હું બંને વસ્તુ ભૂલી ગયો.

કરાડી ગામ છોડીને બહાર નીકળ્યા ન નીકળ્યા ત્યાં તો અમારા સ્વાગત માટે પાંચ છ મોટરો અને ૧૦૦-૨૦૦ પોલિસો હાજર હતા. લાલિયાને માટે આ દૃશ્ય અપૂર્વ હતું. આ પ્રસંગ આનંદનો છે કે દુ:ખનો એ અમારી જેમ એને પણ પ્રશ્ન જ હતો. એટલે એણે મહા મહેનતે ભસવાનો સંયમ કર્યો. આજે તો એ પણ અહિંસક જણાયો. થોડા સવાલજવાબ પછી અમને પકડવામાં આવે છે એમ જાહેર કરવામાં આવ્યું અને અમે મોટરમાં બેઠા.

હવે લાલિયાથી ન રહેવાયું. તેણે દોડધામ શરૂ કરી. તે મુંઝાયો હતો. મોટરનું એંજિન શરૂ થયું... હવે તો હદ થઇ. એક ઝીણી અસ્ફુટ ચીસ પાડી લાલિયાએ પોતાના આગલા પગ મોટર લૉરીના પાટિયા ઉપર મૂક્યા અને પોતાનું દયામણું અશ્રુ સારતું મોં ઊંચું કરી ફરીથી એક ચીસ પાડી.

હૃદયવિહીન પોલિસે બંદુક ઉઠાવી, મોટર શરૂ થઇ અને મારી આંખમાંથી બે અશ્રુબિંદુ સરી પડ્યાં.

'ભાઉ'



દુનિયામાંથી મૅલેરિયા નાબૂદ કેમ થાય?

હું લોકોને એક એવો રસ્તો બતાવવા માગું છું કે જેથી તેઓ લોહી ચૂસતા–બલ્કે દુનિયાના લોકોના ઘણા ભાગનો જીવ લેતા ઝેરી મચ્છરોને દૂર કરી મૅલેરીઆથી બચી શકે. મારી આ શોધ ૩૩ વરસ પહેલાંની છે, અને યુરોપ અમેરિકાના બંને ખંડો તથા એશિયામાંના સેંકડો અખતરા અને દાખલાઓ વડે મેં સાબિત કરી છે. વધારામાં આધુનિક પ્રયોગોથી પણ તેની શક્યતા પુરવાર થઇ શકી છે. મૅલેરીઆ તાવ શું છે તે હું સારી રીતે જાણું છું, કારણકે તેનાથી હું ૧૯ વરસ રીબાયો છું.

અરેબિયન નાઇટ્સ અને એવી બીજી વાર્તાઓમાં ધનના ખજાનાઓની ચોકી કરતા ક્રૂર રાક્ષસોની વાતો આવે છે. ઉષ્ણ મુલકોના કુદરતે બક્ષેલા ખજાનાઓની ચોકી એ રાક્ષસો જેટલા જ ભયકર પણ કદમાં અતિ નાનાં મચ્છર નામનાં મગતરાં કરી રહ્યાં હોય છે. તેઓ કરડે છે, દુઃખ આપે છે, સોજો લાવે છે; તેઓ મૅલેરીઆ તાવ, ઇન્ફ્લ્યુએન્ઝાનો તાવ, પીળો તાવ અને એવા બીજા અનેક જીવલેણ તાવોના ઝેરી જંતુઓ આપણા શરીરમાં પોતાના ડંખ વાટે મૂકી જાય છે.

માણુસ અને મચ્છર વચ્ચેની લડાઇ ઘણા વખતથી ચાલતી આવી છે. દાખલા તરીકે કેટલાક ઇતિહાસકારો માને છે કે મૅલેરીઆના તાવથી રોમન સામ્રાજ્યનો અંત આવ્યો. આજના યુગમાં પનામાની નહેર, ઇક્વેડોર અને બ્રાઝિલનાં શહેરોને પણ મહામહેનતે એ મચ્છરોના ત્રાસથી મુક્ત કરવામાં આવ્યાં છે.

પણ કમભાગ્યે નાનાં ગામડાંઓને આ શહેરો જેવી રીતો લાગુ પાડી શકાતી નથી. શહેરોમાં હોજ-વાળો કે પાણી ભરાતો દરેક ભાગ ખાડો કે જગ્યા તપાસી શકાય છે અને ત્યાં ગ્યાસતેલ જંતુનાશક દવા અગર તો મચ્છરોનાં ઇંડાં ખાઇ જનારી માછલીઓ મૂકવામાં આવે છે. પણ નાનાં ગામડાંઓમાં એ બનવું શક્ય નથી. કારણકે ત્યાં તો વરસાદની ઋતુમાં જમીનના નાનામોટા દરેક ભાગ પાણીથી ભરાઈ જાય છે અને મચ્છરોને ઉત્પન્ન થવાની સરસ જગ્યાઓ બની જાય છે. વળી મચ્છરો ઝીણામાં ઝીણી જગ્યામાં પણ બહુ આસાનીથી ઉત્પન્ન થઈ જાય છે. દાખલા તરીકે પ્રાણીઓ ચાલ્યાં હોય તેમના પગની ખરીઓને લઇને જે નાના ખાડા પડ્યા હોય તેમાં પણ તેમનો વિસ્તાર પરતી રીતે થાય છે. તેવી જ રીતે ઊંચા તાડ ઉપરનાં પાંદડાઓમાં ભરાઇ રહેતા પાણીમાં અથવા વાંસના ઝાડોના વચ્ચેના પોલાણમાં પણ મચ્છરોની વસ્તીને વધવાને પૂરતી જગ્યા મળી રહે છે.

આ બધું જોતાં એક વખત આપણને લાગી જાય કે માણસ જાતના આ અજાતશત્રુઓનો ઉપદ્રવ ટાળી શકાય તેમ નથી. અને તેથી મૅલેરીઆને નાબૂદ કરવો અશક્ય જેવો લાગે છે. પણ હું જે રીતો અહીં કહેવાની હિંમત ધરાવું છું તેથી એ બધું શક્ય બને તેમ છે.

૩૫ વરસ પહેલાં રશિયાના કૅાકેસસ પર્વતના બાટુમ જિલ્લાના એક ગામડામાં મને રહેવાનો પ્રસંગ પડેલો. ત્યાં એ ૬૦ મનુષ્યના નાના ગામડામાં પણ મેં ફક્ત ચાર માણુસ સિવાય બીજા બધાને મૅલેરીઆના તાવથી પીડાતા જોયા! આ ચાર માણસ એક જ કુટુંબ હતું. સ્ત્રીપુરુષ અને તેમનાં બે બાળકો. એમની રહેવાની જગ્યા અને રીતો બીજાના જેવી જ હતી, છતાં એક બાબતમાં તે જુદી જણાઇ આવી. તેમના ઘરની આજુબાજુ કકોળના છોડવા ઉગાડેલા હતા.

બીજો દાખલો. એક ઉનાળે હું એક ગામડામાં ગએલો. એ ગામના બે ભાગ પડેલા હતા. એક ભાગ ઊંચે પર્વતના ઢોળાવ પર હતો, બીજો નીચે તળેટીની ખીણમાં વસતો હતો. આ નીચલો ભાગ મૅલેરીઆના ઉપદ્રવથી સારીપેઠે પીડાતો હતો. એમાંના એક જણે પોતાના ૬ એકરમાં કકોળ વાવ્યું, ને જેવું તે ઊગીને ફૂલ આવવા લાયક થયું કે જાદુની માફક મૅલેરીઆ આપોઆપ નાબૂદ થઇ ગયો.

આ બે કિસ્સાઓ ઉપરથી મૅલેરીઆને નાબૂદ કરવાની યુક્તિ મને જડી આવી. સામાન્યરીતે મચ્છરો છોડના રસ ઉપર જીવે છે. તેમાંથી જે પુરુષજાતિ છે તે ફક્ત છોડવાઓનો રસ પીએ છે, જ્યારે સ્ત્રીજાતિ છોડવાઓના રસ સાથે મનુષ્ય અને પ્રાણીઓનું લોહી પણ ચૂસે છે. મને જણાયું છે કે આમાંના મૅલેરીઅલ મચ્છરો જ્યારે કકોળનો રસ ચૂસે છે ત્યારે તેમનું ઝેર બદલાઇ જઇ શમી જાય છે. તેઓ પછી મૅલેરીઆનો પ્રચાર કરી શકતાં નથી.

મારા અખતરાઓનું પૂર્ણ વર્ણન આ નાનકડા લેખમાં જગ્યાના અભાવે કરી શકાય તેમ નથી. પણ હું એશિયા યુરોપ અને બંને અમેરિકામાં ખૂબ ફર્યો છું અને અનુભવસિદ્ધ બધે ઠેકાણે એ જ જોયું છે કે કઠોળના છોડવાઓ મૅલેરીઆનો ઉપદ્રવ અટકાવવામાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે. આ છોડવાઓમાં 'કુમૅરીન' કરીને મચ્છરોને ભાવતો એક પદાર્થ થાય છે, અને તે, મનુષ્યના શરીરમાં ક્વીનાઈન જે ભાગ ભજવે છે તેવો ભાગ મચ્છરોમાં ભજવે છે.

દક્ષિણ અમેરિકાના આરજેન્ટાઇન પ્રદેશમાં મૅલેરીઆના મચ્છરો ઘણા છે, છતાં ત્યાં મૅલેરીઆ નહિ જેવો છે; કેમકે ત્યાં એક સુગંધીદાર કઠોળનો જંગલી છોડ ઘણો થાય છે. મૅલેરીઆની ઋતુ શરૂ થાય છે ત્યારે જ આ છોડને ફૂલ આવવા માંડે છે. તેની તીવ્ર સુગંધથી ઘણાં જંતુ આકર્ષાય છે; ખાસ કરીને મૅલેરીઆના મચ્છરો આનો રસ ખૂબ ચૂસે છે. પરિણામે આ છોડવામાં રહેલા 'કુમૅરીન' પદાર્થથી મચ્છરોનું ઝેર નાબૂદ થઇ જાય છે. જ્યાં મૅલેરીઆનો ઉપદ્રવ છે ત્યાં આ છોડ માલૂમ પડતો નથી.

ઉત્તર હૉલૅન્ડના પ્રાંતમાં મૅલેરીઆનો ઉપદ્રવ ઓછો નહોતો. પણ જ્યાં કઠોળનું વાવેતર કરવામાં આવ્યું તે મૅલેરીઆ આપોઆપ નાબૂદ થઇ ગયો. ઇજીપ્તમાં પણ તેમજ થયું છે. જે પ્રદેશમાં કઠોળનું વાવેતર થાય છે ત્યાં મૅલેરીઆનું નામનિશાન નથી. પણ જ્યાં તેવું વાવેતર નથી થતું ત્યાં મૅલેરીઆનો ઉપદ્રવ ઘણો મોટો છે. તેવી જ રીતે પૅલેસ્ટાઇન અને ગ્રીસની વાત છે. આ દેશમાં કઠોળ ઘણું ઓછું થાય છે અને તેથી મૅલેરીઆનો ઉપદ્રવ ત્યાં ઘણો ભારે છે.

હિંદુસ્તાનમાં પણ એ જ દાખલો બંધ બેસે છે. પંજાબ વગેરેમાં જ્યાં ચણા અને બીજાં કઠોળ સારી રીતે વવાય છે ત્યાં મૅલેરીઆ હોતો નથી. જ્યારે ચોખાનું જ ફક્ત જ્યાં વાવેતર થાય છે ત્યાં બંગાળા વગેરેમાં મૅલેરીઆનું એકચક્રે રાજ ચાલે છે.

આમ અજાણતાં કઠોળનો પાક મૅલેરીઆથી મનુષ્યનું રક્ષણ કરી રહ્યા હોય છે. એને આપણે મૅલેરીઆના મચ્છરોનું ઝેર નાબૂદ કરવાના ખાસ ઇરાદાથી ઠેકાણે ઠેકાણે દાખલ કરી શકીએ તો તેના ઉપદ્રવમાંથી બચી શકીએ તેમ છીએ.

આ મારી યોજનાનો પહેલો ભાગ છે. બીજે ભાગે જે મચ્છરો મનુષ્યનું લોહી ચૂસે છે તેમની જગ્યાએ પ્રાણીઓનું લોહી ચૂસનારા મચ્છરો ઉત્પન્ન કરવાનો છે.

જે. લેજેન્ડ્રે કરીને એક ફ્રેન્ચ વૈજ્ઞાનિકને શોધ કરતાં માલૂમ પડ્યું છે કે કેટલાક મચ્છરો એવા છે કે જેઓ મનુષ્યને કરડતા નથી. વળી બીજા એવા મચ્છરો હોય છે કે જેઓ પોતાનાથી વિરૂદ્ધ જાતિના મચ્છરોનાં ઇંડાં ખાઇ જઇ તેમને નાબૂદ કરે છે. આમ અમુક ભાગમાંથી અમુક મચ્છરો નાબુદ કરવા સહેલા છે. જે. લેજેન્ડ્રેએ એક એવો મચ્છર ખોળી કાઢ્યો છે (જેને તે પ્રેટન ક્યુલેક્સ કહે છે) કે તે બીજા મચ્છરોનો સમૂળો નાશ કરે છે અને સાથેસાથે મનુષ્યને ડંખતો નથી, પણ ફક્ત પ્રાણીઓને ડંખે છે.

મૉ. લેજેન્ડ્રેએ પોતાના એ પ્રેટન ક્યુલેક્સનાં ઇંડાં જ્યાં મૅલેરીઅલ મચ્છરો મનુષ્યને ઘણો ત્રાસ આપતા હતા એવા એક પ્રાંતમાં દાખલ કર્યાં. એક વર્ષ પછી તેણે જોયું કે આ નવા દાખલ કરેલા મચ્છરો મનુષ્યને કરડતા નહોતા. આ અખતરો પાંચ વર્ષ સુધી ચાલ્યો અને છેવટે માલૂમ પડ્યું કે જૂના મચ્છરોની જગ્યા આ નવા દાખલ થએલા મચ્છરોએ લીધી હતી, અને તેમને મનુષ્યના લોહીનો અભાવ થઇ પડ્યો હતો!

આ મારી યોજના. એનો પહેલો ભાગ કઠોળના વાવેતરનો છે અને જેમને નહિ ખબર હોય તે સૌને એ નવાઇ ભરેલો લાગે છે; જ્યારે બીજો ભાગ તો ફક્ત એક જંતુને બીજા જંતુની સામે લડાવીને તેનો નાશ કરવાનો જૂનોપુરાણો સાદો અને સરળ રસ્તો છે.

એટલે જો કઠોળ અને 'મિત્ર મચ્છરો'થી આપણે મુક્તિનું કામ શરૂ કરીએ તો મૅલેરીઆ બહુ ટૂંક વખતમાં અને જડ મૂળથી નાબૂદ કરી શકીએ. આપણા ઘરની આજુબાજુ અને બાગબગીચામાં કઠોળનું વાવેતર કરીએ તો મૅલેરીઆના ત્રાસમાંથી ઘણું બચી શકીએ. આ મૅલેરીઆનો રોગ આખી દુનિયામાં પ્રસરેલો છે. તેની ભયંકરતા ઘણી છે. તેણે લાખો માણસના ભોગ લીધા છે અને કરોડો રૂપિયાનું પાણી કર્યું છે. તેના ભયંકર પંજામાંથી જગતને મુક્ત કરવાના બે ઉપાય મને લાધ્યા તે મેં રજુ કર્યા છે. સૌ તેનો યથાશક્તિ ઉપયોગ કરો.

ચુનીભાઈ ઘ. પટેલ

[થીઓડોર ક્રિસ્ટો એમ. ડી.ના અંગ્રેજી લેખ ઉપરથી]

ગીત-સુધા

પ્રેમાભાઈ હૉલમાં મર્હુમ ભોળાનાથ બાપાલાલ કંથારિયાએ ગુર્જર કવિ દયારામની છબી ખુલ્લી મૂકવાનો ઉત્સવ કર્યો હતો. તે વખતે 'જય જય ગરવી ગુજરાત' એમણે અમદાવાદમાં બહુ સરસ રીતે ગવડાવેલું. એની અસર મારા મન પર ખૂબ થઇ હતી. ત્યાર પછી અમે 'સ્વદેશી મિત્રમંડળ' સ્થાપ્યું. એમાં વારંવાર દેશભક્તિનાં ગીતો ગવડાવવાનો, રાજદ્વારી પુરુષોની જયંતીઓ ઊજવવાનો અને રાષ્ટ્ર-વિચાર પ્રચારનો હેતુ હતો. મર્હુમ દાદાભાઇ નવરોજજીની જયંતીઓ અમે આ મંડળ મારફત બહુ ધામધૂમથી ઊજવતા. આ પ્રસંગોએ 'જય જય ગરવી ગુજરાત' તો ભોળાનાથભાઇએ ગવડાવેલી ઢબે જ અમે ગાતા ને ગવડાવતા. એ ગીતથી માતૃભૂમિ ગુજરાત તરફ મારો ભક્તિભાવ ખૂબ વધ્યો ને હજી પણ આખા હિંદમાં એ જ 'પ્રમુખા' રહે એ જોવાની મને બહુ હોંશ છે. મહાત્માજીના પ્રતાપે એનું માન વધ્યું છે તે સદાકાળ કાયમ રહો! સ્વ. દી. બા. અંબાલાલ તે વખતે અમારા અગ્રેસર હતા. એમના મનમાં પણ પ્રાંતીય અભિમાન હતું. ને ખરું પ્રાંતિક અભિમાન ન હોય તો સાચું સ્વદેશાભિમાન પણ આવતું નથી એમ એ માનનારા હતા. અમારા સ્વદેશ ઉત્સવોમાં એ ભાગ લેતા ને એ પ્રસંગોએ ભારતભૂમિનાં સ્તુતિગાનો થતાં તેમાં એ પહેલું 'જય જય ગરવી ગુજરાત' જ ગવડાવતા.

卐 卐

સ્વ. સુરેન્દ્રનાથ બૅનરજીના પ્રમુખપદ નીચે જે કૉંગ્રેસ અમદાવાદમાં મળી હતી તેને આજ ૨૮ વર્ષ થયાં. એ કૉંગ્રેસે મારા હૃદયમાં ભારતમાતાને માટે પૂજ્યભાવ ખીલવ્યો. પ્રમુખનું ભાષણ તો પ્રેરક હતું જ. તે સાથે મંડપની રચના, સ્વદેશપ્રેમીઓનો આદરભાવ ને કૉંગ્રેસ તથા સ્વદેશી પ્રદર્શનના પ્રસંગોએ થએલાં બીજાં ભાષણોએ મને રાજદ્વારી જીવનની દીક્ષા આપી. એ સૌમાં પ્રથમ જ ગવાએલું

'ગાઓ ભારતનો જય!
શું ભય? શું ભય? ગાઓ ભારતનો જય!'

એ ગીતે મને અનહદ પ્રેરણા આપી હતી.

卐 卐

ઇ. સ. ૧૯૦૫માં હું કલકત્તે ગયો. ત્યાંની બંગભંગની ચળવળમાં સ્વદેશગીતો જે ઉત્સાહ ને પ્રેરણા આપતાં તે મેં જોયું ને અમદાવાદમાં આવી તરત આપણાં સ્વદેશભક્તિનાં ગીતો એકઠાં કરી અમારા સ્વદેશી મિત્રમંડળ દ્વારા ઉત્સવો કરવા માંડ્યા. એ ઉત્સવોમાં સંગીતશાસ્ત્રી ખરેએ ગીતો દ્વારા જે જુસ્સો ફેલાવ્યો તેણે કાયમની અસર ઉપજાવી. બંગાળી વિદ્યાર્થીઓ પાસે અમે 'વંદેમાતરમ્' અસલ બંગાળી સૂરમાં ગવડાવતા અને એક ભાઇ ગંગુલી 'દેશકા કયા યહ હાલ, ભૈયા દેશકા કયા યહ હાલ?' નામનું હિંદી ગીત બુલંદ સ્વરે ગાતા. એથી તો અમે સ્વદેશી સ્ટોર કાઢવા પ્રેરાએલા. એ સ્ટોરે ખાદી આવતાં સુધી સ્વદેશી માલ તરફ ગુજરાતીઓનું ધ્યાન પુષ્કળ દોર્યાં કર્યું હતું.

'સુજન જાગો જાગો રે
વીર જાગો જાગો રે'

એ શ્રી 'વસંતવિનોદી'નું ગીત સંગીતશાસ્ત્રી ખરે જે ગાતા એણે તો અમારી ઊંઘ ઉડાડી નાખી. વળી, સ્વ. હરિલાલ હર્ષદરાય ધ્રુવના

'નીંદરડી ન આવી; સારી રૈના વહી ગઇ.'

એ ગીતે પણ તે વખતના ગુજરાતી યુવકોને ઊંઘવા ન દીધા. કવિ ખબરદારનું 'ગુણવંતી ગુજરાત' યુવતીઓમાં બહુ લોકપ્રિય થઇ ગયું. એ કાવ્યે ગુર્જર સુંદરીઓને પોતાના પ્રાંત માટે ખરી ગુણવંતી બનાવી.

'ગુણિયલ ગુર્જર દેશ!
અમારો ગુણિયલ ગુર્જર દેશ.'

એ કવિ નાનાલાલના ગીતે પણ ઘણાની નજર સમક્ષ ગુજરાતનું સાચું ગૌરવ ધર્યું અને

'નથી બાયલા, નથી રાંકડા;
કાયર પડી નામે ડરી
હાય શાં મેણાં?'

એ ગીતે કાયરતા, રાંકાપણા ને બાયલાપણાનાં મેણાં દૂર કરાવવા જાણે યુવકોમાં નિશ્ચય કરાવ્યા.

સ્વ. બારોટ મોતીભાઇ અને એમની મંડળી એકતારા સાથે નીચેનું ગીત ગાતી ત્યારે હજારો શ્રોતાજનોની આંખોમાંથી અશ્રુ ટપકતાં. અને દક્ષિણ આફ્રિકામાં ચાલતી સત્યાગ્રહની લડતે, પરદેશોમાં આપણી નિરાધારતા અને સ્વદેશમાંની ગુલામી પ્રત્યક્ષ કરાવ્યાં ત્યારે તો એ ગીતે અમારાં આખા ગુજરાતનાં હૃદય હલાવી મૂક્યાં હતાં:

'દુઃખિયાનો વિસામો રે, માડી તારી ઝૂંપડી
વનવગડાનો છાંયો રે, આંધળિયાંની લાકડી.'

સુરતની યાદગાર કૉંગ્રેસ પહેલાં લાખ્ખો ગુજરાતીઓમાં આ બધાં ગીતો પ્રસરી ગયાં હતાં. સેંકડો સભાઓમાં એ ગવાયાં હતાં અને પાંચ છ આવૃત્તિઓમાં 'દેશભક્તિનાં ગીતો'ની દસ બારહજાર નકલો, સરકારે એને જપ્ત કર્યાં ત્યાં સુધીમાં થઇ ચૂકી હતી.

મહાત્માજીના ગુજરાતમાં આવતાં પહેલાં ગુજરાતનું આખું વાતાવરણ આ પ્રમાણે તૈયાર થએલું હતું અને અમદાવાદ એનું કેન્દ્ર હતું.

卐 卐

ભોળાનાથ લેડીઝ ઇન્સ્ટીટ્યૂટમાં સાહિત્ય સભા તરફથી સ્વ. કલાપીના દુઃખદાયક મૃત્યુનો શોક પ્રદર્શિત કરવાની સભા મળી હતી. કલાપીએ પોતાનાં કાવ્યોથી ગુજરાતને મુગ્ધ કર્યું હતું. વિદ્યાર્થીઓના મેળાવડાઓ તથા ઉજાણીઓમાં હું કલાપીનાં ઘણાં ગીતો લલકારતો. ૧૯૦૪ પહેલાં મેં 'Dawn Society' (સૂર્યોદય સમાજ) નામની વિદ્યાર્થીઓની એક સભા કાઢી હતી. એમાં હાઇસ્કૂલ ને કૉલેજના વિદ્યાર્થીઓને અભ્યાસ ઉપરાંત બહારના વાંચનમાં રસ પાડવાનો ઉદ્દેશ હતો. નારાયણઘાટ પર એક વર્ષે હું બધા સભાસદોને ઉજાણીને જ્ઞાનવિનોદ માટે લઇ ગયો હતો. ત્યાં મેં

'જ્યાંજ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની.'

એ ગીત ગાયું. મારો રાગ કંઇ બહુ સારો નથી, છતાં એ કાવ્યની અસર ભવ્ય થઇ હતી. અને જ્યારે:

'તારા ઉપર તારા તણાં, ઝૂમી રહ્યાં જે ઝુમખાં
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની.'

એ લીટીઓ ગવાઈ ત્યારે તો તમામ બાળશ્રોતાઓ સ્થિર થઇ ગયા હતા.

ભોળાનાથ લેડીઝ ઇન્સ્ટીટ્યૂટ વાળી ઉપર કહેલી સભામાં શ્રીયુત ગટુલાલ ગોપીલાલ ધ્રુવે

'સુરતાની વાડીના મીઠા મોરલા'

એ ગીત પહેલી જ વાર ગાયું એણે અમારાં હૃદય હચમચાવી નાખ્યાં હતાં.

'નંદનવનના પ્રાસાદોની ટોચથી'

અને

'તત્સવિતાનું ભર્ગ વરેણ્યં ધીમહી'

એ લીટીઓની અમારા મન પર થએલી અસરો ઉપર તો અમે મહિનાઓ સુધી વાતો કરી હતી.

સાક્ષરશ્રી. બ. ક. ઠાકોરનું 'આરોહણ', કવિ નાનાલાલની 'વિલાસની શોભા' અને સ્વ. મણિશંકર ભટ્ટનો 'વસંતવિજય' વિદ્યાર્થીઓ સમક્ષ મેં ખૂબ ગાઇને, એના પર પ્રવચનો કર્યાં હતાં.

卐 卐

રાજકોટ સાહિત્ય પરિષદ વખતે શ્રી 'લલિત'ને મેં પહેલી વાર જોયા.

'અમે તો કાઠિયાવાડી, સબળ સૌરાષ્ટ્રવાસી,
ભૂખ્યાં કરભાવનાં, પ્રભુભક્તની ભૂમિ અમારી!
અમારે ડોલતે ડુંગર ઝુલે કંઈ દેવવાડી.'

વગેરે પરિષદનો સત્કાર કરતાં ગવાયું અને ત્યારથી કાઠિયાવાડીઓ સગા ભાઇઓ હોય એવો ઉમળકો મને થયો, તે હજી કાયમ છે. ત્યાર પછી તો લલિતજીએ એમનાં મંજીરાં સાથે અનેક પ્રસંગે અમને ઘણાં યે ગીતો સંભળાવ્યાં છે; પણ એમાં

'ચીપચાં ચલ્યાં રે! ઘોબનરામ મલપતાં રે!'

વાળું ઘોબણનું પ્રખ્યાત ગીત તે અંતઃકરણમાં ચોંટી ગયું છે. પ્રભુની સેવા અર્થે જ જાણે આ જીવન છે એમ સમજી જે પોતપોતાના ધંધા કરે છે એમનામાં કેવું ધાર્મિક કવિત્વ રહેલું છે એ ભાન લલિતજીના એ ગીતથી મને થઇ ગયું.

卐 卐

મહાલક્ષ્મી ટ્રેનિંગ કૉલેજ ફૉર વીમેનના સંગીત-શિક્ષક શ્રીયુત પંચાક્ષરીએ એક વખત મારા ભાઇ પ્રીતમરાયને ત્યાં એક ખાનગી જલસામાં

'પ્યાસી—અખિયાં હરિદરસનકી પ્યાસી.'

સંભળાવ્યું હતું. અરધો કલાક એ ચાલ્યું હતું, પણ જ્યાં સુધી મારી હરિદર્શનની પ્યાસ છીપે નહિ ત્યાં એમની પાસેના એ અરધા કલાકથી શું થાય? એ તો રોજ મેં મારી પાસે રાખ્યું છે ને પ્રસંગોપાત ગાયા કરું છું કે

'પ્યાસી—અખિયાં હરિદરસનકી પ્યાસી.'

卐 卐

અને એક એવું જ બીજું દર્શન, કવિ નાનાલાલની એક કવિતા જ્યારે લલિતજીએ કવિને ઘેર ગાઇ ત્યારે થયું હતું. સ્વ. મણિશંકર ભટ્ટના કહેવાથી એમણે મંજીરાં સાથે ગાએલું:

'એક જ્વાલ જલે તુજ નેનનમાં,
રસજ્યોત નિહાળી નમું હું નમું.
એક બીજ ઝગે નભમંડળમાં,
રસજ્યોત નિહાળી નમું હું નમું.'

આ ગીત મને અત્યંત ગમ્યું. ત્યારનું શરીરના તારે-તાર સાથે એ ભળી ગયું છે અને હજી યે, ગૃહસ્થ-જીવનમાં જે દિવ્યતા ને રસ મને મળ્યાં છે તેનો યશ કેટલેક અંશે આ ગીતને પણ હું આપું છું.

ૐ ૐ

શ્રી હરગોવિંદદાસ કાંટાવાળાના પ્રમુખ પદ નીચે મળેલી અમદાવાદની છઠ્ઠી સાહિત્ય પરિષદમાં કવિવર ટાગોર પધાર્યા હતા. એમના સત્કાર માટે મણિલાલ મૅન્શનમાં ટકોરખાનાં બેસાડવામાં આવ્યાં હતાં. (પીરમશાહને રોજે હમેશ, રાતદિન, હજી પણ જે ચોઘડિયાં વાગે છે તે જ એ વખતે ત્યાં આણ્યાં હતાં. રાતના અગિયાર વાગ્યે, જે વખતે શહેરની બધી પ્રવૃત્તિ લગભગ શાંત થાય છે ત્યારે આજે પણ એ ચોઘડિયાં તમે કોઇ ઓટલે બેસી નિરાંતે સાંભળી શકો.) સવારનો વખત હતો ને ડૉ. ટાગોર જેવા સહૃદયને, ગુજરાતના રસજીવનનું દર્શન, હું માનું છું કે આ ટકોરખાનાંએ કરાવ્યું. મને પણ એ ટકોરખાનાંથી સંતોષ થયો અને બૅન્ડ જેવી પરદેશી ચીજ એ પ્રસંગે ન આણી તેથી યોગ્ય લાગ્યું. પછી લાલ દરવાજે ખુલ્લા મેદાનમાં પરિષદને અંગે એક જાહેર સભા રાખવામાં આવી હતી. ત્યાં ચાંદનીના રૂપેરી પ્રકાશમાં વૃક્ષો નીચે કવિએ 'વસંતનો સંદેશો' આપ્યો. તે પછી શ્રીમતી સરલાદેવી ચૌધરાણીએ ટાગોરનું પેલું પ્રસિદ્ધ ગીત ગાયું:

'અયી ભુવન મન મોહિની. . . .'

સાબરમતીની રેતમાં સરલાદેવી પાસે મહાત્માજીએ તે પહેલાં થોડા જ દિવસ અગાઉ

'કદિ નહિ હારના ભાવેં સાડી જાન જાવે.'

એ પ્રેરક ગીત ગવડાવ્યું હતું. અહીં એ બંને ગીતોએ ભેગાં મળી ગંગા યમુનાના જેવો સુંદર સંગમ કર્યો ને 'ભુવન મનમોહિની' ભારતમાતા માટે જાન જાય તો પણ કદી હારવું નહિ એવો નિરધાર એકેએક અંતરને કરાવ્યો.

ૐ ૐ

એ જ સાહિત્ય પરિષદનાં મહેમાનો માટે વિક્ટોરિયા બાગમાં એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. ત્યાં આખા ગુજરાતની રસસામગ્રી પીરસવામાં આવી હતી. એકતારાવાળાનાં ભજનો, પાવાવાળાના જલસા, ડાંડિયારાસ તથા ગરબા રાખવામાં આવ્યા હતા. મંડપ ઝાંખા લાલ દીવાઓથી શોભી રહ્યો હતો. ત્યાં રંગરંગીન વસ્ત્રો પહેરેલી બહેનોએ રૂપાના લોટા સાથે ગરબો ગાએલો

'જળ ભરવાને ચાલો રે, મીઠલડાં જળ ભરવા.'

કવિ ટાગોરને મેં ગરબાનો અર્થ સમજાવ્યો. મહાત્માજી પણ સાથે હતા. એમણે એકતારાવાળા પાસે મીરાંબાઇનું ભજન હમણાં સાંભળ્યું હતું. કવિ કહે, 'આ જળ તો આધ્યાત્મિક જીવનનાં પોષક જળ છે.' મારે માટે આટલું બસ હતું.

પણ કવિ તો આપણા ગુજરાતના આ ગરબાઓ પાછળ ગાંડા થયા. તે પછી ગુજરાત ને કાઠિયાવાડમાં એ જ્યાંજ્યાં ગયા ત્યાંત્યાં એમને માટે ગરબા ને એકતારા ગોઠવાતા હતા. એ કહે, 'તમે આ છોકરીઓને મારે ત્યાં મોકલો. હું એમની બાદશાહી મહેમાનગીરી કરીશ. મારી બંગાળી છોકરીઓને આ ગરબા શીખવીને એમને પાછી મોકલીશ.'

એ પરિષદ પછી તો ઘણા ગરબા થયા. અને નિર્મળ આનંદ, ઉચ્ચ ઉલ્લાસ અને દિવ્ય જીવનની ઝાંખી એમણે આપણને બની એટલી કરાવી છે.

ૐ ૐ

૧૯૦૫માં હું કલકત્તે હતો ત્યારે ત્રણે બ્રહ્મોસમાજોમાં હું વારંવાર જતો હતો. સાધારણ બ્રહ્મોસમાજમાં થતી સ્તુતિ, પ્રાર્થના જોકે આકર્ષક થતી, પણ સૌથી વધારે આકર્ષક ભજનો તો સ્વ. કેશવચંદ્ર સેનના 'નવવિધાન મંદિર'માં થતાં હતાં. ગાતી વખતે ગાનારાનાં મોં વાંકાચૂંકાં થાય છે તે દેખાય નહિ તે માટે એ મંદિરમાં ગાનારાને લાલ પડદા પાછળ બેસાડવામાં આવે છે. ત્યાંનું પાતળી પખાજ સાથેનું એમનું મીઠું સંગીત, જાણે સ્વર્ગમાંથી ટપકતું હોય એમ લાગેલું.

ફરી હું ૧૯૨૭માં કલકત્તે ગયો ત્યારે 'સીતા'ના નાટકમાં કરુણરસનાં જે ચોઘડિયાં સાંભળ્યાં તે ઘણાં હૃદયવેધક હતાં. એ આખું નાટક બહુ જ સરસ રીતે ભજવાય છે. અયોધ્યા, રામચંદ્રજીના આવાસ, લક્ષ્મણ, સીતા, બધાં જાણે આબેહૂબ ખડાં થાય છે! નાટકનો કરુણરસ પોષવાને માટે આખો યે વખત પ્રસંગોપાત રજવાડામાં ચોઘડિયાં વાગતાં હોય એ રીતે તે જોડ્યાં હતાં. એ ચોઘડિયાંના સૂરે મારા અંતરમાં ચીરા પાડ્યા છે. એ નાટકનો અભિનય ઉત્તમ હતો અને ચોઘડિયાંએ તો આખા બંગાળાનાં લાગણીવાળાં હૃદય કમળોને મારી આંખ આગળ ખડાં કરી દીધાં હતાં!

[ચાલુ] **હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ**


જ્ઞાનલીલા

ભાદરવાની જ્ઞાનલીલાના મળેલા જવાબોમાંથી બધા સાચા નીચેના ૧૧ ભાઇઓના છે. તેમાંથી જેઓ ગ્રાહક છે તેમને ઇનામ મોકલાશે. (૧) કે. એન. સોલંકી-કુવાડવા (૨) રણછોડભાઇ પટેલ-નડિયાદ (૩) દયાળજીભાઇ-સરભોણ (૪) જગન્નાથ મહેતા-અમદાવાદ (૫) સોમાભાઇ પટેલ-નડિયાદ (૬) મણિલાલ સુતાર-ચાણસ્મા (૭) શંભુભાઈ પટેલ-નડિયાદ (૮) રમેશચંદ્ર પટેલ-પોરડા (૯) પુરુષોત્તમ ખખ્ખર-મુંબાઈ (૧૦) સુપરિન્ટેન્ડેન્ટ પાટણ હાઇસ્કૂલ બોર્ડિંગ-પાટણ (૧૧) દેવચંદભાઇ-અમરેલી.

ઘણા જણ પોતે જાતે ગ્રાહક ન હોય પણ પોતાના વડિલ સગા કે મિત્રને નામે 'કુમાર' આવતું હોય તેનો લાભ લેતા હોય તેઓએ ગ્રાહક નંબર સાથે તેના વડિલ, મિત્ર કે સગા અથવા સંસ્થાનું નામ જવાબ જોડે જણાવવું જોઇએ.

સાચા જવાબો નીચે મુજબ

(૧) ગોઠવી આપો: (૧) વીરા ચાલો ઝટ રણમાં; (૨) ડંકો વાગ્યો લડવૈયા શૂરા જાગજો રે; (૩) મારા કેસરભીના કંથ હો, સીધાવો જી રણવાટ; (૪) જય જય ગરવી ગુજરાત; (૫) ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું. **(૨) ગણિત-ગમ્મત:** (૧) રંગવાનું ખર્ચ રૂા. ૨૦૦; ચિત્રકામ રૂા. ૯૦૦; લાકડાનું ખર્ચ રૂા. ૮૦૦; લોઢું રૂા. ૩૦૦; સુતાર રૂા ૩૦૦૦; કડિયા. રૂા. ૨૩૦૦ (૨) અંક-ગમ્મત: ૪૫૩×૬=૨૭૧૮ ૫૮૨ ×૩=૧૭૪૬; ૫૮×૩૭=૨૧૪૬, વગેરે ઘણી રીતે થઇ શકે. **(૩) એ શું?** સંખ્યા 'ચાર'—'**વિચાર'માં રહેલી** છે. (૨) જ્ઞાતિ—નાગર: તેમાં-તાર અને નાગ એ બે ભયંકર પ્રાણી. **(૪) શબ્દ-ગોઠવણ: અ**મર, **હ**રણ, **મ**ગર દરદ, **ન**રમ, **ગ**રજ, **ર**જત. **(૫) શબ્દ-ફેરવણી:** રાવણ, લવણ, લક્ષણ, રક્ષણ રક્ષક. **(૬)** આકૃતિ બાજુના ચિત્ર મુજબ.



નવા સવાલ

નીચેના સવાલોના જવાબ ૨૫મી નવેમ્બર સુધીમાં કુમાર કાર્યાલયમાં પહોંચાડવા જોઇએ.

(૧) ગણિત-ગમ્મત: જગુનો ને એના બાપાનો જન્મદિવસ એક જ દહાડે આવ્યા. જગુએ બાપાને કહ્યું, 'આજે તમારી ને મારી ઉમરનો સરવાળો કરીએ તો એકાવન થાય.' 'બરાબર' તેના બાપાએ કહ્યું; 'પણ તને બીજી ખબર છે? તું જ્યારે મારી અત્યારની ઉમરનો થઇશ ત્યારે તારી ને મારી ઉમરનો સરવાળો ૧૦૧ થશે?' તો જગુની ઉમર કેટલી?

(૨) શોધી કાઢો: નર્મદાશંકર, નરસિંહરાવ, બલવંતરાય, દલપતરામ, મણિશંકર-આ પાંચ કવિઓએ એક જાણીતા સ્વર્ગસ્થ સાક્ષર-વિવેચકના નામનો એકેક અક્ષર પોતાના નામમાં સંતાડી દીધો છે: તમે તે નવું નામ શોધી કાઢશો?

(૩) એ શું? એવું શું છે જેના પહેલા ભાગ વિના કોઇને ચાલતું નથી અને બીજો ભાગ એક શસ્ત્ર છે. બંને ભાગ ભેગા મળીને કુદરતનું એક સુંદર દૃશ્ય રજુ કરે છે.

(૪) શબ્દ-શંકુ: બાજુની આકૃતિમાં ૧-૨-૩, ૨-૪-૫ અને ૩-૫-૬ એમ ત્રણ શંકુ આપેલા છે. નીચેની સૂચના મુજબ તેની અંદર ખરેખરા શબ્દો ભરી કાઢશો એટલે ૧-૨-૪ અને ૧-૩-૬ લીટીઓમાં અનુક્રમે આપણું એક શહેર તથા આપણને સૌથી વધારે પ્રિય એવું એક નામ આવી જશે.

```
        ૧
      . . .
    ૨ . . . ૩
  . . . . . . .
૪ . . . ૫ . . . ૬
```


ઉપરનો શંકુ: પહેલો શબ્દ=એક સગાઇ; બીજો શબ્દ=પ્રધાન; ત્રીજો શબ્દ=નવી દુનિયા. ડાબી બાજુનો શંકુ: પહેલો અક્ષર ઉપરના શંકુમાં સમાઇ જાય છે; બીજો શબ્દ=મૂર્ખ; ત્રીજો શબ્દ=યુદ્ધ. જમણી બાજુનો શંકુ: પહેલો અક્ષર ઉપરના શંકુમાં સમાઇ જાય છે; બીજો શબ્દ=એક સતી; ત્રીજો શબ્દ=એક પ્રાચીન ઐતિહાસિક ધર્મપુસ્તક.

(૫) શબ્દ-સાંકળી: નીચેના અર્થવાળા પાંચ એવા શબ્દો શોધી કાઢો કે પહેલા શબ્દના છેલ્લા બે અક્ષરથી શરૂ થઇ અનુક્રમે નવા શબ્દો બનતા જાય. (૧) હિંદમાં નૂતન ધાર્મિક ભાવના પ્રકટાવનાર પુરુષ (૨) દેવોની વાડી (૩) એક પ્રાણી (૪) એક પ્રખ્યાત શહેર (૫) લીન (૬) હોંસાતોંસી.

(૬) શબ્દ-ગોઠવણ: બાજુની આકૃતિમાં નીચેના અર્થ પ્રમાણે શબ્દો આડા ભરી કાઢશો એટલે ચોકડીથી બતાવેલી ઊભી લીટીમાં એક ઉમદા સદ્ગુણ આવી જશે. મથાળાનો તથા છેલ્લો શબ્દ મળીને એક અંકસંખ્યા થાય છે. બીજો શબ્દ=એક ફૂલ; ત્રીજો શબ્દ હિંદનો પ્રિય વીર પુરુષ; ચોથો શબ્દ કાઢવા આપણે મથી રહ્યા છીએ.

```
    ×
  . × .
. . × . .
  . × .
    ×
```

(૭) બાજુના ચિત્રમાં બતાવેલી ત્રણ અભરાઈઓ ઉપર ત્રણ જુદાજુદા માપનાં ૨૦ વાસણ મૂકેલાં છે. તેને એવી રીતે ગોઠવ્યાં છે કે દરેકને દૂધથી ભરી કાઢીએ તો દરેક અભરાઇ પર સરખું જ દૂધ આવી રહે. જો સૌથી નાના વાસણમાં ત્રણ શેર દૂધ સમાતું હોય તો વીસેમાં મળી કેટલું દૂધ સમાતું હશે?



મા—તારું મોં તો ચોખ્ખું છે, પણ આ હાથ ક્યાં બગાડી આવ્યો?

દીકરો—એ તો મા, મેં મારું મોં લુછ્યું ને, તેમાં.



માધુકરી

ઝેર નથી કો વેર નથી, નથી અરિ પર કહેર ગુજરતો,
હાડ તૂટે કે શિર્ષ ફૂટે પણ, પાય અડગ ડગ ભરતોઃ જય જય ભારતે હો.
ઓ વીરા વીજળી સમ પડતી, શીશ તડોતડ લાઠી,
એ લાઠી જ થશે આખર તો, ભારતધ્વજની કાઠીઃ જય જય ભારતે હો.
મરવું છે જીવવાને માટે, લડવું છે ફરી ન્હાવા,
સ્નેહ ક્ષમા છે માનવ કેરી, માનવતા જ ગણાવાઃ જય જય ભારતે હો.
વિશ્વ સકળ ઝળકારી રહી આ, ભારતયજ્ઞની જ્વાળા,
જયોજયો ભડ અદલ વીરો, હો ભારતપથ રખવાળાઃ જય જય૦—**કવિ ખબરદાર**

પંજાબના 'ત્રિવેદી'



ખુદ કાઠિયાવાડીઓ અને ગુજરાતીઓ જેને આજે ભાગ્યે જ પિછાને છે એવા એક કાઠિયાવાડી યુવક શ્રી ત્રિવેદીને પંજાબ પ્રાંત આજે પોતાના કરી બેઠો છે. પંજાબભરમાં એ 'ત્રિવેદી'નું નામ એમણે રાષ્ટ્રકાર્યમાં અર્પેલી સેવાથી મશહૂર છે. એમનું આખું નામ તનસુખરામ અંબારામ ત્રિવેદી. ૨૩ વર્ષનો એ ઝાલાવાડી બ્રાહ્મણ યુવક નેશનાલિસ્ટ ગ્રૅજ્યુએટ થયો તે પહેલાં કુમાર વયથી જ તેની તેજસ્વી કારકીર્દિ શરૂ થએલી. સાહિત્યપ્રેમીઓ અને દેશસેવકોનો સંગ તે નાનપણથી જ શોધતો. બાર વર્ષની ઊગતી વયે એણે રાજકોટની પહેલી કાઠિયાવાડ રાજકીય પરિષદમાં ભાગ લીધો અને એની પ્રેરણાથી શાળાજીવનમાં અવનવી પ્રવૃત્તિઓ ઉપાડી હતી. સાદાઇ અને સ્વદેશીનો મંત્ર બહુ વહેલી વયથી એને અંતરે ઊતરી ગયો હતો.

આજે ચાર વર્ષથી તે પંજાબમાં વ્યાપારાર્થે જઇ વસ્યા છે; પણ એ બધો સમય દરમ્યાન વ્યાપાર કરતાં રાજકીય પ્રવૃત્તિનું સેવાકાર્ય જ એમના મુખ્ય વ્યવસાય જેવું થઈ ગયું છે. ૧૯૨૮ની શરૂઆતથી લાહોર કૉંગ્રેસના તે મુખ્ય કાર્યકર્તા થઈ રહ્યા છે. એ સાલનો ૩૦મી ઑક્ટોબરનો દિવસ તો ઇતિહાસમાં અમર બન્યો છે. સાયમન કમિશનનો વિરોધ કરનારા સરઘસને મોખરે ઊભેલા લાલાજી પર નોકરશાહીની વફાદાર પોલિસ તે દિવસે તૂટી પડી. એને પરિણામે લાલાજી જે ૧૮ દિવસ પછી શહીદ થયા તે, શ્રી ત્રિવેદી લાલાજીના અંગરક્ષક ન બન્યા હોત તો તે જ દિવસે શહીદ થાત. પોતાની છત્રી લાલાજીના શિર પર ધરી રાખી પોતે લાલાજીની ઢાલ બની એ ઘા ઝીલેલા. આ પછી તો એમણે અનેકગણા જોશથી રાષ્ટ્રકાર્ય ઉપાડ્યું. ૧૯૨૯માં લાહોરની મહાસભા વખતે સ્વયંસેવકદળની ભરતી માટે તેમણે ઘણી જહેમત ઉઠાવી અને તેના કવાયતી નાયક બન્યા. એ જ વખતે ત્યાં ભરાએલા 'હિંદુસ્તાની સેવાદળ'ના છઠ્ઠા વાર્ષિક સંમેલનના મંત્રી તરીકે તે ચુંટાયા અને બહુ જ પ્રશંસાપાત્ર કામ કર્યું.


૧૯૩૦માં સ્વાતંત્ર્યસંગ્રામ મંડાયો. ૧૨મી માર્ચે આખરી ફેંસલો કરવા ગાંધીજીએ આશ્રમ ત્યાગ્યો. ત્રિવેદી પણ નાના જથ્થા લઇ પંજાબનાં ગામડાંઓમાં રાષ્ટ્રકાર્ય-પ્રચાર અર્થે નીકળ્યા ને પંજાબી તથા ઉર્દૂ જબાનમાં પોતાની પ્રોત્સાહક વાણીથી લોકોને જગાડવા લાગ્યા. એમના કાર્યની સંગીન અસરે સરકારને સચેત કરી ને જૂન માસમાં બટાલા શહેરમાં સત્યાગ્રહાશ્રમ ખોલવા જતાં તેમને ગિરફતાર કરી બે માસની જેલ આપી. જેલમાં પણ પોતાની સત્યાગ્રહી વર્તણુકથી જેલરને મોંએ ખરા સત્યાગ્રહી તરીકેની એમણે પ્રશંસા મેળવી.

છૂટીને એ પાછા રાષ્ટ્રસેવામાં જ રત બની ગયા છે. પંજાબનાં સ્વયંસેવકોને સંભાળી લીધા છે; તેમને કવાયતી શિક્ષણ આપે છે; હિંદુસ્તાની સેવાદળના મુખ્ય મંત્રી તરીકેનું કામ કરે છે અને લાહોરની વૉર્ડ કૉંગ્રેસ કમિટીના તે પ્રમુખ પણ છે.

[શ્રી 'સુરેન્દ્રે' મોકલેલા પરિચય ઉપરથી તારવીને]

કાગળનું એરોપ્લેન

૮॥ અને ૧૧ ઇંચના હળવા વજનના કાગળનું એક મજાનું ઊડણિયું બનાવી શકાય છે. તેમાં ઝાઝું માપ કરવાનું નથી; તેમ જ ચોડવા કારવવાની પણ જરૂર પડતી નથી. અને છતાં આ નાનકડું એરોપ્લેન જોઇએ તેવું મજબૂત, અકસ્માતો ઝીલે એવું અને બહુવાર ઊડે એવું બને છે. એ કેમ બનાવવું તે તો નીચેનાં ચિત્રોથી આપમેળે સમજાય એવું જ છે.



હવે ઊડણિયું ચલાવવા માટે સૌથી છેલ્લા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પૂંછડી આગળ રાખી, વચલી આંગળી પાંખો વચ્ચે નાખી. ઝડપથી નીચે વળતું ફેંકવાનું છે; એટલે તે એક ગુલાંટ મારી ધીરેથી સીધું હવામાં ઊડતું જશે અને તે જોવામાં બહુ રસ પડશે. ('પૉપ્યુલર સાયન્સ'માંથી)

રશિયાનાં નવાં બાંધકામો

રશિયામાં આવતાં પાંચ વર્ષમાં જ ઔદ્યોગિક યોજનાઓ ઊભી કરવા પાછળ અનગળ પૈસા ખરચાવાના છે. 'ન્યૂ યૉર્ક ટાઇમ્સ' જણાવે છે કે ફક્ત વસ્તુઓ બનાવવાનાં કારખાનાં ખાતે જ ચાળીસ કરોડ પાઉંડ ખર્ચાશે! જોકે કેટલાક અનુમાન કરે છે કે એ આપેલી મુદ્દતમાં આ પ્રચંડ યોજનાઓ પાર પડી શકશે નહિ. પણ તુર્કસ્તાનથી સાઇબીરિયા સુધીની ૧૭૦૦ માઇલની રેલવે મુદ્દત કરતાં ત્રણ મહિના વહેલી તૈયાર થઇ ગઇ છે તે ઉપરથી સોવીએટ સરકારને હિંમત છે કે બધો ક્રમ વહેલો નહિ તો મુદ્દતસર તો પૂરો થઇ જશે જ. એ રેલવે બાંધવામાં બે કરોડ પાઉંડ ખર્ચ થયો છે અને એ બધું નાણું રશિયામાંથી જ ભેગું કર્યું હતું. આ રેલવેથી રશિયા અને તુર્કસ્તાન બંનેની સમૃદ્ધિ વધશે. તુર્કસ્તાનને ફરીથી ઘઉં અને ઇમારતી લાકડું મળશે અને પોતે દુનિયામાં સૌથી વધુ કપાસ ઉત્પન્ન કરનાર મથક બની શકશે.

આ પાંચ વર્ષની યોજનાનાં મહાન કામો પાર ઉતારવાને રશિયાએ પરદેશથી મોટા પગારદાર કારીગરો અને ઇજનેરો બોલાવ્યા છે. પરંતુ સોવીએટ સંસ્થાના માણસને તો વધુમાં વધુ ૨૫ પાઉંડનો માસિક પગાર જ મળે એવું નક્કી કર્યું છે! શેટોવ નામના એક રશિયન ઇજનેરે થોડાં વર્ષો પહેલાં ટ્રાન્સ સાઇબીરિયન રેલવે બાંધી હતી. એ ને એ ઇજનેર હમણાં બંધાએલી તુર્કસ્તાન સાઇબીરિયન રેલવે ઉપર હતો. જ્યારે રેલવે બંધાતી હતી ત્યારે કોઇ અમેરિકન પત્રકારે તેને પૂછ્યું કે 'તમારા હાથ નીચેના પરદેશી ઇજનેરો કરતાં યે ઓછા પગારે કામ પર રહેવાનું કારણ શું? એમાં તમને શો લાભ?' શેટોવના ચહેરા પર એ સાંભળીને ચમક ઊઠી: 'શો લાભ? આ ટ્રાન્સ સાઇબીરિયન રેલ રોડ બાંધવાની મજા મળે છે એ ઓછો લાભ છે?' આ ગંજાવર પાંચવર્ષી યોજના બાંધનારાઓનાં દિલમાં પૈસા ખાતર નહિ પણ રશિયા ખાતર કામ કરી રહ્યા છીએ એ જ ભાવના માત્ર પ્રકાશી રહેલી છે.

(ટ્રેઝર ચેસ્ટ)

આવળ

આવળનાં પીળાં ફૂલની પાંખડીઓ દેશી ગોળમાં મેળવી સવારસાંજ એકેક ગોળી ખાવાથી શૂળ મટે છે. કંપવા અથવા લકવા ઉપર આવળનાં ફૂલનું શાક ફાયદો કરે છે. શરીરે ખસ, ગડગુમડ, શીળસ, ચાંદા અથવા તો ઘ્રુજારા જેવું હોય તો ગરમ પાણીમાં આવળનાં પાન નાખી તે વડે હમેશાં નહાવાથી કંચનસમી કાયા થાય છે. શરીરનો અમુક ભાગ ધ્રૂજતો હોય તો તેને આવળના પાનના પાણીથી ઝારવામાં આવે તો આરામ થાય છે. પ્રમેહ અથવા મધુપ્રમેહમાં આવળનાં ફૂલ સાથે સુખડના તેલની ગોળીઓ આવે છે તે ગિલાવીને ખાવાથી તથા આવળના ફૂલનો ચા પીવાથી ફાયદો થાય છે. દાંત ઉપર છારી વળી હોય, મોં ગંધાતું હોય અથવા પેઢામાં દુખાવો થતો હોય તો, આવળની ડાળખીનું દાતણ, મીઠું અથવા કોલસાના બારીક ભૂકા સાથે કરવાથી મોંનાં દર્દો મટે છે ને દાંત સાફ તથા મજબૂત થાય છે. આવળ ભાંગ્યાં હાડ સાજાં કરે છે; આવળનો લેપ, આવળનો બાફ અતિ ગુણકારી છે. આવળ ત્રણ જાતની થાય છે તેમાં ગામના સીમાડે પીળા ફૂલ વાળી આવળ નજરે પડે છે તેના જ આ ઉપાયો સૂચવવામાં આવ્યા છે.

ડૉ. ગુલાબચંદ બાવીશી

પોતાના સદ્ગત ભાઇનો દોઢ કરોડનો વારસો મળવા છતાં, સગાંઓ ને મિત્રોના વૈભવ વસાવવાના આગ્રહને નકારીને મિલાનના એક યુવાન સુતારે જવાબ આપેલો કે 'મારે પારકા પૈસાના એવા નંદનવન જેવા મહેલ-મોટરના વૈભવ ન જોઇએ. હું તો મારી આ નાનકડી દુકાનમાં પહેલાંની જેમ બેસીને મારા વાંસલાવડે જ મારૂં ભવિષ્ય ઘડીશ.'

નામ ઉપરથી વિશેષણ બનાવવાના 'ઈય' પ્રત્યયમાં ઈ દીર્ઘ છે એટલું જો યાદ રાખવામાં આવે તો 'રમણીય' 'અનુકરણીય' 'રાષ્ટ્રીય' 'દ્વિતીય' વગેરે વિશેષણોમાં ઘણા હ્રસ્વ લખીને ખોટી જોડણી કરે છે તે ભૂલ કદિ ન થાય.

વંદા માખીઓ જેટલા ગંદા નથી હોતા; તેઓ માખીઓ પેઠે ગંદકી પર બેસતા નથી છતાં ઘરમાં બીજી રીતે પણ એમનો ત્રાસ તો હોય છે. કાચની એક ઊંચી બરણીમાં ત્રીજા ભાગ જેટલો ગોળ ભરવો. પછી જરા જાડો કાગળ, જમીનને અડતો રહે તેમ બરણીની આસપાસ વીંટી ગળા આગળથી બાંધી લેવો. ગોળની લાલચે વંદા તે ઉપર થઇ અંદર જશે, પણ પછી બહાર નહિ નીકળી શકે. પછી તો ગમે ત્યારે એ કેદીઓને તમે હદપાર કરી શકશો.

બાફેલાં બટેટાંની છાલ થોડા કોલસા પર રાત્રે બળતી રાખવાથી વંદા નાસી જશે, કેમકે એ વાસ તેમને મૂંઝવે છે.

વધારે પ્રમાણમાં ફટકડી નાખેલા ઊના પાણીના મિશ્રણથી કીડીઓનાં દર આગળ ધોવાણ કરવાથી કીડીઓ દૂર થશે


આવળનાં પાન દૂધમાં બાફીને બાંધવાથી દુખતી આંખ મટે છે. આવળનાં મૂળની છાલ ચાવીને બેત્રણ ઘૂંટડા ગળવાથી ઝાડો ને મરડો મટે છે.

લોઢાની ટાંકને લાંબો વખત પહોંચાડવી હોય તો શાહીના ખડિયામાં એક દિવસ લોઢાનો કકડો રાખી મૂકજો.

ઘરનો કચરો ભરવાનાં પીપ કે ડબ્બામાં બીજે ત્રીજે દહાડે નકામા કાગળના કટકા સળગાવી ધુમાડો કર્યા રહેજો એથી અંદરનાં નુકસાનકારક જંતુઓ નાશ પામશે ને ખરાબ વાસ દૂર થશે.

ધોવાનાં કપડાં બાફતી વખતે તેમાં છાલ સાથે કાપેલા લીંબુના થોડા કટકા નાખજો. આથી લુગડાંમાંના રીંઢા ડાઘ પણ નીકળી જઇને બહુ ચોખ્ખાં થશે.

પીપરમેન્ટના તેલની વાસ ઉંદરને ગમતી નથી. રસોડાના કોઠલા, હાંડિયાં, કબાટ વગેરેનાં બારણાંની પટીઓ ઉપર તે ભૂંસતા રહેવાથી ઉંદર પાસે નહિ ઢૂકે.



દેડકો: કરોળિયાજી, બહારથી હું આટલો રૂપાળો છું તો અંદર કેટલો બધો હોઈશ? મારા પેટમાં પ્રવેશ તો કરી જુઓ!

હિંદમાં સાઠ હજાર ગોરા સિપાઇઓનું લશ્કર છે.

અને કુલ ૧૫૬૬૩૦૭ અંગ્રેજો વસે છે.



ફ્રાંસની આ દાઢીમૂછવાળી સ્ત્રી માદામ -દલાઇત પારીસની મોંતમાત્રે હૉટેલ ચલાવતી તે ૭ વાર પરણી હતી. ઉપલું ચિત્ર તેના મૂળ ફોટોગ્રાફ પરથી આલેખેલું છે.

ખનીજ કોલસાની ભૂકી મીઠાના પાણીમાં ભીંજવી રાખવાથી સરસ અજવાળું તરીકે કામ લાગે છે.



બૅંગલોરની શાહી પશુશાળાની આ વિખ્યાત ગાય 'જિલ' ઉત્તમ ગોપાલનનો આદર્શ હતી. આયરશાયર અને હરિયાણા, એમ પૂર્વ-પશ્ચિમ ગો-કુલના મિશ્રણનું એ ફરજંદ ૧૯॥ વર્ષ જીવી તે દરમ્યાન તેણે ૧૭ વાછડાં અને ૧॥ લાખ રતલ દૂધ આપ્યું. એના રોજના દૂધની સરેરાશ ૪૧ રતલની આવે છે. બાજુના ચિત્રમાં ગાંધીજી ને માલવીયજી તેની પ્રશંસા કરતા પડખે ઊભા છે.